

પ્રાર્થનાસભા

મુકુલ
રાજેન્દ્રભાઈ ઠાકોર

અવતરણ : ૨૩-૦૩-૧૯૪૦
વિદાય : ૨૧-૦૧-૨૦૨૦

સખેદ જણાવવાનું કે અમારા કુટુંબના મોભી **શ્રી મુકુલ રાજેન્દ્રભાઈ ઠાકોર (એડવોકેટ)** નું તા.૨૧-૦૧-૨૦૨૦ને મંગળવારના રોજ દુઃખદ અવસાન થયું છે. પ્રભુને ગમ્યું તે ખરૂ.

:: સદ્‌ગતની પ્રાર્થનાસભા ::
તા.૨૩/૦૧/૨૦૨૦ને ગુરૂવારના રોજ બપોરે ૩.૩૦ થી ૬.૩૦ ના સમયગાળા દરમ્યાન નીચે જણાવેલ સ્થળે રાખેલ છે.

સ્થળ : પી. ડી. શ્રોફ રોટરી હોલ, એચ.આઈ. પટેલ રોટરી બુક સેન્ટર, એસ. ટી. ડેપોની સામે, સ્ટેશન રોડ, ભરૂચ (મો. ૯૮૨૪૧ ૮૩૬૯૪ / ૯૪૨૯૫ ૯૭૫૫૩)

સુલતા રાજેન્દ્રભાઈ ઠાકોર
દર્શના મુકુલભાઈ ઠાકોર

- ગૌરાંગ રાજેન્દ્ર ઠાકોર
- દેવાંગ રાજેન્દ્ર ઠાકોર
- ભાવિન મુકુલ ઠાકોર
- દિપેશ પંકજ ઠાકોર
- સાહિલ ભાવિન ઠાકોર
- કલ્પના ગૌરાંગ ઠાકોર
- મનીષા દેવાંગ ઠાકોર
- પાયલ ભાવિન ઠાકોર
- હિતેશા દિપેશ ઠાકોર
- તથા સૌ પરિવારજનો - ભરૂચ

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત



સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

- તંત્રી : ધનંજય ઝવેરી
- બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । ગુરુવાર । તા. ૨૩-૦૧-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 દીવ, દમણ અને દાદરા નગર હવેલીની રાજધાની બનશે દમણ

5 પરિશ્રમનું ફળ અવશ્ય મળે જ છે પરંતુ તેના માટે થોડી ધીરજ પણ ધરવી પડે

6 દિશા પટણી સાચે જ ફિટનેસમાં વિશ્વાસ રાખે છે

7 ૨૦૧૯માં ૫૬ પત્રકારોની હત્યા, ભારતમાં એકપણ બનાવ નહિ : યુએન

9 છેલ્લા ૫ વર્ષમાં બંદૂકના વેચાણમાં ૧૧૮ ટકાનો વધારો...

10 ચાલુ નાણાકીય વર્ષમાં ઉધના ઝોને રૂ. ૧૮૧.૮૨ કરોડનો વેરો વસૂલ્યો

11 બજાજ ફાઇ.ના નામે ઓળખ આપી લોન આપવાનું કહીને ૧૯ લાખની છેતરપિંડી

12 નર્મદા જિલ્લામાં માતા અને બાળ મરણનો આંકડો અન્ય જીલ્લાઓ કરતા વધતા ડીડીઓ લાલઘુમ

નાગરિકતા કાયદા પર રોક લગાવવા સુપ્રિમની 'ના'

સરકારના જવાબ બાદ પાંચ જજોની બેંચને કેસ સોંપાય તેવી શક્યતા

કેન્દ્રની વાત સાંભળ્યા વગર આદેશ નહીં, ૪ સપ્તાહમાં જવાબ આપે સરકાર: સુપ્રીમ કોર્ટ, દેશની તમામ હાઈકોર્ટ સીએએ સંલગ્ન મામલાઓની સુનાવણી ના કરે, હાલ કોઈ આદેશ આપવામાં આવશે નહિ, મોદી સરકારને રાહત



અરજદારોના વકીલોની દલીલો...

- *સિબ્બલ કહે છે કે આ કાયદાના અમલ માટે કોઈ નિયમો ઘડવામાં આવ્યા નથી અને છતાં યુપી પહેલાથી જ પ્રક્રિયા સાથે આગળ વધી રહ્યું છે. સિબ્બલે સૂચન કર્યું છે કે આ દરમિયાન, એનપીઆરની પ્રક્રિયા થોડા મહિનાઓ માટે મુલતવી રાખવામાં આવે.*
- *અભિષેક મનુ સિંઘવીએ કે.વી. વિશ્વનાથન દ્વારા ઉભા કરાયેલા "શંકાસ્પદ નાગરિક" નો મુદ્દો ઉઠાવ્યો હતો અને કોર્ટને કહ્યું હતું કે યુપીમાં પહેલાથી જ ઘણાં ઘરોમાં શંકાસ્પદ સ્થિતિનો સંકેત આપવામાં આવ્યો છે. સિબ્બલ ઉમેરે છે કે આ લોકો મતદાનનો અધિકાર ગુમાવી શકે છે.*

ન્યુ દિલ્હી

દેશમાં એક તરફ નાગરિકતા સંશોધિત કાયદો-સીએએની સામે ભારે વિરોધ થઈ રહ્યો છે ત્યારે આજે સુપ્રિમ કોર્ટમાં આ કાયદા સામે થયેલી અંદાજે ૧૪૦ કરતા વધુ રીટ અરજીઓની સુનાવણી દરમ્યાન સીજે એસએ બોબડે, જસ્ટિસ એસ અબ્દુલ નઝીર અને જસ્ટિસ સંજીવ ખન્ના એમ ૩ જજોની બનેલી બેન્ચે કાયદાના અમલ પર મનાઈ હુક્મની માંગણી અંગે કહ્યું કે, આ મામલે કેન્દ્ર સરકારનો પક્ષ પણ સાંભળવામાં આવશે. બંને પક્ષને સાંભળી ન લઈએ ત્યાં સુધી કાયદા પર પ્રતિબંધ ન લગાવી શકીએ. તેના પગલે કેન્દ્ર સરકારને રાહત મળી હતી. કોર્ટે સરકારને ૪ સપ્તાહમાં રીટ અરજીઓનો જવાબ આપવા આદેશ આપવાની સાથે સરકારના જવાબ બાદ સમગ્ર કેસની સુનાવણી માટે સીજેના નેતૃત્વમાં પાંચ જજોની બંધારણીય બેંચ રચવાનો નિર્દેશ આપીને આ મુદ્દે આસામ અને ત્રિપુરા માટે પણ સુનાવણી કરવાનો આદેશ આપ્યો હતો. તો દેશની વિવિધ હાઈકોર્ટમાં આ કાયદા સામે કોઈ રીટ થઈ હોય તો તેના પર હાલ કોઈ સુનાવણી નહીં કરવાનો આદેશ પણ સુપ્રિમ કોર્ટે આપ્યો હતો. નોંધનીય છે કે સમગ્ર દેશની અને જેઓ આ કાયદાનો વિરોધ કરી રહ્યાં છે તેમની નજર આજે સુપ્રિમ કોર્ટના કોઈ આદેશ પર ટિકાયેલી હતી. જો કે કોર્ટ કાયદાના અમલ સામે કોઈ મનાઈ હુક્મ આપશે એવી તેમની આશાઓ પૂર્ણ થઈ

અનુસંધાન પાના નં. ૮

પંચમાં રહેવા કેમ કોઈ તૈયાર થતું નથી ?

પોલીસના પંચો કોણ હોય છે? ગુનાની કે અકસ્માત મોતની તપાસ વેળાએ પોલીસે પંચનામાં કરવા પડે; તેમાં ઓછામાં ઓછા બે પ્રતિષ્ઠિત પંચ હોવા જરુરી છે. પંચનામાં વિનાની તપાસ હોઈ શકે નહી. પંચનામામાં તપાસ કરનાર અધિકારી તથા પંચોએ જે કંઈ જોયું હોય, અવલોકન કર્યું હોય, તે વિશે લેખિત યાદી તૈયાર કરવામાં આવે છે. સ્વતંત્ર પુરાવો એકત્ર કરવા માટે, તપાસને સમર્થન આપવા માટે પંચનામું કરવામાં આવે છે. એન્ટિ કરપ્શન બ્યૂરો/CID ક્રાઈમ/CBI તપાસમાં 'સરકારી' પંચો રાખે છે. સરકારી પંચો કોર્ટ સમક્ષ ફરતા નથી; જો ફરી જાય તો તેમની સામે ખાતાકીય શિક્ષાત્મક કાર્યવાહી થઈ શકે. જ્યારે રીક્ષાવાળા/ગલ્લાવાળા/છકડાવાળા/રેંકડીવાળા વગેરે પંચમાં હોય છે, તેને આરોપીના વકીલો ફેરવી નાંખે છે. પોલીસની મહેરબાનીની જરુર પડે એટલા માટે તેઓ પંચ માટે તૈયાર થાય છે. પોલીસ 'વંદે માતરમ', 'ભારત માતાકી જય'ના નારા બોલનારાઓને પંચમાં રહેવાનું કહે તો તૈયાર થતાં નથી ! પંચમાં રહેવા કેમ કોઈ તૈયાર થતું નથી ? મુખ્ય કારણો આ છે : [1] પોલીસનું તોછડું વર્તન. લોકો માને છે કે પોલીસની મથરાવટી મેલી છે; તેથી પોલીસથી દૂર સારા. [2] કોર્ટની મુદતે હાજર રહેવું પડે. કોર્ટના ધક્કા ખાવા પડે. [3] કોર્ટમાં સાક્ષીઓ/ પંચોને બેસવાની વ્યવસ્થા નથી હોતી. [4] આરોપીના વકીલોના સવાલોનો સામનો કરવો પડે. સરકારી વકીલ તરફથી માર્ગદર્શન મળતું નથી. [5] પોલીસ કે કોર્ટ તરફથી પંચની કદરનો અભાવ.

રીઢા ગુનેગારો પંચ/સાહેદ/ફરિયાદીના મર્ડર કરે છે; હાડકાં ભંગાવે છે. કોર્ટ સમક્ષ સત્ય રજૂ ન થાય તે માટે. પંચોને/સાહેદોને ફેરવી નાંખવાની મોડસ ઓપરેન્ડી પણ છે. ફરી જવાથી આરોપીને સજા થઈ શકતી નથી. એક વ્યક્તિ અનેક કેસમાં પંચ તરીકે હોય છે; એના કારણે કોર્ટ ટીકા પણ કરે છે. મોટા ભાગના કેસોમાં આરોપીને શંકાનો લાભ આપી કોર્ટ નિર્દોષ છોડી દે છે. કોઈનું મર્ડર થાય, જીવ જતો રહે, છતાં કોઈને સજા થતી નથી ! આવા કિસ્સામાં કોર્ટ શંકાનો લાભ આપી આરોપીને છોડી મૂકે ત્યારે મનમાં સવાલ ઊભો થાય છે કે કોઈક તો મર્ડર કરનાર હશેને? એ ગુનેગારને શોધવાનો કે નહીં? એ માટે કોઈની જવાબદારી થાય કે નહીં ? નાગરિકો જો પંચમાં રહે તો વિક્ટિમને ન્યાય મળે; આરોપીને સજા થાય. લોકો પંચમાં રહેવા તૈયાર થાય તે માટે પોલીસનું વર્તન સુધારવું પડે/કોર્ટની મુદતે હાજર રહે તે વખતે તેની જુબાની લેવાઈ જવી જોઈએ/કોર્ટમાં પંચો-સાહેદો-ફરિયાદી-તપાસ કરનાર અધિકારી માટે બેસવાની

અનુસંધાન પાના નં. ૮

જમ્મૂ-કાશ્મીર, પંજાબ, રાજસ્થાન, ગુજરાતની બૉર્ડર પર ૧૫ દિવસ માટે એલર્ટ

૨૬ જાન્યુઆરીએ આતંકી હુમલાનું જોખમ: ઑપરેશન સર્દ હવા શરૂ કરતી બીએસએફ

ન્યુ દિલ્હી

ગણતંત્ર દિવસ (૨૬ જાન્યુઆરી)ના રાષ્ટ્રીય પર્વ પર સમગ્ર દેશને એલર્ટ કરવામાં આવ્યો છે. તેમાં પણ ખાસ કરીને આંતરરાષ્ટ્રીય બોર્ડરની સુરક્ષા વધારવામાં આવી છે. ભારત-પાકિસ્તાન બોર્ડર પર બોર્ડર સિક્યોરિટી ફોર્સને 'ઓપરેશન સર્દ હવા' શરુ કર્યુ છે.

તેના માટે જમ્મુ-કાશ્મીર, પંજાબ, રાજસ્થાન અને ગુજરાતની બોર્ડર પર ૧૫ દિવસ માટે એલર્ટ જાહેર કર્યુ છે. કોઈપણ રીતે આતંકી હુમલાનો સામનો કરવા માટે બીએસએફ બોર્ડર પર સૈનિકોની સંખ્યા વધારી દેવામાં આવી છે. ગુપ્ત અહેવાલ મુજબ, આ ૨૬ જાન્યુઆરીએ પાકિસ્તાન ૬ રીતે સરહદ પર હુમલો કરી શકે છે.

પાકિસ્તાન આતંકવાદી લોંચ પેડથી મસરુર મોટા ભાઈ દ્વારા અફઘાનિસ્તાન અને તાલિબાની આતંકવાદીઓ ઘુસણખોરી કરી શકે છે. પાકિસ્તાન રેન્જર્સ આ આતંકવાદીઓને મદદ કરી રહ્યું છે.

પાકિસ્તાન ડ્રોન દ્વારા હથિયાર પણ મોકલી શકે છે. બીએસએફ સુત્રા અનુસાર, આતંકી કમાન્ડર

અનુસંધાન પાના નં. ૮

ગગનયાન મિશન પહેલા ઈસરો બોલતો રોબોટ વ્યોમમિત્રાને અવકાશમાં મોકલશે

ન્યુ દિલ્હી

ભારતીય અંતરિક્ષ એજન્સી ઈસરોનું ગગનયાન મિશન ડિસેમ્બર ૨૦૨૧માં લૉન્ચ કરવામાં આવશે, પરંતુ આ પહેલા બે માનવરહિત મિશન થશે. પહેલું મિશન આ વર્ષે ડિસેમ્બરમાં થશે. આ મિશનમાં એક મહિલા રોબોટને ગગનયાનમાં બેસાડીને અંતરિક્ષમાં મોકલવામાં આવશે. ઈસરોએ બુધવારે માનવરહિત અંતરિક્ષ મિશન ગગનયાનમાં મોકલવામાં આવનાર હ્યૂમનોઈડ વ્યોમમિત્રાનો વીડિયો જાહેર કર્યો.

ઈસરોના વૈજ્ઞાનિક સૈમ દયાલે કહ્યું કે હ્યૂમનોઈડ મનુષ્યોની જેમ જ વ્યવહાર કરવાનો પ્રયાસ કરશે અને આપણને પરત રિપોર્ટ કરશે. આ અમે એક પ્રયોગ તરીકે કરી રહ્યા છીએ. ૧૯૮૪માં રાકેશ શર્મા રશિયાના અંતરિક્ષ યાનમાં બેસીને અંતરિક્ષ ગયા હતા. આ વખતે ભારતના એસ્ટ્રોનોટ્સ ભારતના અંતરિક્ષ યાનમાં બેસીને સ્પેસમાં જશે. જીઈ ચીફ સિવને કહ્યું કે, "ગગનયાનના અંતિમ મિશનથી પહેલા ડિસેમ્બર ૨૦૨૦ અને જુલાઇ ૨૦૨૧માં અંતરિક્ષમાં મનુષ્ય જેવા રોબોટ

અનુસંધાન પાના નં. ૮



પૃથ્વીથી ૪૦૦ કિમી ઉપર અંતરિક્ષમાં ૭ દિવસની યાત્રા

કેન્દ્રિય મંત્રી જિતેન્દ્ર સિંહે જણાવ્યું કે, "આપણા ગગનનૉટ્સની ટ્રેનિંગ રશિયામાં ૧૧ મહિના ચાલશે. ત્યારબાદ તેઓ ભારત આવીને કૂ મૉડ્યૂલની ટ્રેનિંગ લેશે. આ ટ્રેનિંગ બેંગલુરુની પાસે ચલકેરામાં થવાની સંભાવના છે." ગગનયાન મિશન અંતર્ગત ઈસરો ત્રણ અંતરિક્ષત યાત્રીઓને પૃથ્વીથી ૪૦૦ કિમી ઉપર અંતરિક્ષમાં ૭ દિવસની યાત્રા કરાવશે. આ અંતરિક્ષ યાત્રીઓને ૭ દિવસ માટે પૃથ્વીની લૉ-ઑર્બિટમાં ચક્કર લગાવવાનાં રહેશે. આ મિશન માટે ઈસરોએ ભારતીય વાયુસેનાને અંતરિક્ષ યાત્રી પસંદ કરવા કહ્યું છે.

ભરૂચ જિલ્લામાં ડિજી વિજી.ની ફરી થઈ રેડ

અત્રે જોવું રહ્યું કે જિલ્લાની આ રેડ બાદ ક્યાંક જિલ્લા પોલિસ અધિક્ષક સમગ્ર એલસીબી બરખાસ્ત કરે તેવી શકયતા નકારી ન શકાય

ભરૂચ જિલ્લાના વાલિયા પોસ્ટે.ની હદમાં ફરી એક વાર રાજયની ડિજી.વિજીલિયન્સની રેડ માં સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર પચાસ પેટી જુદી જુદી બ્રાન્ડનો ભારતીય બનાવટ નો વિદેશી દારૂ પકડાતા સમગ્ર જિલ્લામાં સોંપો પડી ગયો છે.આ અગાઉ પણ ડિજી વિજી.ની રેડ થતા તત્કાલીન નવનિયુકત પીઆઇ પરમારનો ભોગ લેવાયાની સહી હજી સુકાઈ નથી અને ત્યારબાદ જિલ્લા પોલિસ અધિક્ષક દ્વારા કેટલાક પોલીસ કર્મીઓની બદલી પણ કરાઈ હતી ત્યાં ફરી એકવાર છેક ગાંધીનગરથી આવેલ ટિમ દ્વારા ફરી વાર કવોલિટી કેસ થતા જિલ્લાના અધિકારીઓ અસમંજસ માં મુકાય એ સ્વભાવિક છે કે શું ફરી એક વાર સ્થાનિકનો ભોગ લેવાશે? અત્રે ઉલ્લેખનીય છે જે ગાંધીનગરની ટિમ ચોક્કસ નિશાન પર ત્રાટકે છે તો જિલ્લા એલસીબીને આવી બાતમી નથી મળતી? ચર્ચાય છે જે જિલ્લાના માથા ફરેલ બુટલેગરો બતમીદારને નિશાન બનાવે છે ત્યારે બતમીદારનો કોઈ બેલી થતું નથી જેથી હવે ક્યાંક બાતમીદારોએ બાતમી સ્થાનિકને બદલે ગાંધીનગર આપવાનું તો નક્કી નથી કર્યુંને?

- ધનંજય ઝવેરી (૯૯૭૮૫૦૬૨૫૭)

વધુ વિગત માટે જોતા રહો જંગ એ ગુજરાત ન્યૂઝ

જનરલ સુલેમાનીની હત્યાથી નારાજ નેતાની સંસદમાં જાહેરાત

ટ્રમ્પની હત્યા કરનારને રૂ. ૨૧ કરોડનું ઈનામ આપશે: ઈરાન સાંસદનું એલાન

તહેરાન

ઈરાનના એક સાંસદે અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની હત્યા માટે રૂ. ૨૧ કરોડનું ઈનામ જાહેર કર્યું છે. ઈરાનના કહ્યુજ શહેરથી સાંસદ અહમદ હામજેએ કહ્યું છે કે, આ ઈનામ કેરમાનના લોકો તરફથી હશે. કેરમાન તે જ જગ્યાએ છે જ્યાં જનરલ કાસિમ સુલેમાનીને દફન કરવામાં આવ્યા છે. સાંસદ જનરલ સુલેમાનીના મોતથી ખૂબ ગુસ્સે છે. તેથી તેમણે સંસદ (મજલિસ)માં ભાષણ દરમિયાન ટ્રમ્પની હત્યા કરનારને ઈનામ આપવાની જાહેરાત કરી છે.

હામજેએ સંસદમાં ત્યાં સુધી કહી દીધું છે કે, ઈરાને પોતાની સુરક્ષા માટે પરમાણુ હથિયાર બનાવવાની શરૂઆત કરી દેવી જોઈએ. આપણી પાસે જો આજે પરમાણુ હથિયાર હોત તો આપણે જોખમ સામે સુરક્ષીત હોત. હવે આપણે એવી લોંગ રેન્જ મિસાઈલ બનાવવી જોઈએ જે પરમાણુ હથિયારને પોતાની સાથે લઈ જઈ શકે. આપણી સુરક્ષાનો આપણને અધિકાર છે.

યુએનમાં અમેરિકાના નિસસ્ત્રીકરણ મામલે એમ્બેસેડર રોબર્ટ વુડે હામજેના નિવેદનને વખોડી દીધું છે. જેનેવામાં મીડિયા

અનુસંધાન પાના નં. ૮



મોદી કેબિનેટે કર્યો મોટો નિર્ણય

દીવ, દમણ અને દાદરા નગર હવેલીની રાજધાની બનશે દમણ

હવે આ કેન્દ્ર શાસિત પ્રદેશમાં પણ લાગૂ થશે જીએસટી,જીએસટી કલેક્શન લક્ષ્યને ૧૦,૦૦૦ કરોડ રૂપિયા સુધી વધાર્યું

ન્યુ દિલ્હી

કેન્દ્ર શાસિત પ્રદેશ દમણ દીવ અને દાદરા નગર હવેલીની રાજધાની દમણ હશે. આ નિર્ણય મોદી કેબિનેટની બુધવારે યોજાવેલી બેઠકમાં લેવામાં આવ્યો છે. થોડા સમય પહેલા બંન્ને કેન્દ્ર શાસિત પ્રદેશોને ભેગા કરીને એક પ્રદેશ બનાવવામાં આવ્યો હતો. આ સિવાય મોદી કેબિનેટને પછાત જાતિ (ઓબીસી) આયોજના કાર્યકાળને ૬ મહિના માટે વધારી દીધો છે.

દમણ-દીવના વિલય બાદ હવે દેશમાં આઠ કેન્દ્ર શાસિત પ્રદેશ હશે. આ પહેલા જમ્મૂ-કાશ્મીર અને લદ્દાખની રચના બાદ દેશમાં કેન્દ્ર શાસિત પ્રદેશોની સંખ્યા ૯ થઈ ગઈ હતી. આ વિલય બાદ વધુ એક સંખ્યા ઘટીને આઠ થઈ જશે. મહત્વનું છે કે સરકારનું આ પગલું બંન્ને ક્ષેત્રના પ્રશાસનને સારો બનાવવાના મેનેજમેન્ટ હેઠળ લેવામાં આવ્યો છે.

તમને જણાવી દઈએ કે સરકારે જાન્યુઆરી અને ફેબ્રુઆરી માટે જીએસટી કલેક્શન લક્ષ્યને ૧૦,૦૦૦ કરોડ રૂપિયા સુધી વધારી દીધું છે. ટેક્સ ડિપાર્ટમેન્ટને જાન્યુઆરી અને ફેબ્રુઆરી બન્ને મહિનાઓ માટે જીએસટી કલેક્શન લક્ષ્ય વધારીને ૧.૧૫ લાખ કરોડ રૂપિયા કરી દીધું છે. ત્યારે માર્ચ માટે આ ૧.૨૫ લાખ કરોડ રૂપિયા સુધી નક્કી કરવામાં આવ્યું હતું.

કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડકરે કહ્યું કે, કેન્દ્રીય મંત્રીમંડળે ૨૦૨૧-૨૦૨૨ સુધીના સમયગાળા માટે ૪૩૭૧.૯૦ કરોડ રૂપિયાના કુલ ખર્ચ પર નવી રાષ્ટ્રીય ટેક્નોલોજી સંસ્થાઓ (એનઆઈટી)ના પરિસરોની સ્થાપના માટે સંશોધિત ખર્ચ અનુમાનને મંજૂરી આપી દેવામાં આવી છે. મહત્વનું છે કે એનઆઈટીની સ્થાપના વર્ષ ૨૦૦૯માં કરવામાં આવી હતી અને તેણે પોતાના અસ્થાઈ પરિસરમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૦-૨૦૧૧થી ખૂબ સીમિત જગ્યા અને પાયાની સુવિધા સાથે કામ કરવાનું શરૂ કર્યું હતું. તે માર્ચ ૨૦૨૨ સુધી પોતાના સંબંધિત સ્થાઈ પરિસરોથી સંપૂર્ણ રીતે કાર્યાત્મક થઈ જશે.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, આર્થિક મામલાની મંત્રીમંડળીય સમિતિએ રસાયણ અને પેટ્રો રસાયણ વિભાગ હેઠળ એક કેન્દ્રીય જાહેર ક્ષેત્રના હિન્દુસ્તાન ફ્લોરોકાર્બન લિમિટેને બંધ કરવાની મંજૂરી આપી દીધી છે.



કાશ્મીરની રાજધાની શ્રીનગરમાં ઝુબેર અહમદ નામના યુવકે રસ્તા પર બનાવેલી સ્નો કાર જોવા શહેરના લોકો ઉપરાંત દુર-દુરના લોકો પહોંચી રહ્યા છે. બાળપણથી લલિત કળાનો શોખીન ઝુબેર બરફની અવનવી કળાકૃતિઓના સર્જન માટે પ્રયત્નશીલ છે. શિયાળુ બરફની મોટરકાર બનાવવામાં ઝુબેરને મિત્રોએ પણ મદદ કરી છે. ઝુબેરને જો સાધનો અને સહાય મળે તો બરફનો તાજમહેલ પણ બનાવવા ઉત્સુક છે. કાશ્મીર ખીણ પ્રદેશમાં ૨૧ ડિસેમ્બરથી ૩૧ જાન્યુઆરી સુધી ભારે હિમવર્ષા થાય છે. એ દિવસો સ્થાનિક ભાષામાં ચિલ્લે કલાં નામે ઓળખાય છે.

કોરોના વાયરસ અમેરિકા પહોંચ્યો,ભારતમાં એલર્ટ

ચીનના કોરોના વાયરસથી વિશ્વભરમાં હાહાકાર, મૃત્યુઆંક ૯એ પહોંચ્યો



બીજિંગ

ચીનમાં હાલમાં ખૂબ જ ઝડપથી કોરોના વાયરલ ફેલાઈ રહ્યો છે, જેના કારણે ત્યાં લોકોને સાર્સ નામની બીમારી થઈ રહી છે. કોરોના વાયરસના કારણે ચીનમાં અત્યાર સુધી ૯ લોકોનાં મોત થયા છે અને ૪૪૦ લોકો તેનાથી પ્રભાવિત છે. આ વાયરસ ચીનના વુહાન શહેરથી ફેલાઈને હવે અમેરિકા સુધી પહોંચી ગયો છે. અમેરિકાના સ્વાસ્થ્ય અધિકારીઓએ મંગળવારે ચીનમાં ફેલાયેલા નવા વાયરસનો પહેલો કેસ નોંધાયો હોવાનો જાણકારી આપી છે. અધિકારીએ જણાવ્યું કે, પીડિતની ઉંમર ૩૦થી ૩૫ વર્ષની વચ્ચે છે અને તે વુહાનથી અમેરિકા આવ્યો છે. જોકે, તે વુહાનના સીફુડ બજારમાં નહોતો ગયો જે વાયરસ સંક્રમણનું કેન્દ્ર છે. તેઓએ જણાવ્યું કે, વ્યક્તિ ગંભીર સ્થિતિમાં નથી, તેને તકેદારીના ભાગરૂપે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.

આ વાયરસને ધ્યાને લઈ ભારતમાં પણ કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયની એડવાઈઝરી બાદ નાગરિક ઉડ્ડયન મંત્રાલયે તમામ એરપોર્ટ્સને ચીનથી આવતાં મુસાફરોની તપાસ કરવાના નિર્દેશ આપ્યા છે. કોરોના વાયરસના સ્ક્રીનિંગ માટે તમામ એરપોર્ટ્સને તાત્કાલીક લૉજિસ્ટિક સપોર્ટની વ્યવસ્થા ઊભી કરવા માટે કહેવામાં આવ્યું છે. જે મુસાફરોનું સ્ક્રીનિંગ કરવામાં આવી રહ્યું છે તેમાં હોંગકોંગથી ભારત પહોંચનારા પ્રવાસી પણ સામેલ છે.

કોરોના વાયરસ શું છે?

યુએસ સેન્ટર ફોર ડિસિઝ કન્ટ્રોલ એન્ડ પ્રિવેન્શન મુજબ, કોરોના વાયરસ અનેક વાયરસોનો સમૂહ છે. જે સામાન્ય રીતે પ્રાણીઓમાં જોવા મળે છે. વૈજ્ઞાનિકો આ વાયરસને 'ઝૂનોટિક' તરીકે ઓળખે છે, એટલે કે આ વાયરસ પ્રાણીઓમાંથી માણસમાં આવ્યો છે. વાયરસ પ્રાણીઓના સંપર્કથી કે પછી ઉધરસ, છીંકથી ફેલાય છે.

ઈમરાનની હાજરીમાં ટ્રમ્પ ઉવાચ: હું પાકિસ્તાન નથી જવાનો

ભારતની મનાઈ છતાં ટ્રમ્પે કાશ્મીર મામલે મધ્યસ્થી કરવા ધરાર તૈયારી બતાવી

કાશ્મીર મુદ્દે શક્ય હશે તે મદદ કરીશું, બંને દેશોના સંબંધો પર અમારી નજર: ટ્રમ્પ

દાવોસ

સ્વિત્ઝરલેન્ડમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમના સમ્મેલનથી અલગ મંગળવારે પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે મુલાકાત કરી હતી. આ મુલાકાત દરમિયાન બન્ને નેતાઓએ દ્વીપક્ષીય કારોબાર ઉપરાંત કાશ્મીર મુદ્દે પણ ચર્ચા કરી હતી. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે કાશ્મીરની સ્થિતિ પર તેઓ ઝીણવટભરી નજર રાખી રહ્યા છે. આ મુલાકાતમાં ટ્રમ્પે કાશ્મીર મામલે 'મદદ' કરવાનો પ્રસ્તાવ પણ રજૂ કર્યો હતો.

ટ્રમ્પ તરફથી કરાયેલા નવા પ્રસ્તાવને ફરીથી કાશ્મીર મામલે મધ્યસ્થતાની દૃષ્ટિએ જોવામાં આવે છે. અગાઉ પણ ટ્રમ્પ કાશ્મીર મામલે મધ્યસ્થી કરવાનો પ્રસ્તાવ કરી ચુક્યા છે. ગત વર્ષે ઈમરાન અને ટ્રમ્પ વચ્ચેની મુલાકાત વખતે પણ યુએસ પ્રેસિડેન્ટે આવો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. જો કે ભારતે આ પ્રસ્તાવને ફગાવી દીધો હતો.



પાક. વડાપ્રધાન ઈમરાન સાથે મુલાકાતમાં ટ્રમ્પે જણાવ્યું કે, 'અમે વધુ વ્યવસાય કરી રહ્યા છીએ અને અન્ય કેટલાક મુદ્દાઓ પર પણ સાથે મળીને કામ કરી રહ્યા છીએ. અમે કાશ્મીર મામલે પણ વાત કરી છે કે ભારત અને પાકિસ્તાન વચ્ચે અહીં શું થઈ રહ્યું છે. અમારી નજર રહેલી છે અને ગતિવિધી પર ઝીણવટભરી નજર રહેલી છે. જો અમે કંઈક મદદ કરી શકીએ તેમ હોય તો, અવશ્ય કરીશું.'

કાશ્મીર મુદ્દે ભારત અને પાકિસ્તાન વચ્ચે મધ્યસ્થીની ઈચ્છા વ્યક્ત કરી ચુકેલા ટ્રમ્પે દાવોસમાં પણ આ મુદ્દે ભારત અને પાક.ની મદદ કરવા તૈયારી દર્શાવી છે. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે, શું આગામી સમયમાં તેઓ પાકિસ્તાન મુલાકાતે જશે તો તેમણે કહ્યું કે, હાલ તેઓ (ટ્રમ્પ અને ઈમરાન) સાથે-સાથે બેઠા જ છે. ફેબ્રુઆરીમાં ભારતની મુલાકાત હું લઉં ત્યારબાદ પાકિસ્તાન જવાનો નથી.

ઉલ્લેખનીય છે કે અગાઉ ગત સપ્ટેમ્બરમાં ડોનાલ્ડ ટ્રમ્પે સંયુક્ત રાષ્ટ્ર મહાસભાને સંબોધિત કર્યા બાદ એક સમ્મેલનમાં જણાવ્યું હતું કે, 'પાકિસ્તાન અને ભારતના સંબંધો વિશે અમે કાશ્મીર મુદ્દે વાત કરી છે અને અમેરિકા જે મદદ કરી શકે છે તેનો પ્રસ્તાવ કર્યો છે અને મધ્યસ્થી માટે પણ તૈયાર છે. હું જે કરી શકું તેમ છું તે કરીશ, આ અત્યંત ગંભીર પરિસ્થિત છે અને આશા છે કે બધું સારું થઈ જશે.' ભારતે કાશ્મીર મુદ્દે પોતાનું સ્પષ્ટ વલણ વિશ્વ સમક્ષ જાહેર કરી દીધું છે. ભારતના મતે કાશ્મીર ભારત અને પાકિસ્તાનનો દ્વીપક્ષીય મુદ્દો છે અને તે પરસ્પર વાતચીતથી જ ઉકેલાઈ શકે છે. ભારત કાશ્મીર મામલે કોઈ ત્રીજા પક્ષની મધ્યસ્થી નથી ઈચ્છતું. શરૂઆતથી જ ભારતે ત્રીજા પક્ષની ભૂમિકાનો વિરોધ વ્યક્ત કર્યો છે.

ભારત પીઓકે પર કબ્જો કરવાની ફિરાકમાં...!

155 MM શારંગ તોપનું જબલપુરમાં સફળ પરિક્ષણ

ભોપાલ

પાકિસ્તાન અને ચીનને જવાબ આપવા માટે ભારતે સૌથી મોટી અને ઘાતક તોપ વિકસાવી છે. દેશની સૌથી મોટી તોપ શારંગનું સફળ પરિક્ષણ પણ કરી લેવામાં આવ્યું છે. ઓર્ડિનેંસ ફેક્ટ્રી કાનપુર દ્વારા બનાવવામાં આવેલી ૧૫૫ એમએમની શારંગ તોપનું મધ્ય પ્રદેશના જબલપુરના ખમરિઈયા રેંજમાં સફળ પરિક્ષણ કરવામાં આવ્યું.

લગભગ ૩૬ કિલોમીટર સુધી પ્રહાર કરવામાં સક્ષમ શારંગ તોપના સફળ પરિક્ષણ સાથે તેને સેનામાં શામેલ ,કરવાનો માર્ગ પણ મોકળો બની ગયો છે. આ અગાઉ જ ભારત કે૯ વજ્ર-ટી, ધનુષ અને અમેરિકા દ્વારા બનાવવામાં આવેલી સ્-૭૭૭ તોપોને સેનામાં શામેલ કરી ચુક્યું છે. આ તોપો દ્વારા હવે ભારત પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં પ્રવેશ્યા વગર જ લગભગ ૪૦-૫૦ કિલોમીટર વિસ્તારને સરળતાથી પોતાનું નિશાન બનાવી શકે છે.

ભારતે સૈન્ય માટે વધુ એક ઘાતક તોપ વિકસાવી છે. તેનું નામ ભગવાન વિષ્ણુના ધનુષ શારંગના નામ પરથી રાખવામાં આવ્યું છે. આ વર્ષે જ શારંગ નામની ૩૦ તોપ ભારતીય સૈન્યમાં શામેલ કરવામાં આવી શકે છે.

શારંગ તોપ એક જ વરમાં ત્રણ ગોળા છોડવામાં સક્ષમ છે. શારંગને ૧૩૦ એમએમની એમ-૪૬ તોપને રિગ્રેડ કરીને બનાવવામાં આવી છે. એમ-૪૬ તોપની મારક ક્ષમતા ૨૭ કિલોમીટરની હતી તો શારંગની ક્ષમતા ૩૬ કિલોમીટર છે. એટલુ જ નહી આ તોપ અગાઉ કરતા હવે વધારે વિનાશ પણ વેરી શકે છે. નિષ્ણાંતોના જણાવ્યા પ્રમાણે એમ-૪૬ના ગોળામાં ૩.૪ કિલો ટીએનટીનો ઉપયોગ કરવામાં આવતો હતો જ્યારે શારંગના ગોળામાં ૮ કિલો ટીએનટીનો ઉપયોગ કરવામાં આવે છે. વધારે ટીએનટીનો અર્થ કે વધારે વિનાશ. શારંગ તોપનું વજન લગભગ ૮.૪ ટન છે અને તેના બેરલની લંબાઈ ૭ મીટર છે. આ ગન પણ હવે સેમીઓટોમેટિક છે. હવે તોપમાં ગોળા નાખવામાં પણ ક્રુ મેંબરને ઘણું સરળ રહેશે.

પહેલા તબક્કામાં ૩૦ અને બીજા તબક્કામાં ૭૦ જ્યરે આગામી તબક્કામાં ૧૦૦-૧૦૦ તોપનું નિર્માણ કરવામાં આવશે. ૨૦૨૨ સુધીમાં ૩૦૦ શારંગ તોપોનું નિર્માણ કરવામાં આવશે. એક શારંગ તોપ બનાવવામાં લગભગ ૭૦ લાખ રૂપિયાનો ખર્ચ થાય છે. શારંક સંપૂર્ણ રીતે સ્વદેશી છે.

પ્રખ્યાત એટલાસ સાઈકલનાં માલિક સંજય કપૂરની પત્નીએ કરી આત્મહત્યા

ન્યુ દિલ્હી

ભારતની પ્રખ્યાત સાઈકલ કંપની એટલાટના માલિકમાંથી એક સંજય કપૂરની પત્ની નતાશા કપૂરનું (ઉં.વ. ૫૭) મંગળવારે બપોરે શંકાસ્પદ હાલતમાં મૃત મળી આવ્યા છે. પ્રાથમિક તપાસમાં નતાશા કપૂરે આપઘાત કર્યો હોવાની આશંકા સેવાઈ રહી છે. નતાશા કપૂરનો મજતદેહ જે રુમમાંથી મળી આવ્યો છે તે રુમ ખુલ્લો હોવાની વિગતો સામે આવી રહી છે. હાઈપ્રોફાઈલ કેસ હોવાનાં કારણે પોલીસ દ્વારા રૂમનો દરવાજો ખુલ્લો હોવા જેવી સંગ્ધિત બાબતોને ધ્યાનમાં રાખી આ કેસમાં અલગ અલગ એંગલથી તપાસી શરુ કરીછે.

મળતી માહિતી પ્રમાણે ઘટનાસ્થળેથી કોઈ પણ પ્રકારની સુસાઈડ નોટ મળી આવેલી નથી. પોલીસને જોકે, ઘરના મંદિરમાંથી એક પત્ર મળ્યો છે. પત્રમાં લખ્યું છે કે તે(નતાશા) પોતાની જિંદગીથી ખુશ નહોતી. પ્રથમ દૃષ્ટીનાં આધાર સાથે પોલીસના કહેવા પ્રમાણે આપઘાતનું કારણે આર્થિક તંગી હોઈ શકે છે. આ મામલે નવી દિલ્હીના તુગલક રોડ થાણા પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. નતાશાના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે દિલ્હીની આરએમએસ હોસ્પિટલ ખાતે મોકલી દેવામાં આવ્યો છે. પોલીસ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે પોસ્ટમોર્ટમ રિપોર્ટ પછી જ નતાશાનાં મોતનું સાચું કારણ જાણવા મળશે.

આપને જણાવી દઈએ કે, એટલાસ કંપનીના માલિક કપૂર પરિવાર ઔરંગઝેબ લેનમાં રહે છે. સંજય કપૂર પણ અહીં પરિવાર સાથે રહે છે. મંગળવારે બપોરે જ્યારે તેમની પત્ની નતાશા બપોરે જમવા ન આવતા પરિવારે તેમની શોધખોળ શરૂ કરી હતી. પુત્ર સિદ્ધાંત કપૂરે ફોન કર્યો તો તેમણે ફોન ઉપાડ્યો ન હતો.

ધ ઈકોનોમિસ્ટના રિપોર્ટમાં ભારતનો ક્રમ ૧૩ વર્ષના નીચલા સ્તરે

મોદી સરકારને મોટો ઝટકો: ડેમોક્રેસી મામલે ભારતની પીછેહઠ

કાશ્મીર-સીએએ લીધે ડેમોક્રેસી ઈન્ડેક્સમાં ભારત ૧૦ સ્થાન નીચે સરક્યું,૨૦૧૪માં સ્કોર ૭.૯૨ હતો જે ૨૦૧૯માં ૬.૯ થયો

વૉશિંગ્ટન/ન્યુ દિલ્હી

ભારત ડેમોક્રેસી ઈન્ડેક્સમાં ૧૦ પોઈન્ટ નીચે પહોંચીને ૫૧મી પોઝિશન પર આવી ગયું છે. ૨૦૧૯માં ભારતનો ડેમોક્રેસી સ્કોર ૬.૯ રહ્યો જે ૧૩ વર્ષમાં સૌથી નિચલા સ્તરે છે. ધ ઈકોનોમિસ્ટે મંગળવારે ૧૬૫ દેશોની ડેમોક્રેસી લિસ્ટ જાહેર કરી. આ રિપોર્ટ પ્રમાણે કાશ્મીરમાંથી અનુચ્છેદ ૩૭૦ હટાવવા તેમજ નાગરિકતા સંશોધન કાયદો લાગૂ કરવાના લીધે ભારતના ડેમોક્રેસી સ્કોરમાં પછડાટ આવી છે.

ધ ઈકોનોમિસ્ટે ૨૦૦૬માં ડેમોક્રેસી ઈન્ડેક્સ જાહેર કરવાનું શરૂ કર્યું હતું. ત્યારથી અત્યાર સુધી ૧૩ વર્ષમાં ભારતનો આ સૌથી ઓછો ડેમોક્રેસી સ્કોર છે. ૨૦૧૪માં સૌથી વધારે ૭.૯૨ હતો. ડેમોક્રેસી ઈન્ડેક્સ ચૂંટણી પ્રક્રિયા અને અનેકતાની સ્થિતિ, સરકારની કાર્યપ્રણાલી, રાજકીય ભાગીદારી, રાજકીય સંસ્કૃતિ અને સામાજિક સ્વતંત્રતા જેવા ૫ મુદ્દાઓના આધારે જાહેર કરવામાં આવે છે.

રિપોર્ટ પ્રમાણે આ દરેક મુદ્દાઓના આધારે જોવામાં આવે તો ૨૦૧૯ ભારત માટે ભારે ઉથલપુથલ વાળુ રહ્યું હતું. ભાજપ સરાકારે કાશ્મીરમાંથી અનુચ્છેદ ૩૭૦ હટાવી દીધો. નાગરિકતા સંશોધન કાયદો લાગૂ કર્યો. સરકારના આ ઐતિહાસિક નિર્ણયોએ રાજકીય ઘર્ષણપેદા કર્યું. ઝછછને સમગ્ર દેશમાં ભેદભાવ વાળા કાયદા તરીકે જોવામાં આવ્યો. આ બધાની અસર ૨૦૧૯માં ભારતમાં સામાજિક સ્વતંત્રતા અને તેની લોકતાંત્રિક સ્થિતિ પર પડી.

ભારત પાકિસ્તાનની જેમ ધર્મશાસિત દેશ ક્યારેય નથી બન્યો: રાજનાથ સિંહ

ન્યુ દિલ્હી

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે ભારતીય મૂલ્યોમાં તમામ ધર્મને બરાબર માનવામાં આવે છે તેમ જણાવી કહ્યું કે આજ કારણે આપણો દેશ ધર્મનિરપેક્ષ છે અને ભારત, પાકિસ્તાનની જેમ ધર્મશાસિત દેશ ક્યારેય નથી બન્યો. દિલ્હીમાં એસીસીના ગણતંત્ર દિવસના ઉપલક્ષ્યમાં આયોજિત શિબિરમાં સંરક્ષણ મંત્રીએ કહ્યું કે ભારતમાં ધર્મો વચ્ચ કદી ભેદભાવ નહીં થાય, તો અમે કઈ રીતે કરી શકીએ?

રાજનાથ સિંહે કહ્યું અમેરિકા પણ એક ધર્મશાસિત દેશ છે. રાજનાથ સિંહે વધુમાં કહ્યું કે ભારતે એવી જાહેરાત કદી નથી કરી કે દેશનો ધર્મ હિંદુ, શીખ કે બૌદ્ધ હશે. તેઓએ વસુધૈવ કુટુમ્બકમની ઉક્તિ આપી, આ સંદેશ ભારતમાંથી ગયો છે તેમ જણાવ્યું છે.

કનેક્ટ ઈન્ડિયન્સ www.connectindians.inમાં જોડાઈ નિયમ મુજબ કામ કરો અને સોળ વર્ષ જુના સમાચારપત્ર (news paper) જંગ એ ગુજરાત www.jungegujarat.inના
PRESS પ્રતિનિધિ બની સમાજમાં પ્રતિષ્ઠા સાથે સંપત્તિ કમાવા તાત્કાલિક વહેલા તે પહેલાંના ધોરણે નિયુક્તિ માટે સંપર્ક કરો. ૯૯૭૮૪૦૬૨૫૭

જોજો ચૂકી જતા આ મોકો

MARKET 4U ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૫૫૦/- ભરી શકે તેવા અને
પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા
૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને
મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો
(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને **જીતો**



MARUTI ALTO



HONDA ACTIVA



BRANDED MIXER

ફ્રે ૧૫ ઓગષ્ટ સ્વાતંત્ર્ય દિવસ

(શરતો લાગુ રહેશે)

9978406257

'આપની પ્રગતિ એજ અમારો નિર્ધાર'

શુ આપ **Market4u** રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/-ભરાવી **Market4u**ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને **Market4u**ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત **MARKET4U** ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. **(T.& C.Apply)**

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

અને હા જેને **PRESS** માં જોડાવામાં રસ હોય તેઓ પણ સંપર્ક કરી શકશે
PRESS પ્રતિનિધિ બનાવવામાં આવશે (નિયમ લાગુ રહેશે)

MARKET 4U **ફ્રેન્ચાઈઝી નીમવાના છે**

CEO Mrket4u, Dhananjay zaveri, Surat - Bharuch. 7575006850
www.jungegujarat.in

Market4u રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી
(રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના)
ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- **(T. @ C.apply)**

સુરત

Market4u
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ઓફીસ એડ્રેસ

ભરૂચ

Market4u
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ
જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ **MARKET4U**નું નવું સાહસ
WWW.CONNECTINDIANS.IN

Market4uના **connectindians** પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને **Market4u** વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો
9978406257

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૫૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી **Market4u**ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી **market4u** કંપની આપની આવકમાંથી **TDS** બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં **NEFT**થી જમા કરશે. તો રાહ શેની માત્ર ૫૫૦/- ભરો અને અન્યોને **Market4u**ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૫૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in • www.market4u.in
ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ *મોકલવાનો ખર્ચ રૂ.૧૦૦/- અલગથી ચૂકવવાનો રહેશે*

CONNECT INDIANS : MLM Plan Rs. 550
INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૧ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨
૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ **સિલ્વર ડાયરેક્ટર:** ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૫૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ રૂપિયા ૧૦૦/- એમ કુલ ૬૫૦/- ટ્રાન્સફર કરો . ટ્રાન્જેક્સનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે **Market4u**ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.jungegujarat.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :
CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257
(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી સ્થાનેથી...

એકતા ખુબ જરૂરી

દેશના હિત સાથે જોડાયેલા કોઈ પણ મુદ્દા પર રાજનીતિ કરવાની બાબત દેશને નુકસાન કરી શકે છે. દેશ હિતના મુદ્દા પર તમામ રાજકીય પક્ષો એકતા દર્શાવીને સાવધાની સાથે ઉભા રહે તે જરૂરી છે. કારણ કે કારણ કે દેશના હિતો સાથે જોડાયેલા મુદ્દા પર રાજનીતિ કરવાની બાબત દેશ માટે ખતરનાક બને છે. આનાથી પડોશી દેશને લાભ થઈ શકે છે. આ બાબત અમારી લોકશાહીની ઓળખ પણ રહી છે. કાશ્મીર મામલો હોય કે દેશના હિત સાથે જોડાયેલા અન્ય મુદ્દા હોય નેતાઓએ સાવધાનીપૂર્વક નિવેદન કરવુ જોઈએ. પાકિસ્તાન અથવા તો દુનિયાના કોઈ દેશ માટે તેમાં દરમિયાનગીરી કરવા માટે કોઈ જગ્યા નથી. આશા તો એમ જ કરવામાં આવે છે કે રાહુલ ગાંધીની સાથે સાથે પક્ષ અને પ્રતિપક્ષના નેતાઓ દેશ હિત સાથે જોડાયેલા મામલામાં કોઈ નિવેદનબાજી ન કરે. સાથે સાથે એકતાને દર્શાવે. પરંતુ આ બાબત શક્ય દેખાતી નથી. રાહુલ ગાંધી તો અહીં સુધી કહી ચુક્યા છે કે જમ્મુ કાશ્મીરમાં જે હિંસા થઈ રહી છે તે પાકિસ્તાન પ્રાયોજિત હિંસા તરીકે છે. પાકિસ્તાન સમગ્ર દુનિયામાં ત્રાસવાદના સમર્થક દેશ તરીકે કુખ્યાત છે. રાહુલ ગાંધીના આ ટ્વીટ બાદ ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને કેન્દ્રિય પ્રધાનો દ્વારા તેમની પ્રતિક્રિયા આપી હતી. પ્રકાશ જાવડેકરે કહ્યુ હતુ કે રાહુલ ગાંધીની જ્યારે સમગ્ર દેશમાં ટિકા થવા લાગી ગઈ ત્યારે રાહુલે પોતાના નિવેદનથી ગુલાંટ મારીને હવે યોગ્ય નિવેદન કર્યુ છે. જાવડેકરે આરોપ કરતા કહ્યુ છે કે રાહુલ ગાંધીનુ નિવેદન મનથી નહીં બલ્કે દબાણમાં આવ્યુ છે. કારણ કે પાકિસ્તાન સંયુક્ત રાષ્ટ્રમાં ભારતની સામે આ નિવેદનોનો ઉપયોગ કરી રહ્યુ છે. પાકિસ્તાનમાં રાહુલ ગાંધીના નિવેદનને આધાર બનાવીને ભારત પર પ્રહાર કરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. જો કે કોંગ્રેસના પ્રવકતા રણદીપ સુરજેવાલાએ કહ્યુ છે કે પાકિસ્તાન તરફથી જમ્મુ કાશ્મીરને લઈને સંયુક્ત રાષ્ટ્રમાં જે અપીલ કરવામાં આવી છે તેમાં રાહુલ ગાંધીનુ નામ ખોટી રીતે ખોટી બાબતોને સાચી રજૂ કરવાના પાકિસ્તાનના કાવતરા તરીકે છે. કોંગ્રેસે પાકિસ્તાનને સલાહ પણ આપી છે કે તેને જમ્મુ કાશ્મીરની ચિંતા કરવાના બદલે દુનિયાને જવાબ આપવો જોઈએકે પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીર, ગિલગિટ અને બાલટિસ્તાનમાં માનવ અધિકારોનો ખુલ્લો ભંગ કેમ થઈ રહ્યો છે. નિવેદનબાજી અને આક્ષેપબાજી વચ્ચે એક પ્રશ્ન થાય છે તે એ છે કે આખરે રાહુલ ગાંધી અને કોંગ્રેસે પોતાની રચનાત્મક ટિપ્પણી આટલી મોડેથી કેમ કરી છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે પાકિસ્તાન પોતે ગંભીર આર્થિક પડકારોનો સામનો કરી રહ્યુ છે. આવી સ્થિતીમાં અમેરિકા અને રશિયા જેવી શક્તિએ કાશ્મીર મામલે દરમિયાનગીરી કરવાનો ઈન્કાર કરી દીધો છે તો ઈમરાન આને રાજકીય અભિયાન બનાવવા માટેના પ્રયાસમાં છે. કાશ્મીરમાં શાંતિ સ્થાપિત કરવાના તમામ પ્રયાસો હાલમાં કરવામાં આવી રહ્યા છે. રાજકીય પક્ષોએ એવા નિવેદન કરવા જોઈએ નહીં જેના કારણે પાકિસ્તાનને કોઈ પણ રીતે ફાયદો થઈ શકે છે. કાશ્મીરમાં કલમ ૩૭૦ બાદ કેટલાક સમય સુધી આવા નિવેદન બાજી ચાલી હતી. જેએનયુને લઈને પણ આડેધડ નિવેદનો કરાયા છે.

પક્ષોએ એવા નિવેદનો કરવા જોઈએ નહીં જેનાથી પાકિસ્તાનને પરોક્ષરીતે લાભ થાય

નવી ક્રાન્તિ : માઈન્ડને વાંચવામાં સક્ષમ રહેશે

વિશેષ સોશિયલ ગ્લાસ તૈયાર

પ્રથમ વખત ડેટ ઉપર જવામાં ખચકાટ અનુભવ કરનાર અથવા તો ઈન્ટરવ્યૂહમાં પ્રથમ વખત ગૂંચવણભરી સ્થિતિનો સામનો કરનાર લોકો માટે સારા સમાચાર છે. કારણ કે હવે સોસિયલ એક્સ રે બ્લાસ્ટ તૈયાર કરવામાં આવી રહ્યા છે. જે ગ્લાસ માઈડને વાચવામાં ખૂબ જ ઉપયોગી સાબિત થશે. આ એક્સ રે ગ્લાસને ખૂબ જ મહત્વપૂર્ણ અને ક્રાંતિકારી તરીકે માનવામાં આવે છે. લંડનમાં એક ઈન્સ્ટીટ્યુટમાં સંશોધકો આ ગ્લાસ્ટના મામલે વધુ સંશોધનમાં લાગેલા છે. એમઆઈટીના નિષ્ણાંતો દ્વારા તૈયાર કરવામાં આવી રહેલા આ ગ્લાસમાં વિશેષ પ્રકારના કેમેરા છે જે અન્ય વ્યક્તિના ચહેરા પરના હાવભાવને સારી રીતે વાંચી શકશે તથા તેને લઈને નિર્ણય પણ કરી શકશે. આ ગ્લાસમાં અન્ય કેટલીક વિશેષતાઓ પણ રહેલી છે. ટ્રાફીક લાઈટ સ્ટાઈલ સિસ્ટમમાં જે રીતે રેડ લાઈટનો મતલબ નકારાત્મક થાય છે. આવી જ રીતે આમાં પણ આવા સંકેત મૂકવામાં આવ્યા છે જેમાં ગ્રીનનો મતલબ આપની ડેટ બિલકુલ યોગ્ય છે. સંશોધકોનું કહેવું છે કે અન્ય વ્યક્તિ સાથે વાતચીત દરમિયાન આને પહેરવાથી વધારે ફાયદો થશે. આના કારણે સામેવારી વ્યક્તિના હાવભાવ જાણવામાં મદદ મળશે. ચોખાના દાણાંના કદમાં આ ગ્લાસમાં કેમેરા હશે. આ કેમેરા ગ્લાસ ફ્રેમ સાથે જોડાયેલા હશે. નાનકડા કોમ્પ્યુટર સાથે એક વાયરથી કનેક્ટેડ હશે જે યુઝરના શરીર સાથે અટેજ રહેશે. આમા કેદ થઈ જનાર ડેટાને સારી રીતે વાચી શકાશે. આ પ્રકારના વિશેષ ગ્લાસ હજુ તૈયારીના તબક્કામાં છે. એમઆઈટી ઈલેક્ટ્રીકલ એન્જિનીયરે કહ્યું છે કે એક દિવસ એક એવા ચશ્મા બનાવી લેવામાં સફળતા મળશે જેનાથી તમામ બાબતો સરળતાથી જાણી શકાશે.

સલાહ : ઈન્કમ ટેક્સ છુટને પણ ફુગાવા સાથે જોડવાની જરૂર છે...

આવક આંકડા દર્શાવવા માટેની જરૂર

ઈન્કમ ટેક્સ છુટને ફુગાવા સાથે જોડવાના મુદ્દા પર ચર્ચા કરવાની કોઈ જરૂર નથી : હાલમાં પ્રત્યક્ષ કરવેરામાં છુટછાની સ્થિતી દેખાતી નથી

નાણાં સૌથી મોટી બાબત રહેલી છે. બજેટમાં સરકારને ઈમાનદારી દર્શાવીને યથાર્થને રાખવાની જરૂર દેખાઈ રહી છે. આ બાબત તો તમામ લોકો સારી રીતે જાણે છે કે બજેટ ભાષણમાં નાણાંપ્રધાન નાણાંપ્રધાન આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય આર્થિક બાબતોનો ઉલ્લેખ કરે છે. આ તમામ લોકોને માહિતી છે કે ભારતની અર્થવ્યવસ્થા હાલમાં ઘેરા સંકટમાં ફસાયેલી છે. મંદીનો દોર એકબાજુ જારી રહેલો છે. વધતો જતો ફુગાવાનો દર બીજો મામલો છે. પરિપેક્ષ્યને યોગ્ય રીતે રજૂ કરીને બજેટ રજૂ કરવામાં આવે તેમ કેટલાક નિષ્ણાંતો માને છે. નાણાંપ્રધાન તથ્યો પર પરદો નાંખવાનુ કામ કરશે નહીં તેવી આશા તમામ લોકો રાખે છે. આની સાથે સાથે દરેક વ્યક્તિ સરકારની આવક, ખર્ચ અને નુકસાનના સંબંધમાં માહિતી મેળવવા માટે ઈચ્છુક છે. છેલ્લા કેટલાક વર્ષોમાં સરકારે આ આંકડા દર્શાવવા માટેની હિમ્મત કરી નથી. સાથે સાથે ઈમાનદારી પણ દર્શાવી નથી. આંકડાઓને તોડીને રજૂ કરવામાં આવ્યા છે. તમામને ગેરમાર્ગે દોરવાના પ્રયાસ કરવામાં આવ્યા છે. દુનિયાનુ ધ્યાન હાલના વર્ષોમાં આ તરફ ગયુ છે. સાથે સાથે વિદેશોમાં ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે કે ભારત આંકડાની સાથે ચેડા કરવામાં વ્યસ્ત છે. જેથી ખુબ જરૂરી બાબત એ છે કે તમામ આંકડાને ઈમાનદારી સાથે રજૂ કરવામાં આવે તે જરૂરી છે. રાજસ્વ નુકસાનમાં જીએસટી સામેલ છે. આમાં રાજ્યો સામેલ થઈ ચુક્યા છે. આવી સ્થિતીમાં જીએસટીને ઘટાડી દેવા અને વધારી દેવાના અધિકાર હવે ભારત સરકારની પાસે નથી. રાજસ્વ ક્ષેત્ર બજેટથી બહાર છે. ભારત સરકાર માત્ર કસ્ટમ ડ્યુટી અને ઈન્કમ ટેક્સમાં જ ફેરફાર કરી શકે છે. વર્તમાનમાં રાજકોષ ખરાબ હાલતમાં છે. જો કસ્ટમ ડ્યુટી અને ઈન્કમ ટેક્સમાં કોઈ રાહત સરકાર તરફથી આપવામાં આવે છે તો રાજસ્વ પ્રાપ્તિ વધારે ઘટી જશે. જેથી નુકસાનમાં વધારો થઈ શકે છે. દેશમાં મંદી કેમ છે તેના કારણોને સમજી લેવાની જરૂર છે. અમારી અર્થવ્યવસ્થામાં આશ્ચર્યજનક રીતે ભારે ઘટાડો થયો છે. માંગમાં ભારે ઘટાડો થયો છે. લોકો બજારમાં સામાન્ય ચીજો ખરીદી રહ્યા નથી. કૃષિ ક્ષેત્ર અને ગ્રામ્ય વિસ્તારોમાં આની શરૂઆત થઈ ચુકી છે. ગ્રામ્ય વિસ્તારોમાં આની શરૂઆત થઈ હતી અને સરકારની ખોટી નીતિઓના કારણે હવે આ સ્થિતી શહેરી વિસ્તારોમાં પણ જોવા મળે છે. સરકારના નોટબંધી અને જીએસટી લાગુ કરવામાં આવ્યા બાદ અર્થવ્યવસ્થા ખતમ થઈ ગઈ છે. આને ભારે નુકસાન થયુ છે. સરકારની સામે માંગ વધારી દેવાની બાબત પડકારરૂપ છે. માંગ વધારી દેવાની શરૂઆતના ભાગરૂપે સરકારે કૃષિ અને ગ્રામીણ ક્ષેત્રમાં ધ્યાન આપવાની જરૂર છે. માંગ વધારી દેવાની શરૂઆત કૃષિ અને ગ્રામીણ ક્ષેત્રો સાથે કરવામાં આવે તે જરૂરી છે. સરકારે કોર્પોરેટને દોઢ લાખ કરોડ રૂપિયા આપ્યા હતા. આ બાબત થવાની જરૂર હતી કે ૭૫ હજાર કરોડ રૂપિયા કૃષિ અને ગ્રામીણ ક્ષેત્ર તેમજ ૭૫ હજાર કરોડ રૂપિયા કૃષિ અને ગ્રામીણ ક્ષેત્ર તેમજ ૭૫ હજાર કરોડ રૂપિયા આધારભુત સુવિધા જેમ કે રેલવે અને હાઈવે પર ખર્ચ કરવાની જરૂર હતી. સરકારના કેટલાક દાવ ઉંધા પડી ગયા છે. સરકારનુ નુકસાન ખર્ચ અને આવક પર આધારિત રહે છે. સરકાર જાણે છે કે અમે મોટી મુશ્કેલીમાં છીએ. વધારે લોન લઈને પણ અમે કામ ચલાવી દેવાની સ્થિતીમાં નથી. લોન લેવાની બાબતથી પ્રતિકુળ અસર થનાર છે. કેટલાક લોકો માને છે કે સરકારને નુકસાનની ચિંતા કર્યા વગર ઉછીના પૈસા લઈને ખર્ચ કરવાની જરૂર છે. જાણકાર નિષ્ણાંતો કહે છે કે આ બાબતને ખુબ યોગ્ય રીતે હાથ ધરવામાં આવે તો ખોટી નથી પરંતુ ખોટી રીતે ખર્ચ કરવામાં આવે તો આના કારણે અર્થવ્યવસ્થાને માત્ર નુકસાન જ થશે નહીં બલ્કે માઠી અસર પણ થનાર છે. ખેડુતોને તેમના પેદાશ માટે યોગ્ય કિંમત આપવાની બાબત પણ પડકારરૂપર છે. આ યોગ્ય બાબત છે કે બજેટ મધ્યમ વર્ગને ઈન્કમ ટેક્સમાં છુટ આપવાની અપેક્ષા રાખે છે. સરકારી અધિકારી અને કર્મચારીઓના ડીએને ફુગાવા સાથે જોડવામાં આવે છે. ફુગાવો વધે છે ત્યારે ડીએ પણ વધે છે. આવી જ રીતે હવે ઈન્કમ ટેક્સમા છુટછાટને પણ ફુગાવા સાથે જોડી દેવાની જરૂર છે. જેથી દર વર્ષે તેમાં છુટ માટેની મર્યાદા વધતી રહેશે. આને લઈને ચર્ચા કરવાની કોઈ જરૂર પણ દેખાતી નથી. વધુને વધુ લોકોને ઈન્કમ ટેક્સની જાળમાં રાખવાના પ્રયાસ થાય તે જરૂરી છે. હાલમાં સરકારની પાસે પ્રત્યક્ષ કરવેરામાં છુટછાટના વિકલ્પ ઓછા રહેલા છે. પહેલી ફેબ્રુઆરીના દિવસે મોદી સરકાર તેની નવી અવધિમાં બીજુ બજેટ રજૂ કરનાર છે. આને લઈને તમામ તૈયારી કરી લેવામાં આવી છે. બજેટમાં સંબંધિત ક્ષેત્રો દ્વારા રજૂઆત કરવામાં આવી ચુકી છે. બજેટ પ્રકાશિત કરવા માટેની પ્રક્રિયા શરૂ કરવામાં આવી ચુકી છે. સરકારની પાસે હાલમાં અપેક્ષા વધારે રાખવા માટેના કોઈ કારણ દેખાતા નથી.

બેરોજગારી પણ તરત દુર નહીં જ થાય કારણ કે...

મોંઘવારી તરત દુર નહી થાય

મોંઘવારી અને બેરોજગારી બન્ને હાલમાં દેશમાં આસમાને છે. આને દુર કરવા માટેના તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ધીમે ધીમે તેમાં પ્રયાસ કરવાથી અસર થાય છે. હાલના સમયમાં માંગ વધારી દેવાની જરૂર સૌથી વધારે દેખાઈ રહી છે. માંગ વધશે તો સ્વાભાવિક છે કે તેની સીધી અસર કિંમતો પર થનાર છે. જો કે થોડાક દિવસ સુધી માંગને વધારી દેવાની જરૂર પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે. આરબીઆઈ ફુગાવાને કાબુમાં લેવા માટે વ્યાજદરમાં વધારો કરે છે. આ રીતથી અમને થોડાક પ્રમાણમાં અન્ય રીતે આગળ વધવાની જરૂર હોય છે. અર્થવ્યવસ્થા જ્યારે વધશે ત્યારે તેના કારણે માંગની સાથે સાથે ફુગાવામાં પણ વધારો થનાર છે. તેના કારણે વધારે ચિંતા કરવાની કોઈ જરૂર નથી. જરૂર આ બાબતની છે કે ખાદ્ય પદાર્થોની કિંમતોને યોગ્ય રીતે નિયંત્રિત કરવામાં આવે. કારણ કે લોકોને સૌથી વધારે પરેશાની આના કારણે જ થાય છે. ખેડુતોને તેમના પેદાશની યોગ્ય કિંમતો મળે તે પણ ખુબ જરૂરી છે. જો આવુ થશે નહી તો ખેડુતોની આવકમાં વધારો થશે નહીં. ત્યારબાદ ત્યાં માંગમાં કોઈ વધારો થશે નહીં. સરકાર ખેડુતને દર વર્ષે ૬૦૦૦ રૂપિયા તેના ખાતામાં જમા કરે છે. આ યોજનાને વ્યાપક બનાવીને આ રકમ ખેડુતોને પહોંચાડી દેવાની જરૂર દેખાઈ રહી છે. બજેટ આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે આ તમામ પાસા પર ચર્ચા ચાલી રહી છે. આર્થિક બાબતો સાથે જોડાયેલા લોકો માટે બજેટને લઈને જ સૌથી ચર્ચા રહે છે. તેમના દ્વારા ગણતરી કરવામાં આવી રહી છે. ટોપના અર્થશાસ્ત્રીઓને તો સરકાર દ્વારા પણ બજેટ પહેલા ચર્ચા કરવા માટે બોલાવવામાં આવે છે. તેમના અભિપ્રાય લેવામાં આવે છે. સરકાર દ્વારા પણ પરંપરા મુજબ જ બજેટ તૈયાર કરતા પહેલા તમામ ક્ષેત્રોના નિષ્ણાંતોને વાતચીત માટે બોલાવવામાં આવે છે. તેમના સુચન મેળવવામાં આવે છે. આ વખતે તો વડાપ્રધાન મોદી પોતે પણ તમામ ઉદ્યોગપતિઓ અને ઉદ્યોગજગતના નિષ્ણાંતો સાથે વાતચીત કરી ચુક્યા છે. મોંઘવારી અને બેરોજગારી આ વખતે બે સૌથી મોટા મુદ્દા છે. લોકસભાની ચૂંટણીમાં સતત બીજી વખત પ્રચંડ બહુમતિ સાથે સત્તામાં આવ્યા બાદ મોદી સરકારની પાસેથી તમામ અપેક્ષા પ્રજા રાખી રહી છે. સરકારે કેટલાક ક્ષેત્રોંમાં ખુપબ સાહસી નિર્ણય કર્યા છે. જેમાં કલમ ૩૭૦ની નાબુદી, પાકિસ્તાનમાં ત્રાસવાદી કેમ્પોમાં હવાઈ હુમલા, સર્જિકલ સ્ટ્રાઈક જેવા પગલાનો સમાવેશ થાય છે. જો કે બેરોજદારી અને મોંઘવારીના મોરચા પર સર્વોચ્ચ પ્રાથમિકતા સાથે આગળ વધવાની પણ જરૂર દેખાઈ રહી છે.

સિનેફેસ્ટ હવે રિલિઝના ફર્સ્ટ સન્ડે જ નવી ફિલ્મ દર્શાવે છે

સિનેફેસ્ટે એક પછી એક સિદ્ધી મેળવી

સિનેફેસ્ટન બોલબાલા સતત વધી રહી છે. ટુંકા ગાળા જ એક પછી એક સફળતા હાંસલ કરી લીધી છે. સિનેફેસ્ટે ખુબ ધીમી ગતિએ શરૂઆત કર હતી. એમએસ ધોની ફિલ્મ સાથે વર્ષ ૨૦૧૬માં ૧૫-૧૬ લોકો સાથે ફિલ્મ દર્શાવવા માટેના વિચારની શરૂઆત કર્યા બાદ સિનેફેસ્ટે એક પછી એક સફળતા હાંસલ કરી છે. સાથે સાથે લોકપ્રિયતા પણ વધી રહી છે. ૧૫-૨૦ લોકો સાથે શરૂઆત થયા બાદ તેના સભ્યો ૧૪૬ થયા હતા. ધીમે ધીમે બે મહિનામાં એક ફિલ્મ દર્શાવવાની શરૂઆત કરવામાં આવી હતી. પરંતુ વર્ષ ૨૦૧૭એક મહિનામાં એક ફિલ્મ દર્શાવવાની શરૂઆત કરવામાં આવી હતી. સિનેફેસ્ટની સફળતાનો અંદાજ આનાથી જ લગાવી શકાય છે કે તેની ફિલ્મ દર્શાવવાની સંખ્યા સતત વધી રહી છે. હવે અનેક ફિલ્મ દર્શાવવા માટે સિનેફેસ્ટને સતત સ્પોન્સરશીપ મળી રહી છે. પુરૂફીઝા, મહાવીર ફુડ પોઈન્ટ, રેડ બિલ્ડો, એમએમબી મોબાઈલ શોફ, ગિરિરાજ ટિમ્બર, ટ્રેડર્સ , ક્લાસિક વિજન અને અન્યોની જેમ ઘણી ફિલ્મો માટે પણ સ્પોન્સરશીપ મળી ચુકી છે. અમારા સભ્યોને ડિસ્કાઉન્ટના રેટ પર ટિકિટ પણ આપવામાં આવી રહી છે. મેમ્બરોને પણ મોટી રાહત ડિસ્કાઉન્ટ પર આપવામાં આવી રહી છે. સિનેફેસ્ટ દ્વારા હજુ સુધી મોટી સંખ્યામાં ફિલ્મો દર્શાવવામાં આવી છે. જેમાં એમએસ ધોની, દંગલ, અંદાજ અપના અપના, રઈસ, સચિન-એ બિલિયન ડ્રીમ, જુડવા-૨, રાજ, સ્ટ્રી સહિતની ફિલ્મો દર્શાવવામાં આવી ચુકી છે. બધાઈ હો અને ઉરી જેવી ફિલ્મો પણ દર્શાવવામાં આવી ચુકી છે. બે વર્ષ સુધી સખ્ત પરિશ્રમ કરવામાં આવ્યા બાદ અમને શોર્ટ કટ ફિલ્મના પ્રિમિયર ડેના દિવસે સ્કીનિંગ કરવાની તક મળી ગઈ હતી. આરજે ધ્વનિતની મદદથી સ્કિનિંગ કરી હતી. તેમના પ્રિમિયર શો ડે પર સ્કિનિંગ કરવાને લઈને ધ્વનિતે ખુશી વ્યક્ત કરી હતી. અમે સ્કિનિંગ માટે ૭૫ લોકો સાથે આગળ વધ્યા હતા અને શોને અભૂતપૂર્વ સફળતા હાંસલ થઈ હતી. હાલમાં સિનેફેસ્ટની અનેક ઝડપી કામગીરી જારી છે. સિનેફેસ્ટ હવે સવારમાં અથવા તો બપોરમાં તેની રજૂઆતના પ્રથમ જ રવિવારના દિવસે નવી ફિલ્મો દર્શાવવામાં આવી રહી છે. જો ફિલ્મ ખુબ સારી રહે છે અને સારો પ્રતિસાદ મળે છે તો શુક્રવારે રાત્રે પણ હવે ફિલ્મ દર્શાવવામાં આવે છે. સિનેફેસ્ટના લોકો કહે છે કે અમારા સભ્યો અમને ટિકિટના રેટ ચુકવે છે અને અમે તેમના ટિકિટ બુક કરી દઈએ છીએ. ટિકિટની સંખ્યાના આધાર પર અમે થિયેટરની પસંદગી કરી લઈએ છીએ. અમે સિનેપોલ્સ, સિટી ગોલ્ડ શ્યામલ , પીવીઆર એકોપોલિસ, મુક્તા આર્ટ્સ, સ્ક્રીન એન સ્પાઈસમાં ફિલ્મ દર્શાવી રહ્યા છીએ. અમે છેલ્લા એક વર્ષથી મેમ્બરશીપની શરૂઆત કરી ચુક્યા છીએ. જેના ભાગરૂપે મેમ્બરો અમને ટિકિટ રેટના પૈસા ચુકવેછે ચાર ફિલ્મ માટે પૈસા ચુકવવામાં આવે છે. જેથી તેમને ડિસ્કાઉન્ટ આપવામાં આવે છે. તેમના ગ્રુપ મુજબ ટિકિટની તેમને વ્યવસ્થા અમારી તરફથી કરવામાં આવે છે. તેમને તમામ માહિતી વોટ્સ એપ પર મોકલી દેવામાં આવે છે. જેથી તેઓ તેમની સાથે ફોટો લઈ લે છે. ત્યારબાદ સીધી રીતે જઈને તેમને ફાળવી દેવામાં આવેલી ટિકિટ પર બેસી જાય છે. આ બાબત એક અડચણમુક્ત પ્રક્રિયા બની ગઈ છે. ફિલ્મ મુજબ થીમ પણ તૈયાર કરવામાં આવી રહી છે. દાખલા તરીકે એમએસ ધોની અને સચિનની ફિલ્મ માટે ઈન્ડિયન ટીમની ટી શર્ટ પણ રાખવામાં આવી હતી. પેડમેન માટે વાઈટ વસ્ત્રો રાખવામાં આવ્યા હતા. રેડ માટે ફોર્મલ વસ્ત્રો રાખવામાં આવ્યા હતા. રાજી માટે કેસરી, સફેદ અને લીલા રંગના વસ્ત્રો રાવામાં આવ્યા હતા. જુડવા માટે પણ ખાસ વસ્ત્રો રાખવામાં આવ્યા હતા. અમારો ઉદ્દેશ્ય એ છે કે અમારા મેમ્બરો પ્રથમ રવિવારના દિવસે જ ફિલ્મ જોવા માટે પહોંચે અને મજા માણે. આના કારણે ફિલ્મને પણ સફળતા મળશે. સિનેફેસ્ટે વર્ષ ૨૦૧૬માં માત્ર ૧૫-૧૬ લોકો માટે સ્ક્રીનના વિચાર સાથે શરૂઆત કરી હતી અને આજે તેની સફળતા અનેક ગણી સુધી પહોંચી ગઈ છે. આવનાર દિવસોમાં તેની બોલબાલા વધી શકે છે.



સિનેફેસ્ટે વર્ષ ૨૦૧૬માં માત્ર ૧૫-૧૬ લોકો માટે ફિલ્મના હેતુ સાથે ધીમી ગતિથી શરૂઆત કર્યા બાદ આજે જોરદાર બોલબાલા વધી છે

સાયબર ક્રાઈમ અને સાયબર ફ્રોડ

આજના ઈન્ટરનેટના વધતા ઉપયોગ સાથે ઈન્ટરનેટ ક્ષેત્રે થતુ આધુનિકીકરણ અને ડિજિટલાઈઝેશન નાં સમયમાં સલામતી અને સુરક્ષા રાખવી એ પણ આપણી જ જવાબદારી છે..

સૌપ્રથમ તો આપણે સાયબર ક્રાઈમ એટલે શું એ સમજવું પડે. સાયબર ક્રાઈમ એટલે ડિજિટલ માધ્યમથી કોઈ પણ નાણાકીય પ્રકારની લાલચ આપવી , છેતરપિંડી કરવી , કોઇના પાસવર્ડ ની ચોરી કરવી , કોઈને સોશિયલ મીડિયાના માધ્યમથી અપશબ્દો બોલવા , કોઇના પર્સનલ ફોટોઝ અથવા વિડીયો શેર કરવા , લૉન અને વીમા અંગે છેતરપિંડી કરવી , સીમકાર્ડ સ્વેપીન્ગ ફ્રોડ , ઓનલાઈન શોપિંગ તેમજ ઈ-કોમર્સ સંબંધિત છેતરપિંડી આ પ્રકારના તમામ ગુનાઓને સાયબર ક્રાઈમ તેમજ સાયબર ફ્રોડ કહેવાય છે.

ઈ-કોમર્સ સંબંધિત ફ્રોડ માં સાયબર ક્રીમીનલ્સ કોઈ પણ વેબસાઈટ પર ચીજવસ્તુઓની ખરીદી કે વેંચાણ કરતા ગ્રાહકોને છેતરવા માટે વેબસાઈટ પર ખોટુ એકાઉન્ટ બનાવીને તમને મોંઘા ભાવની વસ્તુઓ ખૂબ જ સસ્તા દરે વેંચવાની જાહેરાત મુકી જાળ બિછાવવામા આવે છે. જયારે કોઈ નાગરીક દ્વારા તે વસ્તુને ખરીદવા માટે જાહેરાતમા આપેલા મોબાઈલ નંબર, વોટ્સઅપ કે ઈ-મેઈલના માધ્યમથી સંપર્ક કરવામા આવે ત્યારે અરસ-પરસ વિશ્વાસ કેળવીને વસ્તુ પેટે એડવાન્સમા નાણાં મેળવી લેવામા આવે છે, અને વસ્તુ મોકલવામા આવતી નથી.

હવે જયારે કોઈ નાગરીક પોતાની ચીજવસ્તુઓનુ કોઈ પણ વેબસાઈટ પર વેંચાણ કરવા માટે જાહેરાત મુકે છે ત્યારે આ જાહેરાત જોઈને આરોપી બનાવટી ઓળખ દ્વારા નાગરીકનો સંપર્ક સાધે છે. તેમજ તે ચીજ-વસ્તુ ખરીદવા સહમત હોવાનુ જણાવી નાગરિક પાસેથી તમામ માહિતીઓ મેળવી લેવા પ્રયત્ન કરે છે. આરોપી વસ્તુ ખરીદવા માટે નાણાંની ચુકવણી ઇન્ટરનેટ બેંકીંગ દ્વારા ડાઉનલોડ ન હોય તો તેમના મોબાઈલમાં એપ ડાઉનલોડ કરાવી તેમાં નાગરિકની બેંકની વિગત ભરાવડાવીને રજીસ્ટ્રેશન કરાવે છે , ત્યારબાદ પોતાના ઇન્ટરનેટ બેંકીંગ દ્વારા એકાઉન્ટમાંથી અમુક રકમની રીકવેસ્ટ મોકલીને નાગરિકને એવુ જણાવે છે કે મોકલેલી રીકવેસ્ટમાં પે ઓપશન સિલેક્ટ કરો જેથી તમને નાણાં મળી જશે પરંતુ હકીકતમાં પે ઓપશન સિલેકટ કરવાથી નાગરિકના ખાતામાં રહેલા પૈસા આરોપીના ખાતામાં જતા રહે છે અને આ પ્રકારે છેતરપિંડી થાય છે.

આવા કિસ્સાઓમાં ભોગ બનનાર વ્યક્તિએ શહેરમા આવેલા સાયબર સેલ , સાયબર પોલીસ સ્ટેશન અથવા નજીકના પોલીસ સ્ટેશન મા ભોગ બન્યાં નાં થોડા જ કલાકોમાં ફરીયાદ કરીને યોગ્ય ન્યાય મેળવી શકાય છે.

ચિંતન એલ. વિરાણી
દક્ષિણ ગુજરાતની કાયદાશાખાનાં વિદ્યાર્થી

પોરબંદરની મહિલાએ મિસિસ ઈન્ડિયા-૨૦૧૯નો ખિતાબ જીતી રેકોર્ડ સર્જ્યો



મુળ પોરબંદર પંથકનાં તથા છેલ્લા કેટલાક વર્ષોથી બેંગ્લોર સ્થાયી થયેલ મહીલાએ મીસીસ ઈન્ડિયા ૨૦૧૯ નો ખિતાબ મેળવીને માત્ર પોરબંદર જ નહીં, પરંતુ ગુજરાતને પણ ગૌરવ અપાવ્યું છે. તેમણે પ્રથમ વખત જ સ્પર્ધામાં ઝંપલાવ્યું હતું અને સિધા જ તેઓ ગોલ્ડ ટાઈટલ વિનર બન્યા છે.

આ સ્પર્ધાના ઓડીશનમાં ભારતમાંથી હજારો મહિલાઓએ ભાગ લીધો હતો. જેમાં સ્પર્ધકોના સૌન્દર્ય ઉપરાંત બુધ્ધિશક્તિ, જનરલ નોલેજ સહિત વિવિધ બાબતોને ધ્યાનમાં લેવાઈ હતી. આ સ્પર્ધામાં સ્પર્ધકો વચ્ચે મેદાન માર્યું છે. આ સ્પર્ધામાં અલગ અલગ સ્ટેપ રાકવામાં આવે છે. જેમાં સ્ટેપ બાય સ્ટેપ સિલેકશન પ્રોસેસ દ્વારા ગોલ્ડ અને સિલ્વર કેટેગરીમાં ૩૪ મહિલાઓ ફાઈનલ રાઉન્ડ માટે સિલેકટ થઈ હતી. જેમાં વર્કીંગ લેડીઝ, હાઉસ વાઈફ અને બિઝનેશ વુમનનો પણ સમાવેશ થાય છે.

આ સ્પર્ધાના ફાઈનલનું આયોજન મુંબઈના સાન્તાક્રુઝમાં આવેલા તાજ હોટેલ ખાતે કરવામાં આવ્યું હતં. જેમાં બોલીવુડના જાણીતા સંગીતકાર અન્નુ મલિક, જાણીતી ગાયિકા શિવાની કશ્યપ ઉપરાંત ઝરીના વહાબ, ભૂમિકા ચાવલા, પાયલ ઘોષ, પ્રહલાદ કક્કડ અને મિકી મહેતા સહિતના બોલીવુડના જાણીતાકલાકારોએ જજ તરીકે સેવા આપીહતી. આ સ્પર્ધામાં સ્પર્ધકોની સ્ટાઈલ, ટેલેન્ટ, ઈમ્પ્રેશન, ઈન્ટેલિજેન્સ અને પ૩ જેન્સ ઓપ માઈન્ડના આધારે કવિતાબેન થાનકીની મીસીસ ઈન્ડિયા ખિતાબ માટે પસંદગી કરવામાં આવી હતી. મીસીસ ઈન્ડિયા ઉપરાંત તેમને મીસીસ પોપ્યુલરનું ટાઈટલ પણ અપાયું હતું.

પરિશ્રમનું ફળ અવશ્ય મળે જ છે પરંતુ તેના માટે થોડી ધીરજ પણ ધરવી પડે



કહેવાય છે કે કઠણ પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી. જે મહેનત કરે છે તે ચોક્કસ આગળ આવે જ છે. મહેનત જ વ્યક્તિને નિર્ધારિત કરેલા ધ્યેય સમક્ષ દોરી જાય છે. પણ તેના માટે જ એક દિશા નક્કી હોવી જરૂરી છે. એક લક્ષ્યાંક નિશ્ચિત હોવો જરૂરી છે. હંમેશા એ લક્ષ્યાંકને તમારી નજર સમક્ષ જ રાખવો જોઈએ અને તેને મેળવવાના પ્રયત્નો કરવા જોઈએ. ભલે તેના માટે રાત દિવસની મહેનત કરવી પડે તો તેમાં કોઈ જ ખામી રાખવી જોઈએ નહિ. મજબૂત મનવાળા વ્યક્તિને તો હિમાલય પણ નથી નડતો. હંમેશા યાદ રાખવા જેવી વસ્તુ છે કે જેટલી લાંબી કઠિનાઈઓ હશે તેટલી જ અદ્ભુત જીત હશે. પરંતુ ક્યારેક ક્યારેક આપણે વધુ આગળ જવાની તાલાવેલીમાં ખૂબ જ અધીરા થઈ જઈએ છીએ અને વધુ પડતી ભૂલો કરી બેસીએ છીએ. એ ભૂલો એવી હોય છે, કે તેને સુધારવાની કોશિશ કરવા છતાંય સુધરતી નથી. ઉતાવળથી લીધેલ નિર્ણય ક્યારેય અસરકારક આવતા નથી. દરેક કાર્ય ધીરજ માંગી લે છે. એક વૃક્ષને આપણે ખૂબ જ મોટુ કરવું હોય તો તેને રોપ્યા પછી કેટલી કાળજી, જતન, ધ્યાન, મહેનત કર્યા પછી ખૂબ જ લાંબા સમય પછી તેનું ફળ મળે છે. તેમ જીવનનું પણ કંઈક એવુ જ છે. મિત્રો,અથાગ પરિશ્રમનો રસ્તો એક દિવસ ખુલે જરૂર છે પણ દરેક વ્યક્તિનો એક સમય જરૂર આવે છે અને એ સમયની રાહ દરેક વ્યક્તિએ જોવી જ પડે છે. ધીરજની સાથે સાથે વ્યક્તિને પોતાના ઉપર વિશ્વાસ પણ હોવો જોઈએ. ક્યારેક ક્યારેક એવુ થાય કે જ્ઞાન બધું જ હોય દરેક વસ્તુથી વ્યક્તિ પોતે જાણકાર હોય પરંતુ તેનામાં આત્મવિશ્વાસની કમી હોય તો તે વ્યક્તિ આગળ નથી આવી શકતું. કહેવાય છે કે કઈ પણ વસ્તુ વિચારવાની અને અભિવ્યક્ત થવાની આવડતએ કુદરતની એક ભેટ હોય છે તે દરેકમાં નથી હોતી પરંતુ જો તે વસ્તુમાં ધ્યાન રાખીને ચોક્કસ દિશામાં વિચારવામાં આવે તો વ્યક્તિ ઘણું શીખી શકે છે અને આત્મવિશ્વાસમાં વધારો કરી શકે છે. પોતાના પરનો વિશ્વાસ ગમે તેવા અઘરા કામોને સરળ બનાવી શકે છે. કોઈ પણ વ્યક્તિનું વ્યક્તિત્વ તેની પાસે કેટલું છે તે નથી દર્શાવતું પરંતુ કેવું છે તે દર્શાવે છે. આત્મવિશ્વાસની સાથે આપણી વિચારસરણી પણ ખૂબ જ અસર કરે છે. સફળતાના શિખર સર કરવામાં ઘણીવાર વ્યક્તિ નકારાત્મક બાબતોને પોતાના જીવનમાં એટલી હદે બેસાડી છે કે તે કઈ નવું વિચારી નથી શકતો. કંઈક નવીન વિચારમાત્ર થી ડરવા લાગે છે, તેનું મુખ્ય કારણ જે ક્યારેય બનવાનું જ ના હોય તેવા વિચાર. વધારે પડતા વિચારો પણ માનસિક સ્થિતિને અસર કરે છે. વ્યક્તિ જેવું વિચારે તેવો થઈ જાય છે એ હકીકત છે. જેવા વિચારો હોય છે તેવા જ લક્ષણો ધીરે ધીરે વર્તનમા આવવા લાગે છે. તેથી જ વિચારો સારા રાખવા જોઈએ, અને અંત માં કંઈક તો ઈશ્વરીયશક્તિ છે જ માણસ ને આ ધરતી પર ટકાવી રાખે છે. તેથી વ્યક્તિ એ કોઈ પણ કાર્યની શુરુઆત ઈશ્વરને યાદ કરીને કરવી જોઈએ. એક કુદરતી શક્તિ મળી રહે છે. મનમાં વિશ્વાસની એક આશા જાગે છે અને જ્યાં મહેનત, ધીરજ, આત્મવિશ્વાસ અને ઈશ્વર પરની અતૂટ શ્રદ્ધા હોય ત્યાં કોઈ વિઘ્ન હોઈ શકે ખરું મિત્રો?

બિનસુરક્ષિત સેક્સ સંબંધોના કારણે જીવલેણ બિમારી થાય છે...

માઈકોપ્લેજમા જેનિટેલિયમ ઘાતક છે

આરોગ્ય નિષ્ણાંતો અને તબીબો માટે પણ બિમારી ચિંતાજનક છે : એચઆઈવીની જેમ બિમારી ઝડપથી ફેલાઈ રહી હોવાના હેવાલ છે

બિનસુરિક્ષાત સેક્સ સંબંધના કારણે એચઆઈવી ઉપરાંત અન્ય કેટલીક ગંભીર પ્રકારની બિમારીઓ પણ થઈ શકે છે. હાલના દિવસોમાં માઈકોપ્લેજમા જેનિટેલિયમ (એમજી) નામની બિમારી દુનિયાભરના આરોગ્ય નિષ્ણાંતો માટે ચિંતાજનક બની રહી છે. આની સારવાર ખુબ જ જટિલ અને મુશ્કેલરૂપ બનેલી છે. નિષ્ણાંતોનુ કહેવુ છે કે એચઆઈવીની જેમ જ આ બિમારી પણ રોકેટ ગતિથી વિશ્વના દેશોમાં ફેલાઈ રહી છે. શંકા એવી પણ છે કે આ સુપરબગ સાબિત થઈ શકે છે. એક રિપોર્ટની વાત કરવામાં આવે તો બ્રિટીશ એસોસિએશન ઓફ સેક્યુઅલ હેલ્થ એન્ડ એચઆઈવી દ્વારા સ્થિતીની ગંભીરતાને ધ્યાનમાં લઈને બિમારીના સંબંધમાં એડવાઈઝરી પણ જારી કરી દીધી છે. નિષ્ણાંતોના કહેવા મુજબ માઈકોપ્લેજમા જેનિટેલિયમ બિમારીના કોઈ શરૂઆતી લક્ષણ હોતા નથી. પરંતુ કેટલાક નિષ્ણાંતો દાવો કરે છે કે આ બિમારીના કારણે મહિલા અને પુરૂષોના જનનાંગો પર ઈન્ફેક્શન થઈ જાય છે. આ એટલા ખતરનાક છે કે તેના કારણે મહિલાઓ માતા બનવાની તાક ગુમાવી દે છે. તેના શરૂઆતી લક્ષણ સરળતાથી સમજી શકાતા નથી. જેથી સારવારમાં પણ તકલીફ થાય છે. જો સારવાર યોગ્ય રીતે કરવામાં ન આવે તો તેના પર એન્ટી બાયોટિકની અસર પણ દેખાતી નથી. એમજી શુ છે તે અંગે સામાન્ય પ્રશ્નો કરે છે ત્યારે નિષ્ણાંત તબીબો કહે છે કે એમજી એક જીવાણુ તરીકે છે. જેના કારણે પુરૂષો અને મહિલાઓને યુરિનના રસ્તે સોજા થઈ શકે છે. જેના કારણે દુખાવો રહે છે. રક્તસ્ત્રાવ જોવા મળે છે. તાવની અસર રહે છે. એચઆઈવીની જેમ જ બિનસુરક્ષિત સેક્સ સંબંધને આ બિમારીના મુખ્ય લક્ષણ તરીકે જોવામાં આવે છે. જાણકાર લોકો કહે છે કે કોન્ડોમના ઉપયોગથી આ ઈન્ફેક્સનને રોકવામાં મદદ મળી શકે છે. આ બિમારીના સંબંધમાં પ્રથમ વખત માહિતી બ્રિટનમાં ૧૯૮૦માં સપાટી પર આવી હતી. એ વખતે માત્ર એકથી બે ટકા લોકો જ આ ઈન્ફેક્શનથી પ્રભાવિત થયા હતા. એમજીની તપાસ માટે હાલમાં કેટલાક ટેસ્ટ કરવામાં આવ્યા છે. જો કે આટેસ્ટ તમામ હોસ્પિટલમાં ઉપલબ્ધ નથી. આની સારવાર દવા અને એન્ટીબાયોટિકથી શક્ય છે. આ બિમારીની સારવાર માટે એન્ટીબાયોટિક્સ સૌથી ઉપયોગી ગણવામાં આવે છે. જો કે જોવામાં આવ્યુ છે કે તેની સારવારમાં આવનાર એન્ટીબાયોટિક્સ મેક્રોલિડ્સની અસર હવે દુનિયામાં ઓછી થઈ છે. બ્રિટનના લોકોમાં તેના અસરમાં ૪૦ ટકાનો ઘટાડો થયો છે. જે ચિંતાજનક બાબત રજૂ કરે છે. જો કે હાલમાં એક બીજી એન્ટીબાયોટિક્સ એજિથ્રોમાઈસિન ખુબ જ મદદકાર સાબિત થઈ રહી છે. બિમારીના સંબંધમાં લોકો પાસે ખુબ ઓછી માહિતી હોવાના કારણે જટિલ સ્થિતી સર્જાઈ રહી છે. એમજી તરીકે રહેલી રહેલી બિમારી સેક્સ સંબંધોના કારણે થાય છે. અન્ય કારણ પણ છે પરંતુ સૌથી મુખ્ય કારણ તો બિનસુરક્ષિત સેક્સ સંબંધ છે.આ ઈન્ફેક્શનના કારણે કેટલાક લક્ષણ રહેલા છે. પુરૂષોની વાત કરવામાં આવે તો યુરિન વેળા દુખાવો રહે છે. સાથે સાથખે પિડા વદારે હોવાથી તાવની અસર થાય છે. જ્યારે મહિલાઓમાં સેક્સ બાદ બ્લિડિગની સમસ્યા જોવા મળે છે. ઈન્ટરનેટ મારફતે એક બાજુ તમામ પ્રકારની માહિતી મળવા લાગી ગઈ છે પરંતુ સાથે સાથે તેના મારફતે ઘણી કુટેવ પણ લોકોમાં ફેલાઈ ગઈ છે. યુવા પેઢી ઈન્ટરનેટ ઉપર ઉપલબ્ધ પોર્ન સામગ્રીથી ખૂબ જ પ્રભાવિત છે. યુવા પેઢી આના સંકંજામાં આવી ગઈ છે જેથી કુદરતી સેક્સ સંબંધોના બદલે સેક્સના વિકૃત સ્વરૂપને પસંદ કરી રહ્યા છે. આ સંબંધમાં જ્યારે સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી ત્યારે બ્રિટનમાં રહેનાર એક ૧૯ વર્ષીય યુવતીએ કહ્યું હતું કે ઈન્ટરનેટ ઉપર ચાલી રહેલી પોર્ન સાઈટોના પ્રભાવ ખૂબ જ ખતરનાક છે. તેના કહેવા મુજબ સેક્સની શરૂઆતથી જ પુરુષોના દિમાગમાં પોર્ન સાઈટોના દશ્ય અથવા તો સીન ઊભરવા લાગી જાય છે. આ લોકો સેક્સ વીડિયો અંગે વિચારતા થી જાય છે. આ યુવતીએ એમ પણ કહ્યું હતું કે પુરુષોમાં આ પ્રકારની ટેવ હવે મોટાભાગે સામાન્ય બની ગઈ છે. વિકૃત સેક્સને લઈને સર્વેમાં મોટાભાગના લોકોએ પોતાની પ્રતિક્રિયા સ્પષ્ટપણે આપી છે. કેટલાક લોકોનું કહેવું છે કે પ્રેમીને સેક્સવેળા નારાજ કરવાની બાબત કોઈપણ ચલાવી લે તેમ નથી. પોર્ન સાઈટોના સીન મોટાભાગે યુવાપેઢીના દિલોદિમાંગ ઉપર છવાયેલા રહે છે. પોર્ન સાઈટોમાં મોટાભાગે ખૂબસુરત અને ફિટનેશ ધરાવતી યુવતીઓ હોય છે જેથી યુવા પેઢી પણ આ યુવતીઓને આ પ્રકારની પુરુષોથી પ્રભાવિત હોય છે. પોર્ન સાઈટોમાં મોટાભાગે કેમેરાની કરામત હોય છે. પરંતુ યુવા પેઢી આ બાબતથી વાકેફ હોતી નથી. જાણકાર લોકોનું કહેવું છે કે પોર્ન સાઈટ મારફતે સેક્સની રમત રમી શકાય છે પરંતુ આનંદની લાગણી લેવી અશક્ય છે. આ પ્રકારની વિકૃતિ પણ ઈન્ફેક્શન માટે જવાબદાર છે. આ પ્રકારની ટેવ એમજી તરફ દોરી શકે છે.

સેક્સ કોઈ પણ કપલ વચ્ચે મજબુત સંબંધના આધાર તરીકે છે

સેક્સ લાઈફ : ડેડ રિલેશનશીપ જોખમી

સેક્સ કોઈ પણ કપલની વચ્ચે મજબુત સંબંધના આધાર તરીકે છે. જરૂરી નથી કે દરેક કપલની સેક્સ લાઈફ સારી જ ચાલતી હોય. કેટલીક વખત એવા કપલ્સની વચ્ચે પણ સેક્યુઅલ રિલેશનશીપમાં કડવાહટ આવી જાય છે જે લગ્ન પહેલા લાંબા સમય સુધી રિલેશનશીપમાં રહે છે. તેની પાછળ કેટલાક કારણો હોય છે. જાણકાર નિષ્ણાંતો આને લઈને અનેક ઉપયોગી વાતો કરતા રહે છે. હવે નિષ્ણાંતો દ્વારા કેટલીક નવી બાબતો રજૂ કરી છે. દાખલા તરીકે પાર્ટનર પ્રત્યે આકર્ષણમાં કમી, ટેન્શન અને જવાબદારીના બોજને પણ કારણ તરીકે ગણવામાં આવે છે. સેક્સમાં રસ ઘટી જવાની બાબત પણ આમાં સામેલ રહેલી છે. કેટલીક વખત એવુ બને છે કે એક પાર્ટનર સેક્સ લાઈફને સુધારી દેવા માટેના તમામ પ્રયાસો કરે છે. પરંતુ બીજા પાર્ટનર તેમાં કોઈ રસ દેખાડતા નથી. સાથે સાથે પોતાની તરફથી કોઈ પ્રયાસો પણ કરતા નથી. પરિણામ એ આવે છે કે આવા લોકો જુદી જુદી બાબતોમાં શિકાર થાય છે. તેમની વચ્ચે ખેંચતાણ વધતા જાય છે. લડાઈ ઝગડા માટે કારણ બને છે. આવા રિલેશનશીપને ડેડ બેડરૂમ રિલેશનશીપ કહેવામાં આવે છે. આ એક એવા પ્રકારના રિલેશનશીપ હોય છે જેના ભાગરૉપે કપલ વચ્ચે વર્ષભરમાં છ વખતથી પણ ઓછા સમય માટે ઈન્ટીમેટ હોય છે અથવા તો સેક્સ સંબંધ સ્થાપિત થાય છે. જો કે ડેડ બેડરૂમની આ પરિભાષા એક કપલની સેક્સુઅલ પ્રવૃતિ પર આધાર રાખે છે. જેમ કે કોઈ કપલ સમાહમાં માત્ર એક દિવસ જ સેક્સ માણવા માટે પસંદ કરે છે. ડેડ બેડરૂમ રિલેશનશીપ માટે કેટલીક ચીજો જવાબદાર હોય છે. જે પૈકી સૌથી મોટી બાબત ટેન્શન અને વધતી જતી જવાબદારી હોય છે. આના કારણે પાર્ટનર સેક્સ પ્રત્યે રસ ધરાવતા ઓછા થાય છે. જેના કારણે પાર્ટનર સેક્સ, પ્લેજર અને હનીમુન પીરિયડ જેવી ચીજોથી દુર થઈ જાય છે. તે નકારાત્મક બની જાય છે. કેટલીક વખત તો ચીજો ડિપ્રેશનની સ્થિતી તરફ પણ લઈને જાય છે. પેરન્ટ બની ગયા બાદ પણ સેક્સ લાઈફમાં ખુબ ફેરફારો જોવા મળે છે. આ ઉપરાંત હાલના સમયમાં અનહેલ્થી લાઈફસ્ટાઈલ અને ખાવાપીવાની ટેવના કારણે પણ સેક્સ પ્રવૃતિ ઘટી રહી છે. જે મોડેથી ડેડ બેડરૉમ રિલેશનશીપ માટે કારણબને છે. સેક્સ લાઈફને સુધારી દેવા માટે ફરીથી રોમાંચિત અને રોમેન્ટિક બનવાની જરૂર હોય છે. જેના માટે પાર્ટનર એકબીજા સાથે વાતચીત કરે તે જરૂરી છે. તેમને જે કઈ પણ સમસ્યા છે તે સમસ્યા અંગે એકબીજા સાથે વાત કરીને તેનો નિકાલ લાવવામાં આવે તે જરૂરી છે. આ ઉપરાંત પાર્ટનરને આ બાબતની માહિતી આપવામાં આવે કે દરેક પ્રકારની સ્થિતીમાં તે તેની સાથે છે. સમય કાઢીને સાથે ફરવા માટે જવામાં આવે તે જરૂરી છે. રોમેન્ટિક ટ્રિપ પ્લાનકરવામાં આવે તે જરૂરી છે. ફોરપ્લે ટેકનિકને અજમાવવામાં આવે તે જરૂરી છે. સાથે સાથે રોમેન્ટિક વાતો કરવામાં આવે તે જરૂરી છે. આ તમામ તરીકાની સાથે સેક્સ લાઈફને સુધારી દેવામાં મદદ મળે છે. સેક્સથી દૂર રહેનાર લોકો સંકોચ અને અપરાધની ભાવના અનુભવ કરે છે. પ્રાપ્ત અહેવાલ મુજબ સેક્સના લીધે શારીરિક ઊર્જા ખર્ચ થાય છે જેના કારણે ચરબીને ઘટાડવામાં પણ મદદ મળે છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક અભ્યાસમાં જાણવા મળ્યું હતું કે એક વખત સેક્સથી ૫૦૦થી ૧૦૦૦ કેલોરી ઊર્જા ખર્ચ થઈ જાય છે. નિષ્ણાંતોના જણાવ્યા મુજબ સેક્સવેળા કરવામાં આવેલા ચુંબનથી નવ કેલોરી ઉર્જા બર્ન થાય છે.

ડાઈટ ટિપ્સ : ફાયબરયુક્ત ચીજો ઉપયોગી છે

હાઈબ્લડ પ્રેશરમાં ભોજન

નિયમિત જીવનશૈલી અને સંતુલિત ભોજન મારફતે હાઈ બ્લડપ્રેશરની સમસ્યાથી બચી શકાય છે. જો દર્દી છે તો આના કારણે રાહત મળી શકે છે. આના માટે તમે ડેશ ડાઈટને ફોલો કરી શકો છો. ૩૦ મિનિટ સુધી મોર્નિંગ વોક, યોગા કસરત અને અન્ય હળવી કસરત પણ લાઈફમાં ઉપયોગી બને છે. હાઈ બ્લડ પ્રેશરની તકલીફ ધરાવતા દર્દીઓને ફાયબરયુક્ત ચીજોનો વધારે પ્રમાણમાં ઉપયોગ કરવાની જરૂર રહે ચે. ભોજનમાં ચોકરયુક્ત મલ્ટીગ્રેઈન, સત્તુ અને દલિયાના પ્રમાણને લેવાથી ફાયદો થાય છે. લીલા શાકભાજી, કેલ્શિયમ, મેગ્નેશિયમ, પોટેશિયમ , આયરન, ફાયબર અને વિટામિન સીયુક્ત ચીજો લેવાથી ફાયદો થાય છે. જેમ કે સંતરા, મૌસમી, દ્રાક્ષ, લિમ્બુ સિઝન મુજબ લેવામાં આવે તે જરૂરી હોય છે. દરરોજ ૧૦ ગ્લાસ પાણી ચોક્કસપણે પીવામાં આવે તે જરૂરી છે. રેડ મીટ, ફેટવાળી ચીજોનો ઉપયોગ કરવો જોઈએ નહીં. બોજનમાં ઘી, માખણ, મલાઈ અને તળેલી ચીજોનો ઉપયોગ ટાળવાની જરૂર રહે છે. હાઈ બ્લડ પ્રેશરના દર્દીઓને ભોજનમાં ફાયબર ધરાવતી ચીજોનો ઉપયોગ કરવાની જરૂર રહે છે. પૂર્ણ અનાજની ચીજોનો ઉપયોગ કરવાની જરૂર રહે છે. મગફળી અને લો ફેટ ડેરી પ્રોડક્ટસ ડાઈટમાં સામેલ કરવામાં આવે તે જરૂરી હોય છે. તમામ ડાઈટ ટિપ્સને પાળીને હાઈ બ્લડ પ્રેશરની સ્થિતીને ટાળી શકાય છે. સાથે સાથે સ્વસ્થ રહેવામાં મદદ મળે છે.

ફિલ્મી ગપસપ...

અશ્લિલતા પર અભિનેત્રી બોલીઃ મેં કદી નથી કર્યું આ કામ

મોનાલિસા કૉમેડી શૉના જજ તરીકે નજરે પડશે



ભોજપુરી ફિલ્મ ઈન્ડસ્ટ્રી હાલ બોલિવૂડને ટક્કર આપી રહી છે. જ્યારે ભોજપુરી સુપરસ્ટાર્સની ફેન ફોલોઇંગ પણ ઝડપથી વધી રહી છે. જ્યાં નિરહુઆ, રવિ કિશન જેવા સ્ટાર્સ રાજનીતિમાં આવી ચૂક્યા છે. તો બીજી તરફ ખેસારી લાલ યાદવ બિગ બૉસમાં આવી ગયા છે. જ્યારે એક એવી જ સુપરસ્ટાર મોનાલિસા, જે ભોજપુરી ઈન્ડસ્ટ્રી દ્વારા રિઆલીટી શો અને ટીવી સીરિઝથી જજની ખુરશી સુધી પહોંચી ગઈ છે. મોનાલિસા એક કોમેડી શોના જજ તરીકે નજરે પડશે. જ્યારે હાલમાં તેને ભોજપુરી ફિલ્મ ઈન્ડસ્ટ્રીને લઈને કેટલીક વાતો શેર કરી છે.

મોનાલિસા વીગો વીડિયો અને વૂટની રજુઆત વીગો કોમેડીની મહાસભા શોમાં જજ તરીકે નજરે ઈન્ટરવ્યુ દરમિયાન તેને ભોજપુરી ફિલ્મ ઈન્ડસ્ટ્રીને લઈને ચર્ચા કરી. ભોજપુરી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં બોલ્ડ સીન માટે ઓળખાતી મોનાલીસાએ કહ્યું કે, ભોજપુરી ઈન્ડસ્ટ્રી પર ભલે અશ્લીલતાનો ટેગ લાગી ચૂક્યો હોય પરંતુ મેં ક્યારેય આવું કામ કર્યું નથી. જોકે, તેને કહ્યું કે ઈન્ડસ્ટ્રીમાં ઘણા બદલાવ આવી રહ્યા છે. જ્યાં સારા વિષય પર પણ ફિલ્મ બનવાની શરૂ થઈ ગઈ છે. જણાવી દઈએ કે મોનાલિસાએ બાંગ્લા ફિલ્મોમાંથી ભોજપુરી ફિલ્મ ઈન્ડસ્ટ્રી આવી જ્યાં તેને જબરદસ્ત બોલ્ડ સીનથી ઓળખ બનાવી. તે બાદ તેને બિગ બોસની ઓફર મળી. અહીં તેને બોલ્ડનેસથી લોકોને ચોંકાવી દીધા. તેણે બિગબોસમાંજ તેના બોયફ્રેન્ડ વિકાંતસિંહ રાજપૂતથી લગ્ન કર્યા હતા.

દિશા પટણી સાચે જ ફિટનેસમાં વિશ્વાસ રાખે છે

મુંબઇ

દિશા પટાની દેખાવમાં જેટલી સુંદર અને એટ્રેક્ટિવ છે તેટલી જ તે ફિટનેસ ફ્રીક પણ છે. ફિલ્મ એમ.એસ.ધોની ધ અનટોલ્ડ સ્ટોરીથી પોતાના કેરિયરની શરૂઆત કરનારી દિશા પટની તેના પરફેક્ટ ફિગરને લઈને ખૂબ ફેમસ છે. આમ તો બોલિવૂડની અનેક અભિનેત્રી વર્કઆઉટને લઈને કેઝી હોય છે. પણ દિશા પોતાના ફિગરને લઈ ખૂબ જ વધુ અટેંટિવ પણ છે.



અન્ય બોલિવૂડ અભિનેત્રીની જેમ દિશા પોતાનો અલગ ફિટનેસ અને ડાયટ રૂટીનને ધરાવે છે. પણ તેમ છતાં દિશાએ જણાવ્યું કે તેમને મીઠી વસ્તુઓ ખૂબ જ પ્રિય છે અને મીઠી વસ્તુઓને ના કહેવી તેના માટે મુશ્કેલ છે. ખબર મુજબ તે એક તેવો નાસ્તો કરે છે જેનાથી તેમનું પેટ ભરેલું રહે છે અને તેમની મીઠી વસ્તુ ખાવાની લાલચ નથી થતી. દિશાએ જણાવ્યું કે એક્ટ્રેસ તરીકે નહીં તે સાચે જ ફિટનેસમાં વિશ્વાસ રાખે છે. વળી તેણે કહ્યું કે દરેક વ્યક્તિ ફિઝીકલ એક્ટિવિટીઝની મજા લેવી જોઇએ. અને હંમેશા તેવા વિકલ્પ શોધવા જોઇએ જેથી તમારી હેલ્થ સારી રહે. અને તે માટે પ્રતિબદ્ધ રહેવું જરૂરી છે. ચોકલેટથી પ્રેમ કરનારી દિશાને સફરજન પણ ખૂબ જ પસંદ છે. અને તેણે કહ્યું કે સફરજન ખાવાથી બોડીને ફિટ રાખવામાં ખૂબ જ મદદ મળે છે. તેણે કહ્યું કે તે હંમેશા તેવા વિકલ્પ શોધે છે જેનાથી તે તમામ જંક ફૂડ્સને પોતાના જીવનથી હટાવી શકે.

જાવેદ અખ્તરે કહ્યું,

શબાના આઝમીને આગામી બે દિવસમાં હોસ્પિટલેથી રજા આપી દેવાશે

મુંબઇ

૧૮ જાન્યુઆરી શનિવારના રોજ મુંબઈ-પુણે એક્સપ્રેસ હાઈવે પર એક ગંભીર એક્સિડન્ટમાં ઘાયલ થયેલાં વરિષ્ઠ અભિનેત્રી શબાના આઝમી અત્યારે મુંબઈની કોકિલાબેન અંબાણી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યાં છે. તેમનાં ખબર અંતર પૂછવા માટે ફિલ્મી હસ્તીઓ પણ હોસ્પિટલે આંટાફેરા કરી રહી છે. તેમના પર ઝડપથી સાજાં થઈ જવા માટે પ્રાર્થનાઓ અને શુભેચ્છાઓનો વરસાદ



થઈ રહ્યો છે. તે દરમિયાન એમના પતિ અને પટકથા લેખક-ગીતકાર જાવેદ અખ્તરે કહ્યું છે કે શબાના આઝમીને બહુ ટૂંક સમયમાં જ હોસ્પિટલમાંથી રજા આપી દેવાશે. મનોરંજન વેબસાઈટ 'બોલિવૂડ હંગામા'ને આપેલા એક ક્વોટમાં જાવેદે સનસનાટીપ્રેમી મીડિયાને ચૂંટિયો ખણતાં કહ્યું કે શબાનાની ઈજા મીડિયામાં બતાવવામાં આવી એટલી બધી ગંભીર ક્યારેય હતી જ નહીં. 'શબાનાના તમામ મેડિકલ રિપોર્ટ્સ અને એમઆરઆઈ સ્કેન વગેરે બધું જ પોઝિટિવ છે. કોઈ ગંભીર ઈજા નથી થઈ. અમે સૌએ રાહતનો શ્વાસ ખેંચ્યો છે.' જાવેદે કહ્યું હતું. જાવેદ અખ્તરના જણાવ્યા પ્રમાણે શબાના આઝમીને આગામી બે દિવસમાં ઘરે જવાની રજા આપી દેવાશે. આગામી સમયમાં શબાના આઝમી સ્ટિવન સ્પીલબર્ગના પ્રોડક્શન હેઠળ બની રહેલી 'હેલો' નામની અંગ્રેજી ટેલિવિઝન સિરીઝમાં દેખાશે.

છપાક વિવાદઃ ક્રેડિટ ન મળતાં વકીલ અપર્ણા ભટ્ટે દિલ્હી હાઈકોર્ટમાં ઘા નાંખી

મુંબઇ

કોર્ટના આદેશ છતાં 'છપાક' ફિલ્મમાં પોતાને ક્રેડિટ ન મળવા બદલ વકીલ અપર્ણા ભટ્ટે હવે દિલ્હી હાઈકોર્ટમાં ધા નાખી છે. અપર્ણાએ 'છપાક' ફિલ્મના પ્રોડ્યુસરો, જેમાં દીપિકા પાદુકોણ પણ સામેલ છે, તેની સામે કોર્ટના અનાદરની અરજી દાખલ કરી છે. આ અગાઉ દિલ્હીની પટિયાલા હાઉસ કોર્ટે 'છપાક' ફિલ્મના નિર્માણમાં વકીલ અપર્ણા ભટ્ટે આપેલા યોગદાન બદલ ફિલ્મમાં તેને ઉચિત ક્રેડિટ આપવાનો આદેશ કર્યો હતો.

અપર્ણા ભટ્ટે જ એસિડ અટેક સર્વાઈવર લક્ષ્મી અગ્રવાલનો કેસ લડ્યો હતો. વાત કરતાં અપર્ણાએ કહ્યું કે, 'મેં આ અરજી દાખલ કરી છે કારણ કે નિર્માતાઓએ આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રદર્શિત થનારી ફિલ્મમાં મને શ્રેય નથી આપ્યું.' જોકે અપર્ણાએ એ વાત સ્વીકારી કે ભારતમાં પ્રદર્શિત થયેલા 'છપાક'ના વર્ઝનમાં તેમને ક્રેડિટ આપવામાં આવી હતી ખરી.




...પ્રેગ્નેન્ટ છે ઐશ્વર્યા રાય? અભિષેક બચ્ચનના ટ્વિટથી શરૂ થઈ અટકળો

એક વાર ફરીથી પૂર્વ વિશ્વસુંદરી અને બોલિવુડની હસીન અભિનેત્રી ઐશ્વર્યા રાય બચ્ચનની પ્રેગ્નેન્સીના સમાચારોએ તૂલ પકડ્યુ છે. વાસ્તવમાં ફિલ્મ અભિનેતા અભિષેક બચ્ચનનુ એક ટ્વિટ લોકો વચ્ચે ચર્ચાનો વિષય બન્યુ છે જેણે એ વાતને હવા આપી છે કે તેની પત્ની એશ ફરીથી મા બનવા જઈ રહી છે. અભિષેક બચ્ચને સોશિયલ મીડિયા પર કોઈ સરપ્રાઈઝની વાત કરી છે ત્યારબાદ લોકોએ આ સરપ્રાઈઝને એશના ગર્ભવતી થવાને જોડી દેવામાં આવ્યુ છે. વાસ્તવમાં સોશિયલ મીડિયા પર ખૂબ જ સક્રિય રહેતા અભિષેક બચ્ચને ટ્વિટર પર લખ્યુ કે, 'દોસ્તો! તમારા બધા માટે એક સરપ્રાઈઝ છે, જોડાયેલા રહો!'

રમત જગત વિશેષ

અમે દરેક પરિસ્થિતિમાં કોઈપણ દેશમાં સારું પ્રદર્શન કરી શકીએ છીએ

આ વર્ષે બધી વન-ડેનો ટી-૨૦ વર્લ્ડ કપ માટે ઉપયોગ કરીશું: શાસ્ત્રી



ઓકલેન્ડ

ભારતીય કોચ રવિ શાસ્ત્રીએ કહ્યું કે, T-20 વર્લ્ડ કપની તૈયારીઓ માટે આ વર્ષે રમાનાર બધી વનડે મેચનો ઉપયોગ કરીશું. વર્લ્ડ કપ ૧૮ ઓક્ટોબરથી ૧૫ નવેમ્બર ૨૦૨૦ સુધી ચાલશે. શાસ્ત્રીએ કહ્યું કે, ટીમમાં 'હું' નહીં, 'આપણે'ની વાત થાય છે. બધા એકબીજાની સફળતાની ઉજવણી કરે છે, કારણકે જીત ટીમની હોય છે. ટીમ ઇન્ડિયા ફે બ્રુઆરી-માર્ચમાં ન્યૂઝીલેન્ડના પ્રવાસે 5 T-20, ૩ વનડે અને ૨ ટેસ્ટની સીરિઝ રમશે. તે પછી માર્ચમાં દક્ષિણ આફ્રિકા સામે ઘરઆંગણે ૩ વનડેની સીરિઝ રમશે. તાજેતરમાં ભારતે ૩ મેચની સીરિઝમાં ૦-૧થી પાછળ રહ્યા બાદ શ્રેણી પોતાના નામે કરી હતી. શાસ્ત્રીએ કહ્યું, "ઓસ્ટ્રેલિયા સામેની જીત ભારતની માનસિક તાકતનો પુરાવો છે. વાનખેડેમાં હાર પછી ટીમે શાનદાર વાપસી કરી, જેના વખાણ થવા જોઈએ. આ જીત સાબિત કરે છે કે અમે આક્રમક ક્રિકેટ રમીએ છીએ." ટોસના મહત્ત્વ અંગે ઈન્ડિયન કોચે કહ્યું કે, "ટોસની વાત ન કરો. અમે દરેક પરિસ્થિતિમાં કોઈપણ દેશમાં દરેક ટીમ સામે સારું પ્રદર્શન કરી શકીએ છીએ. વર્લ્ડ કપ જીતવું અમારું જુનૂન છે અને અમે તે પૂરું કરવા બધું કરીશું."



ભારતીય ટીમના ઘણા ખેલાડીઓએ ઓકલેન્ડ પહોંચી તસ્વીર શેર કરી છે. હવે કેપ્ટન વિરાટ કોહલીએ પણ ઓકલેન્ડ પહોંચ્યા બાદ બે તસ્વીરો શેર કરી છે. ભારતીય કેપ્ટન વિરાટ કોહલીએ શ્રેયસ અય્યર અને શાર્દુલ ઠાકુર સાથે ઈન્સ્ટાગ્રામ પર ફોટો શેર કરી લખ્યું હતું કે, અમે ઓકલેન્ડ પહોંચી ગયા છે. આ તસ્વીર બાદ વિરાટ કોહલીએ સાથે ખેલાડીઓ સાથે લંચ કરતા એક વધુ તસ્વીર શેર કરી છે.

સચિન તેંડુલકરે વિનોદ કાંબલીને આપ્યો મસમોટો પડકાર..!!

મુંબઇ

માસ્ટર બ્લાસ્ટર સચિન તેંડુલકરે તેમના બાળપણના સાથી ક્રિકેટર વિનોદ કાંબલીને એક ચેલેન્જ આપી છે. જી નાપ આ સદી અંગે નથી. આ તે ગીત અંગે છે. જેને લિટિલ માસ્ટરે ૨૦૧૭માં એક ગીત ગાયું હતું. તેનું ટાઇટલ હતું ક્રિકેટ વાળી બીટ, સચિને ચેલેન્જ કર્યો કે એક અઠવાડિયામાં કાંબલી તેનું રૈપ વર્ઝન ગાઇને સંભળાવે.. સચિને મંગળવારે એક વીડિયો શેર કર્યો જેમા તેણે કાંબલીને પડકાર આપ્યો છે કે તેના ગીત ક્રિકેટ વાળી બીટનું રેપ ગાઇને સંભળાવે. એટલું જ નહીં. સચિને તેના માટે કાંબલીને એક અઠવાડિયાનો સમય પણ આપ્યો છે.

ક્રિકેટર અનિલ કુંબલેએ વડાપ્રધાન મોદીનો આભાર માન્યો...!

બેંગ્લુરુ

ટીમ ઈન્ડિયાનાં દિગ્ગજ બોલર અને ઘણા રેકોર્ડ ધરાવતા અનિલ કુંબલેએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર માન્યો છે. પરીક્ષા ચર્ચા દરમિયાન વડા પ્રધાન મોદીએ સોમવારે વિદ્યાર્થીઓને ઉર્જા પહોંચાડવા માટે કેટલાક ઉદાહરણો આપ્યા હતા, જેમાં તેમણે અનિલ કુંબલેનો ઉલ્લેખ કર્યો હતો કે અનિલ કુંબલેએ એક મેચમાં પટ્ટી બાંધી બોલિંગ કરી હતી, આ માત્ર અનિલ કુંબલે માટે ગૌરવની વાત નથી, પરંતુ ભારતીય ક્રિકેટ



માટે પણ તે મોટી વાત છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે રાહુલ દ્રવિડ અને વીવીએસ લક્ષ્મણ વચ્ચે થયેલી ઐતિહાસિક ભાગેદારી અને તૂટેલા જડબા સાથે અનિલ કુંબલેની બોલિંગનું ઉદાહરણ આપીને વિદ્યાર્થીઓને પ્રેરણા આપી હતી. પરીક્ષાની તૈયારી કરી રહેલા વિદ્યાર્થીઓ માટે 'પરીક્ષા પર ચર્ચા' કાર્યક્રમમાં વડા પ્રધાને સકારાત્મક વિચારનાં સંદેશ પર ભાર મૂકવા ૨૦૦૧ ની ભારત-ઓસ્ટ્રેલિયા ટેસ્ટ શ્રેણીની યાદ અપાવી હતી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ઉલ્લેખ કર્યો છે કે અનિલ કુંબલેએ ૨૦૦૨ માં વેસ્ટ ઈન્ડીઝ સામે તૂટેલા જડબાથી બોલ ફેંક્યો હતો અને મેચ ડ્રો કરાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. આ સમય દરમિયાન, તેના ચહેરા પર પાટો બાંધવામાં આવ્યો હતો. મુશ્કેલ સ્થિતિમાં હોવા છતાં, અનિલ કુંબલેએ વેસ્ટ ઈન્ડીઝનાં વિસ્ફોટક બ્રાયન લારાને આઉટ કર્યો હતો. આ પછી, ભારતની હાર સમાપ્ત થવાની ભીતિ હતી અને ભારત મેચ ડ્રો કરવામાં સફળ રહ્યું.

દ્રોણાચાર્ય એવોર્ડ વિજેતા પાલસિંહ સંધુનું માનવું છે કે

'ટોક્યો ઓલિમ્પિક્સમાં મીરાબાઈ વેઈટલિફ્ટિંગમાં મેડલ જીતી શકે છે'



ગુવાહાટી

વેઈટલિફ્ટિંગની રમતમાં પ્રથમ દ્રોણાચાર્ય એવોર્ડવિજેતા પાલસિંહ સંધુનું માનવું છે કે મીરાબાઈ ચાનુ આગામી ટોક્યો ઓલિમ્પિક ગેમ્સમાં મેડલ જીતવાની ક્ષમતા ધરાવે છે. ટોક્યો ગેમ્સ આ વર્ષના જુલાઈમાં શરૂ થવાની છે.

સંધુનું કહેવું છે કે ભારતમાં વેઈટલિફ્ટિંગ રમતનું ભવિષ્ય ઉજ્જ્વળ છે. આપણી પાસે મીરાબાઈ ચાનુ જેવી એથ્લીટ છે, જે વર્લ્ડ ચેમ્પિયન છે અને ૨૦૨૦ની ઓલિમ્પિક્સમાં એ ભારતને મેડલ અપાવે એવી મારી ધારણા છે.

સંધુએ 'ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ'ના આયોજનની પ્રશંસા કરી છે. એમણે કહ્યું કે આ ખેલમહોત્સવથી ઓલિમ્પિક્સમાં ભારત માટે મેડલ જીતી શકે એવા એથ્લીટ્સ તૈયાર કરવાની તક મળી રહેશે. સંધુએ કહ્યું કે ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ જો ૧૦ વર્ષ સુધી ચાલુ રહે તો આપણી પાસે આપણા ભાવિ ઓલિમ્પિક મેડલ્સ માટે એક સારું બેક-અપ તૈયાર કરી શકાય. આ ખેલમહોત્સવ દ્વારા ગામડાઓ અને શાળાઓમાં સંદેશા પહોંચ્યા છે કે બાળકોએ આ ગેમ્સમાં રમવું જોઈએ. આ ખૂબ સારી યોજના છે.

ઓટીસ ગીબ્સન બાંગ્લાદેશના બોલિંગ કોચ બન્યા

ઢાકા

બાંગ્લાદેશે ૧૭ ટેસ્ટ અને વનડે મેચમાં ૩૭ વિકેટ લેનાર ભૂતપૂર્વ વેસ્ટ ઈન્ડીઝ ખેલાડી ઓટીસ ગીબ્સનને નવા ઝડપી બોલિંગ કોચ તરીકે નિમણુક કર્યા છે. ઓટીસ ગીબ્સન સાઉથ આફ્રિકાના ચાર્લ લાંગેવેલ્ટની જગ્યા લેશે. વેસ્ટ ઈન્ડીઝના ભૂતપૂર્વ ઝડપી બોલર ઓટીસ ગીબ્સને બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ સાથે બે વર્ષનો કરાર કર્યો છે.

૨૧ પત્રકારોની હત્યા લેટિન અમેરિકા અને કેરેબિયન પ્રાંતમાં કરવામાં આવી

૨૦૧૯માં ૫૬ પત્રકારોની હત્યા, ભારતમાં એકપણ બનાવ નહિ : યુએન

ન્યૂયોર્ક

સમગ્ર દુનિયાના પત્રકાર તરીકે ફરજ બજાવતા ૫૬ લોકોની હત્યા કરવામાં આવી છે જયારે ભારતમાં આ આંકડો શૂન્ય છે. ૨૧ પત્રકારોની હત્યા લેટિન અમેરિકા અને કેરેબિયન પ્રાંતમાં કરવામાં આવી હતી. તે મીડિયા માટે સૌથી સૌથી જીવલેણ વિસ્તાર દુનિયાનો સાબિત થયો છે. ૧૫ પત્રકારોની હત્યા એશિયા-પેસેફિકમાં તથા ૧૦ પત્રકારોની હત્યા આરબ દેશોમાં કરવામાં આવી છે.

સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ-એન્ટોનિયો ગુટેરેસના પ્રવક્તા સ્ટીફન દુજારિકને સોમવારે યુનેસ્કોના આંકડાઓ ટાંકીને જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૮ની સરખામણીએ સંખ્યા લગભગ અડધાથી ઓછી થઈ ગઈ છે.

આ આંકડા '' યુનેસ્કો ઓબ્ઝર્વેટરી ઓફ કિલ્ડ જર્નાલિસ્ટ્સ''માં પ્રકાશિત થયા હતા. ૨૦૧૦થી લઈને ૨૦૧૯ સુધી ૮૯૪ પત્રકારોની હત્યા થઈ છે, જેમાં સરેરાશ દર વર્ષે ૯૦ હત્યાઓ નોંધાઈ છે જયારે ૨૦૧૯માં તે આંકડો ૯૯ નોંધાયો હતો.

યુનેસ્કોએ જણાવ્યું હતું કે, આ આંકડા દર્શાવે છે કે હિંસક સંઘર્ષને કવર કરતા પત્રકારો માત્ર ભારે જોખમોનો ભોગ બને છે, પરંતુ સ્થાનિક રાજકારણ, ભ્રષ્ટાચાર અને ગુનાઓ માટે રિપોર્ટિંગ કરવા માટે પણ તેઓને નિશાન બનાવી હત્યા કરવામાં આવે છે.

વર્ષ ૨૦૧૯ માં લગભગ બે તૃતીયાંશ (૬૧ ટકા) કિસ્સા એવા દેશોમાં બન્યા હતા જેમાં સશસ્ત્ર સંઘર્ષનો અનુભવ ન થયો હોય, હાલનાં વર્ષોમાં વ્યાપક વલણમાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા માટે મળી છે જયારે વર્ષ ૨૦૧૪ની પરિસ્થિતિમાં આ આંકડો એક તૃતીયાંશ છે.

અગાઉના વર્ષો સાથે સુસંગત રીતે સંબંધિત સ્થાનિક પત્રકારોએ વર્ષ ૨૦૧૯ ૯૦ ટકાથી વધારે કેસ નોંધાયા છે. આ આંકડાઓનાં જવાબમાં, યુનેસ્કોના ડિરેક્ટર જનરલ ઓદ્રે અઝૌલેએ કહ્યું: "વિશ્વના ઘણા બધા પત્રકારો પર નિર્દેશિત દુશ્મનાવટ અને હિંસાથી ઘેરાયેલા છે.



તાતા ગ્રુપના ચેરમેન રતન તાતાનો શ્વાન પ્રત્યેનો પ્રેમ તો કોઈનાથી છુપો નથી. ઘણી વખત તેઓ કુતરાઓ માટે પોતાનો પ્રેમ રજૂ કરી ચૂક્યા છે પરંતુ આ વખતે તેમણે પોતાના સૌથી પ્રેમાળ કૂતરા 'ગોવા'ની તસવીર શેર કરી છે. તેમણે પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર પોતાના આ કૂતરાની તસવીર શેર કરી. આ તસવીરની સાથે તેમણે કેપ્શનમાં લખ્યું કે, 'હું ઓફિસમાં દરરોજ કોની રાહ જોતો હોઉં છું, મારા મિત્ર ગોવાની.'

ગ્રોસ એનપીએ ૨૦૧૯ સુધી ૩૦૦૦૦ કરોડ રૂપિયા થઈ

એલઆઈસી પર એનપીએની માર: છેલ્લા પાંચ વર્ષમાં બેડ લોન બમણી થઈ

મુંબઈ

સરકારના સ્વામિત્વવાળી વીમા કંપની ભારતીય જીવન વીમા નિગમ (LIC) પર નોન પરફોર્મિંગ એસેટનો જોરદાર ફટકો પડ્યો છે. હાલ એવી સ્થિતિ છે કે, છેલ્લા પાંચ વર્ષમાં કંપનીના એનપીએ બે ગણો થઈ ગયો છે. એલઆઈસીએ પોતાની રિપોર્ટમાં જણાવ્યુ કે, ૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૯ સુધી ૩૦,૦૦૦ કરોડ રૂપિયાનો કુલ ગ્રોસ એનપીએ છે. રિપોર્ટ મુજબ, સપ્ટેમ્બર ૨૦૧૯માં એલઆઈસીનો ગ્રોસ એનપીએ ૬.૧૦ ટકા રહ્યો જે છેલ્લા પાંચ વર્ષોમાં લગભગ બે ગણો થઈ ગયો છે. અગાઉ એલઆઈસીએ હંમેશા ૧.૫થી ૨ ટકા વચ્ચે જ ગ્રોસ એનપીએ બનાવીને રાખ્યો હતો.

બેંકોની જેમ ત્યાં પણ મોટા ડિફોલ્ટર છે. તેમાં ડેક્કન કોનિકલ, એસ્સાર પોર્ટ, ગૈમન. આઈએલએન્ડએફએસ, ભૂષણ પાવર, વીડિયોકોન ઈન્ડસ્ટ્રીઝ, આલોક ઈન્ડસ્ટ્રીઝ, એમટ્રેક ઓટો, એબીજી શિપયાર્ડ, યૂનિટેક, જીવીકે પાવર અને જીટીએલ વગેરે સામેલ છે. એલઆઈસી આ કંપનીઓમાં ટર્મ લોન અને ગેર-પરિવર્તનીય ડિબેન્ચર દ્વારા રોકાણ કરતી હતી. એલઆઈસી પાસે કુલ ૩૬ લાખ કરોડ રૂપિયાથી વધારેની સંપત્તિ છે અને અનેક મોટી પ્રાઈવેટ કંપનીઓમાં તેની ભાગેદારી છે.

વાર્ષિક ૨૬૦૦ કરોડ રૂપિયાથી વધારેનો નફો કરતી એલઆઈસીએ પોતાની રિપોર્ટમાં સ્પષ્ટ કર્યો છે કે, આ ડિફોલ્ટરોમાંથી અનેક પાસેથી વસૂલી થવાની આશા હવે નથી રહી. બેડ લોનના મોટો ભાગ પરંપરાગત વ્યવસાયથી જોડાયેલા છે. LICની રિપોર્ટ અનુસાર, ૨૫,૦૦૦ કરોડ રૂપિયાની બેડ લોન આ જ કંપનીઓ પર છે.

પેન્શન બિઝનેસથી જોડાયેલી કંપનીઓ પર ૫૦૦૦ કરોડ રૂપિયા જ્યારે લિંક્ડ બિઝનેસથી જોડાયેલી કંપનીઓ પર ૫૦૦ કરોડ રૂપિયા બાકી છે. તે છતા એલઆઈસી જીવન વીમા વ્યવસાયમાં બાકી કંપનીઓ પર લીડ બનાવેલી છે. આંકડાઓ અનુસાર, પ્રથમ વર્ષના પ્રિમિયમમાં એલઆઈસીની ભાગેદારી બાજારમાં બે તૃતિયાંશ છે.

CRPF જવાનોએ ગર્ભવતી મહિલાને ૬ કિમી ખભા પર ઉચકી હોસ્પિટલ પહોંચાડી

બીજાપુર

છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં સીઆરપીએફના જવાનોએ માનવતાનો એક સુંદર દાખલો બેસાડ્યો છે. જવાનોએ ૬ કિલોમીટરનો રસ્તો કાપીને એક ગર્ભવતી મહિલાને હૉસ્પિટલ પહોંચાડી. છેવાડાનો વિસ્તાર હોવાથી અહીં વાહનની વ્યવસ્થા નથી હોતી. જેથી જવાનોએ મહિલાને કામચલાઉ ડોળીમાં બેસાડીને તેને ઉંચકીને ઍમ્બ્યુલન્સ સુધી પહોંચાડી. અહીંથી મહિલાને તાત્કાલીક હૉસ્પિટલ લઈ જવામાં આવી. મળતી જાણકારી મુજબ, હૉસ્પિટલમાં મહિલાએ બાળકને જન્મ આપ્યો છે. માતા અને બાળકની હાલત સ્થિર હોવાનું કહેવાય છે. હાલ મહિલાની જિલ્લા હૉસ્પિટલમાં જરૂરી સારવાર ચાલી રહી છે.

બીજાપુર વિસ્તારમાં સીઆરપીએફની ટીમ પેટ્રોલિંગ કરી રહી હતી. સર્ચિંગ દરમિયાન જવાનોને ગાઢ જંગલમાં એક મહિલા મળી. મહિલા ઘણી બીમાર હતી અને પ્રસવ પીડાથી કણસી રહી હતી. આસપાસના વિસ્તારમાં કોઈ વ્યવસ્થા પણ નહોતી. ત્યારબાદ સીઆરપીએફ જવાનોએ મહિલાની મદદ કરવાનો નિર્ણય લીધો. જવાનોએ કામચલાઉ ડોળી બનાવીને મહિલાને ખભે ઊંચકી દીધી. પછી ૬ કિલોમીટર પગપાળા કાપીને જવાનોએ મહિલાને ઍમ્બ્યુલન્સ સુધી પહોંચાડી. ત્યારબાદ ગર્ભવતી મહિલાને જિલ્લા હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી.

આરબીઆઈએ વોડાફોન એમ-પેસાનું લાઈસન્સ રદ કર્યું

ન્યુ દિલ્હી

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ વોડાફોન m-Pesaનું લાઈસન્સ રદ કર્યું છે. હવે વોડાફોન m-Pesa તેનો આ વ્યવસાય ચાલુ રાખી શકશે નહીં. m-Pesa પાસે હવે પ્રિપેઇડ ઈન્સ્ટ્રુમેન્ટ તરીકે પેમેન્ટની સુવિધા પ્રદાન કરવાનો હક નહીં હોય. જો કે, m-Pesaના ગ્રાહકો અને વેપારીઓ POS (પોઇન્ટ ઓફ સેલ) હેઠળ વેલિડ ક્લેમ કરી શકે છે. તેમની પાસે લાઈસન્સ રદ કર્યાના ૩ વર્ષની અંદર કંપની પાસેથી તેમના ક્લેમનું સેટલમેન્ટ કરવાનો અધિકાર હશે. વોડાફોને આ બાબતે કહ્યું કે, તેણે પોતે જ RBIને આ સેવા બંધ કરવાની અરજી કરી હતી.

ગયા વર્ષે, વોડાફોન આઈડિયાએ આદિત્ય બિરલા આઈડિયા પેમેન્ટ્સ બેંક લિમિટેડના બંધ થયા પછી m-Pesa વર્ટિકલ બંધ કરવાનો નિર્ણય કર્યો હતો, જેની સાથે તેનું મર્જર થવા જઈ રહ્યું હતું. વોડાફોન m-Pesa એ ૧૧ કંપનીઓમાંની એક હતી, જેને વર્ષ ૨૦૧૫માં RBI દ્વારા પેમેન્ટ બેંક લાઈસન્સ આપવામાં આવ્યું હતું.

દિલ્હીમાં તાપમાન ૮ ડિગ્રી નોંધાયુ

દિલ્હીમાં ગાઢ ધુમ્મસ: ઉત્તર રેલવે વિસ્તારની ૨૨ ટ્રેન લેટ, વિઝિબિલિટીમાં ઘટાડો

ન્યુ દિલ્હી

ઉત્તર ભારતમાં ઠંડીનુ તાંડવ સતત ચાલી રહ્યુ છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન જમ્મુ કાશ્મીર, લદ્દાખ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં હિમવર્ષા થઈ છે જેની અસર રાજધાની દિલ્લીમાં ખરાબ રીતે થઈ છે અને આના કારણે દિલ્લીમાં એક વાર ફરીથી પારો ગગડ્યો છે. આજે દિલ્લીમાં સવારનુ તાપમાન ૮ ડિગ્રી રેકોર્ડ કરવામાં આવ્યુ છે. આ દરમિયાન શીત લહેર અને ધૂમ્મસનો પ્રકોપ પણ ચાલુ છે. ગાઢ ધૂમ્મસના કારણે દિલ્લી આવતી ૨૨ ટ્રેનો પોતાના નિર્ધારિત ટાઈમથી લેટ ચાલી રહી છે.

ધૂમ્મસની અસર ફ્લાઈટ્સ પર પણ પડી છે, વિસ્તારા એરલાઈન્સે એલર્ટ ઈશ્યુ કરીને કહ્યુ કે ધૂમ્મસના કારણે ફ્લાઈટો લેટ થઈ શકે છે. તમને જણાવી દઈએ કે ગાઢ ધૂમ્મસના કારણે વિઝિબિલિટી ૫૦ મીટરથી ઓછી થઈ ગઈ છે જેના કારણે લોકોને રસ્તા પર આવવા જવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

ભારતીય હવામાન વિભાગે કહ્યુ કે આજે આખો દિવસ પણ ધૂમ્મસ યથાવત રહેશે. દિલ્લી સાથે એનસીઆરના શહેરો ગુરુગ્રામ, ફરીદાબાદ, પલવલ, સોનીપત, નોઈડા, ગ્રેટર નોઈડા અને ગાઝિયાબાદમાં પણ ધૂમ્મસ છવાયેલુ છે. હિમાચલ પ્રદેશમાં થયેલી હિમવર્ષા બાદ જનજીવન ખરાબ રીતે પ્રભાવિત થઈ ગયુ છે. રાજ્યના ૮ સ્થળોએ અત્યારે તાપમાન શૂન્ય સુધી પહોંચી ચૂક્યુ છે. લોકોને જાનલેવા ઠંડીનો સામનો કરવો પડી રહ્યો છે.

કેજરીવાલની સંપત્તિ પાંચ વર્ષમાં બમણી થઈ ૩.૪ કરોડ રૂપિયા થઈ

ન્યુ દિલ્હી

દિલ્લીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે નામાંકનના છેલ્લા દિવસે પોતાનુ ફોર્મ ભર્યુ. જો કે આના માટે તેમને લગભગ સાત કલાક રાહ જોવી પડી. નામાંકનના છેલ્લા દિવસે ઘણા ઉમેદવારો પહોંચવાના કારણે નામાંકન કેન્દ્ર પર ટોકન મળ્યા બાદ અરવિંદ કેજરીવાલને લગભગ ૭ કલાક સુધી રાહ જોવી પડી હતી. વળી, અરવિંદ કેજરીવાલે ચૂંટણી પંચને આપેલા સોગંદનામામાં પોતાની સંપત્તિની વિગતો આપી છે. આવો જાણીએ કે પાંચ વર્ષમાં દિલ્લીના મુખ્યમંત્રીન સંપત્તિમાં કેટલો વધારો થયો છે.

નામાંકન દરમિયાન ચૂંટણી પંચને આપેલા સોગંદનામામાં અરવિંદ કેજરીવાલે જણાવ્યુ કે વર્ષ ૨૦૧૫થી તેમની સંપત્તિમાં ૧.૩ કરોડ રૂપિયાનો વધારો થયો છે. સોગંદનામા મુજબ વર્ષ ૨૦૧૫માં અરવિંદ કેજરીવાલની સંપત્તિ ૨.૧ કરોડ હતી, જ્યારે અત્યારે તેમની પાસે ૩.૪ કરોડ રૂપિયાની સંપત્તિ છે. આમાં જણાવવામાં આવ્યુ છે કે તેમની પાસે જે અચળ સંપત્તિ છે તેની માર્કેટ વેલ્યુમાં વધારો થયો છે.

અરવિંદ કેજરીવાલના પત્ની સુનીતા કેજરીવાલ પાસે ૨૦૧૫માં રોકડ અને જમા (એફડી) ૧૫ લાખ રૂપિયા હતી, જે વર્ષ ૨૦૨૦માં વધીને ૫૭ લાખ રૂપિયા થઈ ગઈ છે. પાર્ટીના એક પદાધિકારીએ જણાવ્યુ કે વીઆરએસ તરીકે સુનીતા કેજરીવાલને ૩૨ લાખ રૂપિયા અને એફડી મળ્યા બાકી તેમની બચતના પૈસા છે. વળી, સીએમ કેજરીવાલ પાસે રોકડ અને એફડી ૨૦૧૫માં ૨.૨૬ લાખ રૂપિયા હતા જે ૨૦૨૦માં વધીને ૯.૬૫ લાખ થઈ ગયા છે.

અવંતીપોરામાં અથડામણ: સેનાએ એક આતંકીને ઠાર માર્યો

શ્રીનગર

દક્ષિણ કાશ્મીરના અવંતીપોરામાં સેના અને આતંકવાદીઓ વચ્ચે આજે પણ અથડામણ ચાલુ છે. ભારતીય જવાનોએ એક આતંકીને ઠાર માર્યો છે.

સેના અને આતંકવાદીઓ વચ્ચે ફાયરીંગ ચાલી રહ્યુ છે. સેનાને પુલવામા જિલ્લામાં કેટલાક આતંકવાદીઓ હોવાની જાણકારી મળી હતી. જે બાદ સેનાએ વિસ્તારની ઘેરાબંધી કરી સર્ચ ઑપરેશન શરૂ કરી દીધુ હતું.

અગાઉ મંગળવારથી ત્રાલ વિસ્તારમાં અથડામણ ચાલુ હતી. પોલીસે કહ્યુ કે મંગળવારે અથડામણમાં સેનાના એક જવાન અને એક વિશેષ પોલીસ અધિકારી શહીદ થઈ ગયા હતા.

પ.બંગાળ વિધાનસભામાં ૨૭ જાન્યુ.એ સીએએ વિરુદ્ધ ઠરાવ રજૂ કરાશે

કલકત્તા

પશ્ચિમ બંગાળના સંસદીય બાબતોના મંત્રી પાર્થ ચેટર્જીએ કહ્યું કે ટીએમસી ૨૭ જાન્યુઆરીએ સુધારેલા નાગરિકત્વ અધિનિયમ (સીએએ) વિરુદ્ધ વિધાનસભામાં ઠરાવ રજૂ કરશે. ચેટર્જીએ કહ્યું, અમે ૨૦ મી જાન્યુઆરીએ અધ્યક્ષ સમક્ષ પ્રસ્તાવ રજૂ કર્યો હતો. તેને ૨૭ જાન્યુઆરીએ વિધાનસભા સમક્ષ મુકવામાં આવશે તેવી જાણકારી આપી છે. આપને જણાવી દઈએ કે, બંગાળ વિધાનસભાએ ગયા વર્ષે સપ્ટેમ્બરમાં એનઆરસી સામે ઠરાવ પસાર કર્યો હતો.

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કહ્યું હતું કે એનપીઆર, એનઆરસી અને સિટિઝનશિપ એમેન્ડમેન્ટ એક્ટ એકબીજા સાથે જોડાયેલા છે અને રાજ્યોએ તેને રિવર્સ કરવા માટે દરેક રાજ્ય સરકારે ઠરાવ પસાર કરવો જોઈએ. મુખ્યમંત્રી મમતા બેનર્જીએ સ્પષ્ટ કર્યું હતું કે, નાગરિકતા સુધારણા કાયદા વિરુદ્ધ ઠરાવ પશ્ચિમ બંગાળ વિધાનસભામાં પણ ઠરાવ પસાર કરવામાં આવશે. તેમણે કહ્યું, 'હું તમામ રાજ્યોને એનપીઆર કવાયતમાં ભાગ ન લેવાની વિનંતી કરું છું કારણ કે પરિસ્થિતિ ખૂબ જ ખરાબ છે. અગાઉ કેરળ અને પંજાબ વિધાનસભાએ સીએએ વિરુદ્ધ ઠરાવો પસાર કર્યા છે. ત્યારે રાજસ્થાનમાં ઠરાવ પસાર કરવાની તૈયારીઓ ચાલુ છે.

નાગરિકતા કાયદો અને એનઆરસી મુદ્દે હિંસક પ્રદર્શનો કરનારાઓની એવી હાલત કરીશું કે તેમની દસ પેઢીઓ યાદ રાખશે: યોગી

લખનઉ

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું કે સીએએ અને એનઆરસીના નામે રાજ્યમાં હિંસક પ્રદર્શનો કરનારાઓની એવી હાલત કરીશું કે તેમની આવનારી ૧૦ પેઢીઓ યાદ રાખશે.

યોગીએ વિપક્ષ દળોને આડે હાથ લેતા કહ્યું કે, હવે તેઓ ઘરની મહિલાઓ અને બાળકોને આગળ કરી રહ્યા છે. પ્રદર્શન કરી રહેલી મહિલાઓ અને બાળકો નથી જાણતા કે તેઓ કોનો વિરોધ કરી રહ્યા છે. રાજ્યના કાનપુરમાં સીએએના સમર્થનમાં આયોજીત રેલીને સંબોધન કરતા તેમણે કહ્યું કે,હિંસા કરનારાઓ વિરુદ્ધ રાજ્ય સરકાર પૂરી તાકાતથી કાર્યવાહી કરશે. ધરણા અને પ્રદર્શનના નામે લોકોની ભાવનાઓને ભડકાવવું, ઉત્તેજક નારા લગાવવા દેશદ્રોહની શ્રેણીમાં આવશે. આવા લોકો વિરુદ્ધ રાષ્ટ્રીય સુરક્ષા કાયદા હેઠળ સરકાર કાર્યવાહી કરશે. રેલીમાં સીએમ યોગીએ પીએમ મોદી અને ગૃહમંત્રીની સીએએને લઈને સ્પષ્ટતાને યોદ કરતા કહ્યું કે, આ કાયદો કોઈની પણ નાગરિકતા છીનવી લેવા માટે નથી ઘડાયો, પરંતુ કેટલાક પીડિતોને સુરક્ષિત જીવન આપવાના હેતુસર નાગરિકતા આપવા માટે ઘડાયો છે.

બજેટ પહેલાં થતી હલવા સેરિમની પર કટાક્ષ કર્યો

ભાજપ મને હલવો સમજે છે પણ હુ લાલ મરચું છું: અસદુદીન ઓવૈસી

હૈદરાબાદ

એઆઇએમઆઇએમના પ્રમુખ અને સાંસદ અસદુદીન ઓવૈસીએ કહ્યું હતું કે ભાજપવાળા મને હલવો સમજે છે. હું હલવો નથી, લાલ મરચું છું. બજેટ પહેલાં થતી હલવા સેરિમની પર કટાક્ષ કરતાં ઓવૈસીએ કહ્યું કે હલવો અરબી શબ્દ છે. પરંતુ નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે એની પૂજા કરી. હવે શું ભાજપવાળા હલવાનું નામ પણ બદલી નાખશે કે ?

મોદી સરકારના બીજા બજેટની રજૂઆત પહેલી ફેબ્રુઆરીએ થવાની છે. એ પૂર્વે બજેટ છપાવા જાય એ પહેલાં પરંપરાગત હલવા સેરિમની સોમવારે નોર્થ બ્લોકમાં યોજાઈ હતી. એ પ્રસંગ પર કટાક્ષ કરતાં ઓવૈસી બોલી રહ્યા હતા.

હલવા સેરિમની દરમિયાન નાણાં પ્રધાન નિર્મલા સીતારમણ, નાણાં ખાતાના રાજ્ય પ્રધાન અનુરાગ ઠાકુર અને નાણાં ખાતાના અધિકારીઓ હાજર હતા.

ઓવૈસીએ કહ્યું કે હલવો અરબી શબ્દ છે. નાણાં પ્રધાન આ વાત જાણતા નહીં હોય એટલે તેમણે હલવાની પૂજા કરી. હવે જાણ થાય કે હલવો અરબી શબ્દ છે તો શું એનું નામ પણ ભાજપવાળા બદલી નાખશે કે ?

મહારાષ્ટ્ર સરકારનો આદેશ ૨૬ જાન્યુઆરીથી શાળામાં બંધારણની પ્રસ્તાવના વાંચવી અનિવાર્ય

મુંબઈ

૨૬ જાન્યુઆરીથી મહારાષ્ટ્રની સ્કૂલોમાં એક નવો નિયમ લાગુ પડશે. નવા નિયમ પ્રમાણે સ્કૂલોમાં પ્રાર્થના બાદ કરવામાં આવશે બંધારણની પ્રસ્તાવનાનું પઠન. જાણો આમ કરવા પાછળનું શું કારણ છે. જાણો મંત્રીઓએ શું કહ્યું આ નિર્ણય પર મહારાષ્ટ્રમાં ૨૬ જાન્યુઆરીથી તમામ સ્કૂલોમાં રોજ પ્રાર્થના બાદ બંધારણની પ્રસ્તાવનાનું નિયમિત પઠન કરવામાં આવશે. રાજ્યનાં મંત્રી વર્ષા ગાયકવાડે મંગળવારે આ માહિતી આપી હતી કે રાજ્ય સરકારનાં એક પરિપત્રમાં કહેવામાં આવ્યું છે કે બંધારણની પ્રસ્તાવનાનું પઠન બંધારણની સંપ્રભુત્તા, તમામનાં કલ્યાણ અભિયાનનો ભાગ છે.

કોંગ્રેસનાં ધારાસભ્ય અને મંત્રી વર્ષા ગાયકવાડે જણાવ્યું હતું કે,'વિદ્યાર્થીઓ બંધારણની પ્રસ્તાવનાનું પઠન કરશે જેથી તે તેનું મહત્વ સમજી શકશે. સરકારનો આ પ્રસ્તાવ ઘણો જૂનો છે પરંતુ આને ૨૬ જાન્યુઆરીથી લાગુ કરવામાં આવશે. 'આ અંગે સરકારે ફેબ્રુઆરી વર્ષ ૨૦૧૩માં પરિપત્ર જાહેર કર્યો હતો. તે સમયે રાજ્યમાં કોંગ્રેસ - રાકપાની સરકાર હતી.

મહિલાએ પતિ-સાસરિયા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી

૧૦ લાખ રૂપિયા લેતી આવ મકાનના હપ્તા ભરવાના છે કહી મહિલાને કાઢી મૂકી

અમદાવાદ

શહેરના નરોડા વિસ્તારમાં રહેતી મહિલાને તેના પતિએ કહ્યું કે દસ લાખ રૂપિયા લેતી આવ, મકાનના હપ્તા ભરવા છે, જોકે મહિલાએ પૈસા લાવવાની ના પાડતાં તેને ઘરમાંથી કાઢી મૂકી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. મહિલાએ નરોડા પોલીસ સ્ટેશનમાં પતિ-સાસરિયાં વિરુદ્ધમાં ફરિયાદ નોંધાવી છે.

ગાંધીનગરમાં આવેલ સેક્ટર-૨માં રહેતી યુવતીએ પોલીસ સ્ટેશનમાં પતિ તેમજ સાસરિયાં વિરુદ્ધમાં નરોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી છે. ફરિયાદમાં કરાયેલા આક્ષેપ પ્રમાણે નરોડામાં આવેલ સ્થાપત્ય એલિગન્સમાં રહેતા મયૂર સોલંકી સાથે તેનાં વર્ષ ૨૦૧૮માં લગ્ન થયાં હતાં. મહિલાને એક સંતાન પણ છે. દસેક મહિનાથી જ તેના દીકરાને શરીરમાં બે નસ ભેગી થઈ ગઈ હતી, જેથી મહિલાના પતિ-સસરાએ ઓપરેશન કરાવવા માટે કહ્યું હતું, જોકે ડોક્ટરે દીકરાનું ઓપરેશન કરાવશો તો તેની જિંદગી જોખમમાં મુકાઈ જશે તેમ કહેતાં મહિલાએ દીકરાનું ઓપરેશન કરાવવાની ના પાડી હતી. ત્યારબાદ મહિલા સાથે પતિ અને સાસુ-સસરાએ ઝઘડો કરી તેને હેરાન કરવાનું શરૂ કરી દીધું હતું તેમજ સાસુ-સસરાએ મહિલાને તું તારા પિતાના ઘરેથી દહેજમાં કંઈ લાવી નથી અને સંતાનમાં પણ તેં બીમાર પુત્રને જન્મ આપ્યો છે તેમ કહી બે-ત્રણ લાફા મારી દીધા હતા. ત્યારબાદ દીકરાનું ઓપરેશન કરાવ્યું હતું. બે દિવસ પહેલાં રાતના દસ વાગ્યાની આસપાસ તેના પતિએ કહ્યું કે તું તારા પિયરમાંથી દસ લાખ રૂપિયા લેતી આવ, મકાનના હપ્તા ભરવા છે, જેથી મહિલાએ પિયરમાંથી પૈસા લાવવાની ના પાડતાં પતિએ મહિલાના વાળ પકડી નીચે પાડી દીધી હતી અને મોઢા તથા શરીર પર મૂઢ માર મારી સવારે પિયર જતી રહેજે તેમ કહી ઘરમાંથી કાઢી મૂકી હતી.

રીક્ષાનું ભાડુ આપવા ઘરે આવેલા ડ્રાઈવરે મહિલા સાથે બળજબરી કરતા ચકચાર

અમદાવાદ

નિકોલમાં રહેતી એક મહિલાએ તેના ભાઈની રીક્ષા યાસીન નામના વ્યક્તિને ભાડે આપી હતી. આ દરમિયાન ભાડું આપવાના બહાને યાસીને તેના ઘરે આવ્યો હતો. આ શખ્સે ભાડું આપવાના બહાને મહિલાની એકલતાનો ગેરલાભ લઈને તેની સાથે બળજબરી કરી હતી. મહિલાએ બૂમાબૂમ કરતા આખરે આ શખ્સ ત્યાંથી ભાગી ગયો હતો, નિકોલ પોલીસે આ અંગે તપાસ શરૂ કરી છે.

નિકોલમાં રહેતી ૪૯ વર્ષીય મહિલા પુત્રો અને પુત્રી સાથે રહે છે. મહિલાએ બે લગ્ન કર્યા હતા. મહિલા હાલ બંને પતિના બાળકો સાથે રહે છે. મહિલાના ભાઈએ તેની રીક્ષા તેને આપી હતી. થોડા સમય પહેલા મહિલાએ તેના ભાઈએ આપેલી રીક્ષા શાહઆલમના યાસીન છીપાને આપી હતી. યાસીન છીપા નિયમિત રીક્ષાનું ભાડું પણ આ મહિલાને ચૂકવતો હતો. ગત તા. ત્રીજી જાન્યુઆરીના રોજ ભાડું આપવાના બહાને યાસીન મહિલાના ઘરે આવ્યો હતો. ઘરે આવ્યા બાદ યાસીન મહિલા સાથે બળજબરી કરવા લાગ્યો હતો. યાસીનની હરકતથી ડરી ગયેલી મહિલાએ પોતાના પર બળાત્કાર થશે તેવા ડરથી બૂમાબૂમ કરતા યાસીન ત્યાંથી ભાગી ગયો હતો. તા.૮મી જાન્યુઆરીના રોજ પણ યાસીન ફરી મહિલાના ઘરે આવ્યો અને તેના તાબે થવા ધમકી આપી હતી. આ ઉપરાંત તાબે નહીં થાય તો વિચાર્યું નહીં હોય તેવું થશે તેમજ કોઈને કહેશે તો તેના દીકરાઓને મારી નાખશે એવી ધમકી પણ આપી હતી. મહિલાએ આખરે સમગ્ર વાત પોતાના સંતાનોને કરતા આ અંગે નિકોલ પોલીસ સ્ટેશનમાં યાસીન વિરૂધ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. જે બાદમાં પોલીસે યાસીનની ધરપકડ કરી હતી.

પતિ બહાર જમવાનું લેવા ગયો,બે શખ્સોએ મહિલા પર દુષ્કર્મ આચર્યું

ભાવનગર

વડવા વિસ્તારમાં મંગળવારે રાત્રે એક મહિલાના ઘરમાં ઘુસીને બે શખ્સોએ સામૂહિક દુષ્કર્મ આચર્યું હતું. પતિ બહાર જમવાનું લેવા ગયો તે સમયે પતિના સાથી કર્મીઓએ ઘરમાં મહિલાની એકલતાનો લાભ લઈને દુષ્કર્મ આચર્યું હોવાનું સામે આવ્યું છે. ભાવનગરના વડવા વિસ્તારમાં ગત રાત્રિના સમયે ઘરમાં ઘુસીને ગૌરાંગ અને ગોવિંદ નામના આરોપીઓએ મહિલા સાથે દુષ્કર્મ ગુજાર્યું હતું. મહિલાનો પતિ ઘરેથી બહાર ભોજન લેવા માટે ગયો હતો. તે દરમિયાન જ મહિલાના પતિ સાથે હોટલમાં કામ કરતાં ગોવિંદ અને ગૌરાંગ નામના આરોપીઓએ મહિલા સાથે બળજબરી કરી હતી. મહિલાની એકલતાનો લાભ લઈને મોં દબાવી દઈને દુષ્કર્મ આચર્યું હતું.

રાજદ્રોહ કેસઃ હાર્દિક પટેલના શરતી જામીન મંજૂર કરતી સેશન્સ કોર્ટ

અમદાવાદ

સેશન્સ કોર્ટ દ્વારા ધરપકડ કરાયેલ હાર્દિક પટેલના શરતી જામીન મંજૂર કર્યા છે. સેશન્સ કોર્ટે હાર્દિક પટેલને કેસની તારીખમાં ફરજિયાત હાજર રહવા આદેશ કર્યો છે. સેશન્સ કોર્ટે આગામી કેસની તારીખમાં હાજર રહેવાને લઈને જામીન મંજૂર કરતાં હાર્દિક પટેલના વકીલે કોર્ટમાં હાજર રહેવાની બાહેંધરી આપી છે. હાર્દિકના વકીલે જણાવ્યું કે બીજી વાર હાર્દિક પટેલ દ્વારા આવી ભૂલ નહીં થાય. ઉલ્લેખનીય છે કે રાજદ્રોહ કેસમાં જામીન શરતોનું પાલન ન કરતા હાર્દિક પટેલની ધરપકડ કરવામાં આવી હતી. જેને લઈને હાર્દિક પટેલે સેશન્સ કોર્ટમાં જામીન અંગેની અરજી કરી હતી. જેને લઈને આજે સેશન્સ કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. જેમાં સેશન્સ કોર્ટે હાર્દિક પટેલના શરતી જામીન મંજૂર કર્યા હતા.

દ્વારકાના દરિયામાં બોટમાં આગ લાગતા ડૂબીઃ ૬ ખલાસીઓનો બચાવ,૧ લાપતા

રાજકોટ

દ્વારકાના દરિયામાં અચાનક બોટમાં આગ લાગતા ડૂબી ગઈ હતી. જેમાં સવાર ૬ ખલાસીઓનો આબાદ બચાવ થયો છે. જ્યારે ૧ ખલાસી લાપતા હોવાનું જાણવા મળ્યું છે. જેની શોધખોળ ચાલી રહી છે. અરબી સમુદ્રમાં દ્વારકાના દરિયામાં દિવના વણાંકબારા બંદરની એક બોટમાં અચાનક આગ ફાટી નીકળી હતી. આ બોટમાં સાત જેટલા ખલાસીઓ સવાર હતા. બોટમાં આગ લાગતા આસપાસની બોટના ખલાસીઓએ ૬ ખલાસીઓને બચાવી લીધા હતા. જ્યારે એક ખલાસી લાપતા થઈ ગયો હતો. જેની શોધખોળ કરવામાં આવી રહી છે. અત્રે ઉલ્લેખનિય છે કે, બોટમાં આગ લગતા અન્ય બોટના ખલાસીઓએ ઉતારેલો લાઈવ વીડિયો સામે આવ્યો છે. જેમાં બોટ સળગતી નજરે પડી રહી છે.

રાજકોટના મવડીમાં પાણી મુદ્દે લોકોએ મનપાની કચેરીએ હોબાળો મચાવ્યો

રાજકોટ

મવડી વિસ્તારમાં પાણી મુદ્દે હાલાકીનો સામનો કરી રહેલા લોકોએ મનપાની પશ્ચિમ વિભાગની કચેરીએ હોબાળો મચાવ્યો હતો. પાણી મુદ્દે ત્રણ વર્ષથી રજૂઆત કરવા છતાં નક્કર પરિણામ ન આવતાં લોકો કચેરીએ પહોંચી મેઈન ગેટ પર બેસીને સુત્રોચ્ચાર કરવાં લાગ્યાં હતાં. મવડી વિસ્તાર મણાવેલ શિવમ પાર્ક.કાવેરી.એન્જલ.ગ્રીનસીટી. મધુવન ૧. મધુવન ૨. અવધ પાર્ક.સહિત ની સોસાયટીઓમાં પાણી મળતું નથી. જેથી અહિંના રહેવાસીઓએ વિરોધ પ્રદર્શન કર્યું હતું. મનપા ઓફિસનીપશ્ચિમ વિભાગ ઓફિસે લોકોએ પહોંચીને કહ્યું હતું કે,પાણી મુદ્દે પશ્ચિમ ઓફિસ માં ૩ વર્ષથી રજૂઆત કરવામાં આવી રહી છે.અધિકારી સ્થળ તપાસ કરી ચુક્યાં છે.છતાં પાણી મળતું નથી.જેથી તમામ લોકો ઓફિસના મેઈન ગેટ પાસે બેસી ગયાં અને પાણી આપોના સૂત્રોચ્ચાર કરવા લાગ્યાં હતાં.

નાગરિકતા કાયદા પર પહેલા પાનાથી ચાલુ

શકી નહોતી. પરિણામે આ કાયદા સામે આંદોલન હજુ પૂર્ણ થાય તેમ હાલમાં જણાતું નથી.

કેન્દ્ર સરકારે ૧૧, ડિસે-૨૦૧૯માં સંસદમાં નાગરિકતા કાયદો-૧૯૫૫માં સુધારો કરીને મુસ્લિમ રાષ્ટ્રો પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનમાં અત્યાચારનો ભોગ બનીને ભારત આવેલા હિન્દુ-સિખ-પારસી-ખ્રિસ્તી-જૈન અને બૌધ્ધ ધર્મી શરણાર્થીઓને ભારતનું કાયમી નાગરિકત્વનો નિર્ણય કર્યો હતો. આ કાયદાને રાષ્ટ્રપતિની પણ મંજૂરી મળી છે.

જો કે આ શરણાર્થીઓમાં મુસ્લિમ સમુદાયનો સમાવેશ નહીં કરાતા અને કેન્દ્રનું આ પગલુ આખા દેશમાં આસામની જેમ એનઆરસી લાગૂ કરવાનું પ્રથમ પગલુ હોવાનો દાવો કરીને તેની સામે કોંગ્રેસ સહિત અન્યો દ્વારા આંદોલન શરૂ કરાયાની સાથે મુસ્લિમ સંગઠન સહિતની ૧૪૦ જેટલી રીટ અરજીઓ એક પછી એક કરીને તેને સુપ્રિમ કોર્ટમાં પડકારવામાં આવ્યો છે. જેની સુનાવણી આજે બુધવારે હાથ ધરાઈ હતી.

સુનાવણી દરમ્યાન સીજે જજ બોબડેની કોર્ટમાં સવારથી જ વકીલોની અને મિડિયાની ભારે ભીડ જોવા મળી હતી. સુપ્રીમ કોર્ટે આ કાયદાની કોઈપણ પ્રક્રિયા પર તાત્કાલિક પ્રતિબંધ મૂકવાનો ઈનકાર કરી દીધો છે. આ સાથે આ મામલે દાખલ કરવામાં આવેલી અરજીઓની સુનાવણી માટે બંધારણની બેંચની રચના કરી શકાય છે. કેન્દ્ર સરકારને હવે આ મામલે જવાબ આપવા માટે ચાર અઠવાડિયાનો સમય મળી ગયો છે અને હવે પાંચમા અઠવાડિયામાં ચીફ જસ્ટિસની ખંડપીઠ આ મુદ્દે સુનાવણી કરશે.

આ મુદ્દે સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટમાં બુધવારે જે બન્યું તેના પર નજર નાંખીએ તો સુપ્રીમ કોર્ટે સિટિઝનશિપ એમેન્ડમેન્ટ એક્ટના મુદ્દાને બંધારણની બેંચ પાસે મોકલવાનો સંકેત આપ્યો છે. હવે ચાર અઠવાડિયા પછી આ મુદ્દે સુનાવણી થશે, જેમાં બેંચની રચના કરવામાં આવશે.

સુપ્રીમ કોર્ટ દ્વારા આસામ, ઈશાન અને ઉત્તર પ્રદેશને લગતી અરજીઓ માટે એક અલગ કેટેગરી બનાવવામાં આવી છે. વકીલ સર્વશ્રી વિકાસ સિંઘ, ઈન્દિરા જયસિંહ તરફથી અદાલતમાં અપીલ કરવામાં આવી હતી કે આસામનો મુદ્દો સંપૂર્ણપણે જુદો છે, તેથી તેમની વહેલી તકે સુનાવણી થવી જોઈએ.

આસામ, પૂર્વોત્તર, યુપી સાથે સંબંધિત કેસો માટે એક અલગ બેંચની રચના કરવામાં આવશે, જે ફક્ત તેમને સંબંધિત અરજીઓની સુનાવણી કરશે. આસામને લગતી અરજીઓનો જવાબ આપવા કેન્દ્ર સરકારને ૪ અઠવાડિયાનો સમય આપવામાં આવ્યો છે. કેટલીક અરજીઓ ૧૯૮૫ ના આસામ સમજૂતિ કરારના ભંગની શરતમાં સુધારોને પડકારતી હતી, જે અસમમાં ગેરકાયદેસર ઈમિગ્રેશનને નિયંત્રિત કરવા રજૂ કરવામાં આવી હતી.

કેન્દ્ર તરફથી કોર્ટને અરજ ગુજારવામાં આવી કે હવે કોઈ આ કાયદા સામેની નવી અરજીઓ પર પ્રતિબંધ મૂકવો જોઈએ. આ મુદ્દે સુપ્રિમ કોર્ટમાં કહ્યું કે તે એવું ના કરી શકે. કોઈપણ નવી અરજી દાખલ કરી શકાય છે.

સંખ્યાબંધ રીટ અરજીઓ હોવાથી આ મુદ્દા પર વધુ સુનાવણી કરવાની પ્રક્રિયા શું હશે, તે અંગે કોર્ટે કહ્યું કે આ મામલાની સુનાવણી ચેમ્બર ઓફ ચીફ જસ્ટિસમાં કરવામાં આવશે. ચેમ્બરમાં યોજાનારી સુનાવણીમાં ફક્ત એક જ વકીલને કેસની તક મળશે.સુપ્રીમ કોર્ટમાં નાગરિકતા સુધારો કાયદાની વિરુદ્ધ કુલ ૧૪૧ અરજીઓ દાખલ કરવામાં આવી હતી. આ સિવાય એક અરજી તેની તરફેણમાં હતી અને કેન્દ્ર સરકાર વતી અરજી કરવામાં આવી હતી.

પંચમાં રહેવા પહેલા પાનાથી ચાલુ

વ્યવસ્થા હોવી જોઈએ/પંચો-સાહેદો-ફરિયાદીને માર્ગદર્શન મળવું જોઈએ/સત્યની સાથે ચાલનાર પંચો-સાહેદોની કદર થવી જોઈએ.

પોલીસ કઈ રીતે પંચો/સાહેદોની કદર કરી શકે ? વર્ષમાં બે વખત, ૨૬ મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિન અને ૧૫ મી ઓગષ્ટ આઝાદી દિનની ઉજવણી નિમિત્તે 'સત્યમેવ જયતે'નું સૂત્ર સાર્થક કરી શકાય છે. આ ઊજવણીમાં એવા પંચો/સ્વતંત્ર સાહેદોનું જાહેરમાં સન્માન કરવું જોઈએ, જેઓ કોર્ટ સમક્ષ સત્યને વળગી રહ્યા હોય; જેના કારણે આરોપીને ૫ વર્ષ કે તેથી વધુ સજા કોર્ટે કરી હોય ! પંચોની કદર થાય તો કન્વિક્શન રેટ પણ સુધરે; વિક્ટિમને ન્યાય મળે. લોકોને પોલીસ અને ન્યાયતંત્રમાં ભરોસો બેસે. મેં આ પ્રયોગ સાબરકાંઠા/જૂનાગઢ/અમદાવાદ સિટીમાં કર્યો હતો. ફેબ્રુઆરી ૨૦૧૩માં, અમદાવાદમાં

અબડાસા ધારાસભ્યના પુત્રએ હવામાં ફાયરિંગ કરતા વિવાદઃ વીડિયો વાયરલ

કચ્છ

અબડાસાના ધારાસભ્ય, સમાજસેવા અને જમીન પરના વ્યકિત તરીકેની ઓળખ ધરાવતા પદ્મુમનસિંહ જાડેજાના પુત્ર જયદીપસિંહ જાડેજા હવામાં ફાયરિંગ કરતો હોય તેવો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. પોતાના જ ઈન્સ્ટાગ્રામ આઈડી પર આ વીડિયો અપલોડ કરાયા બાદ તમામ વીડિયો વાયરલ થઈ રહ્યા છે.

આ ત્રણ વીડિયોમાં જયદીપસિંહ જાડેજા હવામાં ફાયરિંગ કરતા જોવા મળે છે. ત્રણ અલગ અલગ વીડિયોમાં રિવોલ્વર વડે ત્રણ રાઉન્ડ, બંદૂક વડે એક રાઉન્ડ અને ૧૨ બોર ગન વડે બે રાઉન્ડ ફાયર કરતા જોવા મળી રહ્યાં છે. ગોળીબારના આ વિડિયોને પગલે અનેક ચર્ચાઓ શરૂ થઈ છે. ખાસ કરીને થોડા સમય પહેલા પશ્ચિમ કચ્છ પોલીસે હાથમાં હથિયાર રાખી સોશિયલ મીડિયા પર વીડિયો બનાવનાર યુવાનો સામે કાર્યવાહી કરી હતી. જેના પગલે આ વીડિયો બાદ પોલીસની કાર્યવાહી તરફ સૌ કોઈની મીટ મંડાઈ છે. તે દરમિયાન ભુજ એસપી સૌરભ તોલંબિયાએ જણાવ્યું હતું કે, આ વીડિયો બાબતે પોલીસને જાણકારી મળી છે અને આ બાબતે નખત્રાણા નાયબ પોલીસવડાને તપાસ સોંપી દેવાઈ છે. વીડિયો ક્યારે બનાવ્યા, કઈ જગ્યાએ બનાવ્યા તમામ બાબતો સ્પષ્ટ થયા બાદ પોલીસ નિયમો અનુસાર કાર્યવાહી કરશે.

કડકડતી ઠંડીમાં ભેખડો વચ્ચે ત્યજી દેવાયેલી બાળકી મળી આવી

ટંકારા

ટંકારા તાલુકાના નેકનામ ગામે આવેલ વોકળામાંથી આજે તાજી જન્મેલી બાળકી ત્યજી દીધેલી હાલતમાં મળી આવી હતી. આ બનાવની જાણ થતાં ૧૦૮ એમ્બ્યુલન્સ સ્ટાફે ઘટનાસ્થળે દોડી જઈને આ નવજાત બાળકીને વધુસારવાર અર્થે રાજકોટ ખેસડી છે. આ બનાવ અંગે ટંકારા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યોછે.

ટંકારા તાલુકાના નેકનામ ગામે સીમમાં આવેલા વોકળામાંથી કોઈ અજાણી સ્ત્રીએ નવજાત બાળકીને જન્મ આપીને તરછોડી દીધી હતી. આજે નવજાત ત્યાંથી મળી આવી હતી. આ બનાવની જાણ થતાં ટંકારા ૧૦૮ એમ્બ્યુલન્સના ડો. રુદ્રાબેન અને પાયલટ છેલુભાઈ અને કેતનસિંહ ઘટનાસ્થળે દોડી ગયા હતા. આ બનાવને પગલે ગ્રામજનો પણ એકઠા થઈ ગયા હતા. બાદમાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે આ નવજાત બાળકીને વધુસારવાર અર્થે રાજકોટ ખસેડાઈ છે. આ બનાવની જાણ થતાં ટંકારા પોલીસ સ્ટાફ ઘટનસ્થળે દોડી ગયો હતો અને બીટ જમાદાર ફિરોજખાન પઠાણેઆ નબજાત બાળકીને કોણ જન્મ આપીને અહીં ત્યજી ગયું છે તે અંગે તપાસ હાથ ધરી છે. જાણી સ્ત્રી પોતાનું પાપ છૂપાવવા ફૂલ સમાન નવજાત બાળકી જન્મ આપીને અહીં આવી કડકડતી ઠંડીમાં ત્યજીને ફરાર થઈ જતાં આ મામલે તેના પર ફિટકાર વરસી રહ્યો છે.

જજીજ બંગલા પાસે વિસ્મય શાહ પોતાની ર્સ્ઙ કારથી અકસ્માત કરી નાસી ગયો હતો. ગુજરાત જ નહીં, આખા દેશમાં આ 'હિટ એન્ડ રન' કેસે ચકચાર જગાવી હતી. તેમાં રાહુલ પટેલ અને શિવમ દવેનું મૃત્યુ થયું હતું. રાહુલ અને શિવમ સાથે બીજા બે મિત્રો હતા; તે બન્ને મિત્રો કોર્ટ સમક્ષ ફરી ગયા ! કેસ લૂલો થઈ ગયો હતો. આરોપી વિસ્મય શાહે આ અકસ્માત કર્યો તે પહેલા થોડે દૂર એક કારને ડાબી સાઈડથી ઓવરટેઈક કરી ઘોબો પાડી દીધો હતો; તે કાર મિતેશ શાહની હતી, તેની નજર સામે જ વિસ્મયે રાહુલ/શિવમને હવામાં ઉલાળ્યા હતાં. આરોપીના વકીલે સાહેદ મિતેશ શાહની સતત ૪ કલાક સુધી ઉલટતપાસ કરી હતી. આ સાહેદના કારણે જ જૂન ૨૦૧૫માં સેશન્સ કોર્ટે, વિસ્મય શાહને પાંચ વર્ષની જેલની સજા કરી.મિતેશ શાહને ફેરવવા માટે ખટપટ થયેલી પરંતુ તેઓ કોર્ટ સમક્ષ સત્યને વળગી રહ્યા. આ બાબત મને સ્પર્શી ગઈ. એ વખતે અમદાવાદ સિટીમાં ૈંઁ હેડક્વાર્ટરનો વધારાનો હવાલો મારી પાસે હતો. ૨૬ જાન્યુઆરી ૨૦૧૭, પ્રજાસત્તાક દિનની ઉજવણી વેળાએ, શાહીબાગ પરેડ ગ્રાઉન્ડ ઉપર પોલીસ કમિશ્નર એ. કે. સિંઘના હસ્તે મિતેશ શાહનું જાહેર સન્માન કર્યુ હતું. દરેક જિલ્લામાં/શહેરમાં રાષ્ટ્રિયપર્વની ઊજવણી વેળાએ દર વર્ષે પંચો/સ્વતંત્ર સાહેદોની કદર કરવામાં આવે તો લોકો પંચમાં રહેવા/સાહેદ તરીકે નાગરિકધર્મ બજાવવા ઉત્સાહ દાખવે જ. સુધારાની તાતી જરુરિયાત છે. પોલીસ નાગરિકોની કદર કરતા શીખશે? પોલીસ પોતાની 'ફ્યુડલ વર્તણૂક' છોડીને 'ડેમોક્રેટિક વર્તણૂક' અપનાવશે?

રિટાયર્ડ ડીવાયએસપી શ્રી આર એલ સંઘાણી

૨૬ જાન્યુઆરીએ પહેલા પાનાથી ચાલુ

પાક આર્મી અને આઇએસઆઈની મદદથી પ્રી પ્રોગ્રામ્ડ ડ્રોનનો ઉપયોગ હથિયાર મોકલી શકે છે.

સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે, પંજાબ અને રાજસ્થાનમાં તસ્કરો દ્વારા ખાલિસ્તાન સમર્થકો ૨૬ જાન્યુઆરીના પ્રસંગને વિક્ષેપિત કરવા માટે હથિયારો પહોંચાડી શકે છે.

ઈન્ટીગ્રેટેડ ચેક પોસ્ટ,અટારી બોર્ડર, હુસેનીવાલ બોર્ડર અને કરતારપુર કોરિડોર પર એલર્ટ જાહેર કર્યો છે. બીએસએફએ આ જગ્યાએ સુરક્ષામાં વધારો કર્યો છે. શંકા છે કે ૨૬ જાન્યુઆરીના રોજ ઉજવણીને ખલેલ પહોંચાડી શકે છે.

ગગનયાન પહેલા પાનાથી ચાલુ

મોકલવામાં આવશે. આ મનુષ્ય જેવા દેખાતા હ્યૂમનોઈડ રોબોટ હશે. અન્ય દેશ આવા મિશનથી પહેલા અંતરિક્ષમાં પશુઓ મોકલી ચૂક્યા છે. હ્યૂમનોઈડ શરીરના તાપમાન અને ધબકારા સંબંધિત ટેસ્ટ કરશે.'' સિવને જણાવ્યું કે, ''ગગનયાન મિશન માટે જાન્યુઆરીના અંતમાં જ ૪ પસંદગીના એસ્ટ્રોનોટ્સને ટ્રેનિંગ માટે રશિયા મોકલવામાં આવશે.''

સિવને કહ્યું કે ગગનયાન માત્ર મનુષ્યોને અંતરિક્ષમાં મોકલવાનું મિશન નથી. આ મિશન આપણને આગળ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તર પર સહયોગ મેળવવામાં મદદ કરશે. તેમણે કહ્યું કે, ''આપણે જાણીએ છીએ કે વૈજ્ઞાનિક શોધ, આર્થિક વિકાસ, શિક્ષણ, ટેક્નિકલ વિકાસ અને યુવાઓને પ્રેરણા આપવી એ બધા દેશોનું લક્ષ્ય છે. કોઈ ભારતીય દ્વારા અંતરિક્ષની યાત્રા આ બધી પ્રેરણાઓ માટે સૌથી ઉત્તમ પ્લેટફોર્મ છે.''

૨૦૨૨માં ઈસરો માનવ મિશન ગગનયાન લોન્ચ કરશે. તેમાં ત્રણ ક્રૂ મેમ્બર સામેલ થશે. આ મિશનમાં ઈસરો કોઈ મહિલાને મોકલી રહ્યું નથી. તેના માટે ઈસરોએ મહિલાના ચહેરા વાળો હ્યૂમનોઈડ તૈયાર કર્યો છે જેને વ્યોમમિત્રા નામ આપવામાં આવ્યું છે. ઈસરોના ચેરમેન સિવને કહ્યું કે, ''હ્યૂમનોઈડ મોટાભાગે તૈયાર છે. અમે ઇચ્છીએ છીએ કે તે આપણી ક્ષમતાઓ દર્શાવવાની સાથે આ મિશનનો ઉદ્દેશ્ય પણ પૂર્ણ કરે. ઉદ્દેશ્ય છે કે એસ્ટ્રોનોટ્સ મિશનમાં જાય અને સુરક્ષિત પરત ફરે.

ટ્રમ્પની હત્યા પહેલા પાનાથી ચાલુ

સાથે વાત કરતા વુડે કહ્યું છે કે, ઈરાન તરફથી આવતા આવા નિવેદનો તેમના શાસનનો આતંકી ચહેરો દર્શાવે છે.

તેમણે કહ્યું કે, ઈરાનનું આ નિવેદન બકવાસ છે અને આવા શાસને ઝડપથી તેમનું વર્તન બદલવું પડશે.

બગદાદ એરપોર્ટ પર ૩ જાન્યુઆરીએ અમેરિકા દ્વારા કરવામાં આવેલા ડ્રોન હુમલામાં ઈરાનની ઈલીટ કુર્દસ સેનાના પ્રમુખ જનરલ કાસિમ સુલેમાનીનું મોત થયું હતું.

સૌથી વધુ આત્મહત્યા પ્રેમ પ્રકરણમાં,માર્ચ મહિનામાં ૨૦ લોકોએ આપઘાત કર્યો

સાબરમતી રિવરફ્રન્ટ વૉક-વે બન્યું સ્યુસાઈડ પૉઈન્ટઃ ૧ વર્ષમાં ૮૯ લોકોએ જીવન ટૂંકાવ્યુ

અમદાવાદ

સાબરમતી નદીને અમદાવાદીઓએ સ્વચ્છ તો બનાવી છે પરંતુ નદીમાં પડી આત્મહત્યાના કિસ્સાઓ ઓછા થતાં નથી. સ્વચ્છતા અભિયાન બાદ ફરી ભરાયેલી નદીમાં આત્મહત્યાના કિસ્સા ફરી શરૂ થયા છે. ડિસેમ્બર મહિનામાં ૧૨ લોકોએ સાબરમતીમાં ઝંપલાવીને આપઘાત કર્યો હોવાનું સામે આવ્યું છે. સાબરમતી પુલ પર પ્રોટેક્શન વૉલ બનાવી છે. જેથી લોકો હવે વોક વે પરતી વધુ સ્યુસાઈડ કરે છે. જેથી સાબરમતી રિવરફ્રન્ટનો વોક-વ હવે સ્યુસાઈડ પોઈન્ટ બની ગયું હોય તેમ લાગી રહ્યું છે.

ફાયર રેસ્ક્યુ ટીમે જણાવ્યું હતું કે સૌથી વધુ વાડજ રામ રહીમનો ટેકરો, કુલ બજાર, ગુજરી બજાર, સરદારબ્રિજ, વાસણા બેરેજ પાસેથી ઝંપલાવે છે. મોટાભાગની લાશો સરદારબ્રિજની આસપાસ મળે છે જ્યારે કેટલીક લાશો તરતી આવે છે. લોકો વોક વે પરથી પણ વધુ પડે છે માટે રેસ્કયુ ટીમ વોક વે પાસે સતત પેટ્રોલિંગ કરે છે. છેલ્લા એક વર્ષમાં મહિના અને ૮૯ લોકોએ સાબરમતીમાં ઝંપલાવીને આપઘાત કર્યો છે. જ્યારે ફાયર બ્રિગેડની રેસ્ક્યૂ ટીમે કુલ ૨૦ લોકોને જીવતા બચાવ્યા છે. સૌથી વધુ પુરુષોએ નદીમાં ઝંપલાવી આત્મહત્યા કરી છે.

સાબરમતી નદીમાં ઝંપલાવી આત્મહત્યાના કિસ્સામાં રોકવા મ્યુનિસિપલ તંત્ર દ્વારા તમામ બ્રિજ પર ઉંચાઈવાળી લોખંડની જાળી લગાવી દેવાઈ છે. પરંતુ હવે લોકો વોક વે પરથી પડતું મૂકી આત્મહત્યા કરે છે. આત્મહત્યાના કિસ્સામાં મોટી ઉંમરના લોકો બીમારીથી કંટાળી, એકલવાયું જીવન, ઘરના લોકોથી ત્રાસ કારણ હોય છે. જ્યારે મહિલાઓમાં ઘરના અને સાસરિયાંના ત્રાસ તેમજ પ્રેમ પ્રકરણ જવાબદાર હોય છે ઉપરાંત યુવાનોમાં બેરોજગારી પણ આત્મહત્યા માટે કારણ બને છે. સરદારબ્રિજ, એનઆઈડીની પાછળ અને આંબેડકરબ્રિજ પાસેથી વધુ લાશ મળે છે.

પોતાના મતવિસ્તારના કામો નહીં થતાં નારાજ થઈને રાજીનામુ આપ્યાની ચર્ચા

ભાજપમાં ભડકોઃ સાવલીના ધારાસભ્ય કેતન ઈનામદારનું રાજીનામું

ગાંધીનગર

હમણાં સુધી ગુજરાતમાં કોંગ્રેસમાંથી ધારાસભ્યોના રાજીનામા પડતા હતા. પરંતુ હવે રાજનામાનો વાયરસ કમલમ પહોંચ્યો હોય તેમ આજે વડોદરા જિલ્લાના સાવલીના ભાજપના યુવા ધારાસભ્ય કેતન ઈનામદારે એકાએક ધારાસભ્યપદેથી રાજીનામુ આપતાં ગુજરાતમાં ભાજપની નેતાગીરીને આંચકો લાગ્યો હતો. કહેવાય છે કે વડોદરાને એઈમ્સ હોસ્પિટલ નહીં મળતાં તેઓ નારાજ હતા અને તેથી રાજીનામુ આપ્યું હોવાનું બહાર આવ્યું છે. જો કે સાચુ કારણ તો હવે પછી બહાર આવી શકે.

સૂત્રોએ જણાવ્યું કે સાવલીના ધારાસભ્ય કેતન દ્વારા આજે અચાનક રાજીનામુ આપતાં ભાજપને આંચકો લાગ્યો હતો. અને પક્ષમાં ચાલી રહેલો આંતરિક અસંતોષ સપાટી પર આવી ગયો હતો. તેમના રાજીનામાથી વિધાનસભામાં ભાજપના ધારાસભ્યોની સભ્ય સંખ્યા ૧૦૩થી ઘટીને ૧૦૨ થઈ ગઈ હોવાનું પણ જાણવા મળે છે.

સૂત્રોએ વધુમાં કહ્યું કે કેતન સો પ્રથમ અપક્ષ ઉમેદવાર તરીકે જીત્યા હતા. અને ત્યારબાદ તેઓ ભાજપમાં જોડાયા હતા. તેમણે પક્ષને અને સરકારને એક ખુલ્લો પત્ર પણ લખ્યો છે.

કહેવાય છે કે પોતાના મતવિસ્તારના પ્રજાકિય કામો પોતાની જ સરકાર હોવા છતાં નહીં થતા નારાજ ચાલી રહ્યાં હતા. ઉપરાંત એઇમ્સ હોસ્પિટલ સીએમ વિજય રૂપાણીના હોમટાઉન રાજકોટને ફાળવાતા તેઓ નારાજ હતા. તેમની માંગણી હતી કે એઇમ્સ માટે વડોદરા સૌથી યોગ્ય સ્થળ છે. પરંતુ તેમની વાત ધ્યાને ન લેવાતા રાજીનામુ આપ્યું છે. નોંધનીય છે કે અત્યારસુધી કોંગ્રેસમાંથી જવાહર ચાવડા, અલ્પેશ ઠાકોર, ધવલસિંહ ઝાલા, આશાબેન પટેલ, કુંવરજી બાવળિયા વગેરે.ના રાજીનામાંના સમાચારો આવતા હતા. હવે ભાજપમાં કોંગ્રેસવાળી થઈ છે. ગુજરાત ભાજપ અને સરકાર માટે પોતાના ધારાસભ્યનું રાજીનામુ એક પડકારસમાન કહી શકાય.

રાજ્યના પાટનગર ગાંધીનગરમાં બનેલી ઘટના

કુડાસણમાં બિલ્ડિંગ ખોદકામ સમયે ભેખડ ધસી પડતાં ૪ મજૂરોના મોત

ગાંધીનગર

ગાંધીનગરના કુડાસણમાં માટીની ભેખડ ધસી પડતાં દટાયેલાં ૪ મજૂરોનાં મોત થયાં છે. મૃતકોની હજુ સુધી કોઈ ઓળખ થઈ નથી. પોલીસે આ બાબતે કાર્યવાહી હાથ ધરી છે. પ્રમુખ આનંદ ઓર્બિટ મોલની કન્સ્ટ્રક્શન સાઈટ પર ખોદકામની કામગીરી ચાલી રહી હતી. આ સમયે જ આ ઘટના ઘટી હતી.

આ સાઈટ ગાંધીનગરના કુડાસણ પાસે આવેલી છે. આજે બપોરના સમયે ઘટેલી આ ઘટના બાદ તંત્રમાં પણ દોડધામ મચી હતી. દટાયેલા મજૂરોને બચાવવાની ઘણી કોશિષ કરાઈ હતી પણ તેઓના જીવ બચાવી શકાયા ન હતા. આ મજૂરોને બહાર કાઢવા ૨ જેસીબી મશીન લગાવાયા હતા પણ તેમનું પ્રાણપંખેરૂ ઉડી ગયું હતું. તમામને કાઢવા માટે હાજર લોકોએ રેસ્ક્યૂ કર્યું હતું.

ઘટનાની જાણ થતાં ઉચ્ચ અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા છે. જેસીબીની મદદથી બહાર કાઢી દટાયેલા ૪ વ્યક્તિઓને સિવિલ હોસ્પિટલમાં લઈ જવાયા હતા. જો કે સિવિલ હોસ્પિટલના હાજર ડોક્ટરે તમામને મૃત જાહેર કર્યા હતા. આ ઘટનામાં કેટલા મજૂરો દટાયા હતા તેની વિગતો હજુ પ્રાપ્ત થઈ નથી પણ આ અંગે પોલીસ તપાસ કરી રહી છે. બનેલી આ ગોઝારી ઘટનામાં ૪ નિર્દોષોનો ભોગ લેવાઈ ગયો હતો.

પ્રમુખ ઓર્બિટ સાઈટની ભેખડ ધસી પડતાં આ ઘટના ઘટી છે. બિલ્ડીંગના ખોદકામ સમયે જ ભેખડ ધરાશાયી થઈ હતી. મૃતકોની લાશોને હાલમાં સિવિલમાં રખાઈ છે. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને તંત્રના ઉચ્ચઅધિકારીઓ પણ ઘટનાસ્થળે દોડી ગયા હતા.

થરાદમાં એક જ દિવસમાં બે કેનાલમાં ભંગાણ પડતાં ખેડૂતોમાં રોષ

થરાદ

બનાસકાંઠાના વાવ પંથકમાં કેનાલ તુટવાનો સિલસિલો યથાવત છે. વાવની ઉચપા માઈનોર એક કેનાલમાં ૧૦ ફૂટનું ગાબડું પડ્યુ છે. ખેડૂતોનો આક્ષેપ છે કે, કેનાલમાં સફાઈ વગર પાણી છોડાતા કેનાલમાં મસમોટા ગાબડા પડ્યા હતા.

કેનાલના પાણી ખેતરમાં ફરી વળતા ઊભા પાકને નુકસાન થવાની ભીતી સેવાઈ રહી છે.તો થરાદની કેનાલોમાં ભંગાણ પડવાનો સીલસીલો ક્યારે અટકશે. તે એક મોટો પ્રશ્ન બની ગયો છે. ફરી વાર થરાદના ભોરલ ગામની સીમમાં આવેલી કેનાલમાં ભંગાણ પડ્યું.

જેના કારણે ખેડૂતોના ખેતર જળ બંબાકાર થઈ ગયા હતા.એક જ દિવસમાં બે કેનાલમાં ભંગાણ પડતા પાણીનો પ્રવાહ સતત ચાલુ છે. જેથી ખેડૂતોમાં પણ રોષ ફેલાયો છે.

વિરાજબા જાડેજાએ વિદ્યાર્થીઓની મદદથી રાષ્ટ્રધ્વજ બનાવ્યો

૪૨ હજાર કાગળના ટુકડામાંથી બનેલ ૧૦.૬ ફૂટનો રાષ્ટ્રધ્વજ ૨૬મીએ વર્લ્ડ રેકોર્ડ નોંધાવશે



રાજકોટ

રાજ્યકક્ષાના પ્રજાસત્તાક પર્વની રાજકોટમાં ઉજવણી થનાર હોવાથી કલેક્ટર તંત્ર દ્વારા તૈયારીઓ કરવામાં આવી રહી છે. ૪૨ હજાર કાગળના ટૂકડા જોડી ૧૦.૬ ફૂટનો રાષ્ટ્રધ્વજનો બનાવીને ૨૬મી જાન્યુઆરીના દિવસે એક વર્લ્ડ રેકોર્ડ નોંધાવવામાં આવશે, હાલ આ રાષ્ટ્રધ્વજ કલેક્ટર કચેરીમાં જ નિષ્ણાંત વિરાજબા જાડેજા દ્વારા તૈયાર થઈ ગયો છે. કાગળના ટૂકડાથી રાષ્ટ્રધ્વજ ૨૨ દિવસની મહેનત બાદ તૈયાર થયો. અગાઉ વિરાજબા જાડેજાએ યુએઈમાં કાગળનો રાષ્ટ્રધ્વજ ૯.૫ ફૂટનો બનાવ્યો હતો. રાષ્ટ્રધ્વજ તૈયાર કરી રહેલા વિરાજબા જાડેજાએ જણાવ્યું હતું કે, આ જાપાનીઝ પદ્ધતિ કહેવાય જેમાં માત્ર પેપરનો જ ઉપયોગ થાય છે. જાપનીઝ પદ્ધિતિમાં એ લોકો માત્ર કાગળનો જ ઉપયોગ કરે છે જે તે કૃતિ બનાવવામાં. મેં તે કલાકૃતિનો ઉપયોગ કરીને રાષ્ટ્રધ્વજ બનાવવાનું શરૂ કર્યું છે. લગભગ ૨૨ દિવસમાં બની બની ગયો છે.કાગળના ટુકડા બનાવવા માટે રાજકોટના અલગ અલગ સ્કૂલોના વિદ્યાર્થીઓની મદદ લેવાઈ છે.

૨૪થી ૨૬ જાન્યુઆરી સુધી ફલાવર શોનું આયોજન

રાજકોટમાં યોજાનાર ફલાવર શો આરોગ્યથી લઈ પર્યાવરણ જાગૃતિ થીમ પર હશે



રાજકોટ

આ વર્ષે રાજ્યકક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી રાજકોટમાં થનાર છે. આ ઉજવણીના ભાગરૂપે આ વર્ષે રાજકોટમાં ફલાવર શોનું આયોજન કરવામાં આવ્યું છે. ૨૪ તારીખના રોજ ફલાવર શો ખુલ્લો મુકવામાં આવશે. ૨૦૧૭ અને વર્ષ ૨૦૧૮ બાદ ફરી ૨૦૨૦માં યોજાનાર ફલાવર શોની પાલિકા દ્વારા ૨૦ રૂપિયા ફરજીયાત ટીકિટ મુલાકાતીઓ પાસેથી લેવાનું નક્કી કર્યું છે.

આ ફલાવર શોમાં આશરે ૩૦ લાખની કિંમતના ૨ લાખ જેટલા અલગ અલગ પ્રકારના ટેબલો બનાવવામા આવશે અને સાથે શહેરનું પર્યાવરણ સુધરે તે માટે ખાસ પ્રયત્ન હાથ ધરવામાં આવશે. આ વર્ષે રેસકોર્સ ગાર્ડન ખાતે યોજવામાં આવેલ ફલાવર શોમાં રેંટિયો કાંતતા મહાત્મા ગાંધીની કૃતિ, મીઠાના સત્યાગ્રહ, દાંડીકુચ, ગાંધીજીના આફ્રિકા પ્રવાસના સ્કલ્પચર, રમત ગમતના સાધનો, પર્યાવરણને લગતા ટેબલો અને આ વર્ષે ઉડતા હનુમાનજીની પ્રતિમા ખાસ મુકવામાં આવશે જે આકર્ષણનું કેન્દ્ર બનશે. આ સિવાય ફલાવર શોની મુલાકાતે આવતા લોકોના મનોરંજન માટે ખાસ પ્રકારના એન્ટિક સ્કૂટર, સાયકલ, મોટર કાર અને પપેટ્સ સાથે સેલ્ફી પોઈન્ટ મુકવામાં આવશે.

સિદ્ધપુરમાં છરીની અણીએ ૨.૫૦ લાખની લૂંટ

સિદ્ધપુર

ઉત્તર ગુજરાતના પાટણ જીલ્લાના સિદ્ધપુર ખાતે લુંટની ઘટના બની છે. છરીની અણી પર લુંટારા એક જવેલરના ૨.૫ લાખ રૂપિયા લઈને ફરાર થી ગયા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર સિદ્ધપુરની ગુરુકૃપા સોસાયટીમાં જવેલર્સના વેપારીને લુંટી લેવામાં આવ્યો છે. ગતરાત્રીના સમયે જવેલર માલિક જગદીશભાઈ પોતાની દુકાન વધાવીને ઘરે પરત ફરતા આ ઘટના બની હતી. દુકાન માલિક દુકાન વધાવી ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે બાઈક સવાર ૨ લૂંટારુઓએ તેમને છરી બતાવી તેમની પાસે રહેલી રૂપિયા ૨.૫ની રકમ લુંટી લીધી હતી. પોલીસે લૂંટની ઘટનાની તપાસ શરૂ કરી છે.

છેલ્લા ૫ વર્ષમાં બંદૂકના વેચાણમાં ૧૧૮ ટકાનો વધારો

રાજ્યમાં છેલ્લા ૫ વર્ષમાં ૯૩૮૭ ગનનું વેચાણ થયુંઃ અમદાવાદ-રાજકોટ ટોચ પર

ગાંધીનગર

ડિસેમ્બરમાં મળેલા બજેટ સત્રના સેશનમાં પૂછાયેલા એક પ્રશ્નમાં સામે આવ્યું છે કે, છેલ્લા ૫ વર્ષમાં (૧ જુલાઇ ૨૦૧૪થી ૩૦ જૂન ૨૦૧૯) ગુજરાતમાં ૯૩૮૭ ગનનું વેચાણ થયું છે. જેમા અમદાવાદ અને રાજકોટ ટોપ પર છે. જેમાં ૧૩૪૦ ગનના વેચાણ સાથે અમદાવાદ પ્રથમ જ્યારે રાજકોટ ૧૧૬૧ સાથે બીજા નંબરે છે. ૯૩૮૭ ગનમાં એનપીબી ગન, રિવોલ્વર, પિસ્તોલ અને રાઈફલનો સમાવેશ થાય છે. સેલ્ફ પ્રોટેક્શન અને ક્રોપ પ્રોટેક્શન માટે લોકો સૌથી વધુ ગન ખરીદતા હોવાનું પણ સામે આવ્યું છે.

રાજ્યમાં છેલ્લા ૫ વર્ષમાં બંદૂકના વેચાણમાં ૧૧૮ ટકા જેટલો વધારો થયો છે. જેમાં અમદાવાદ ૧,૩૪૦, રાજકોટમાં ૧૧૬૧, કચ્છમાં ૫૯૮, જામનગરમાં ૫૪૩, સુરતમાં ૩૦૮ અને વડોદરામાં ૩૯૧ બંદૂકનું વેચાણ થયું છે. અમદાવાદના સાબરમતી આરટીઓમાં સીએમ ગન હાઉસનો હવાલો સંભાળતા મહેશ સોનીના જણાવ્યાં અનુસાર, બંદૂક ખરીદનારાઓની યાદીમાં ઉદ્યોગપતિઓ અને વકીલો સૌથી ઉપર છે. ૦.૩૨ રિવોલ્વર અમદાવાદમાં સૌથી વધુ વેચાય છે.

ગુજરાતમાં છેલ્લા ૫ વર્ષમાં ૯૩૮૭ જેટલી ગનનું વેચાણ થયું હતું. જેમાથી ૨૫ ટકા ગનનું વેચાણ માત્ર જુલાઇ ૨૦૧૬થી જૂન ૨૦૧૭ સુધીમાં થયું હતું. તે જ વર્ષે સરકાર દ્વારા વેપન ટેક્સમાં ૧૨૦ ટકાનો વધારો કરવામાં આવ્યો હતો. જેનાથી સરકારને ૨૦૧૪થી ૨૦૧૫ની સરખામણીમાં ૨૦૧૬થી ૨૦૧૭માં રૂ. ૫૨,૯૬,૬૧૮ની આવક થઈ હતી. જોકે ૨૦૧૮થી ૨૦૧૯માં માત્ર ૧,૨૬૨ ગનનું જ વેચાણ થયું હતું.

સીઆઈડી ક્રાઈમના ડીજીપી ગૌતમ પરમારે જણાવ્યું,

મોડાસા યુવતી હત્યા કેસઃ શરીર પર કેટલાક ઈજાના નિશાન મળ્યા

મોડાસા

મોડાસાના અમરાપુરની ૧૯ વર્ષિય યુવતીના મોત પ્રકરણની તપાસ સીઆઈડી ક્રાઈમ ચલાવી રહી છે. સીઆઈડીની ટીમે ત્રણ આરોપીઓના વધુ ત્રણ દિવસના રિમાન્ડ મેળવી તપાસ આરંભી છે ત્યારે સીઆઈડી ક્રાઈમના ડીજીપી ગૌતમ પરમારે જણાવ્યું હતું કે, મૃતક યુવતીના પીએમ રીપોર્ટ આધારે તેના શરીર ઉપર કેટલાક ઈજાઓના નિશાન હતા. ગાલ ઉપર અને હાથ ઉપર ઉજરડાના નિશાન મળી આવ્યા હતા. જયારે શરીર પર કેટલીક જગ્યાએ નખ વાગેલાના પણ નિશાન હતા.

મોત અંગે હજુ ફોરેન્સિક રીર્પોટ આવવાનો બાકી છે ત્યાર બાદ જ વધુ વિગતો બહાર આવી શકશે તેમ જણાવી ડીઆઈજીપી એ વધુમાં કહ્યું હતું કે, મૃતક યુવતી અને આરોપીઓ એકબીજાને ઓળખતા હતા. વારંવાર મૃતક યુવતી અને એક આરોપી વચ્ચે વારંવાર વાતચીત થયેલાનું પણ સામે આવ્યું છે.


પ્રાથમિક તપાસમાં સીસીટીવી ફુટેજ જોતાં યુવતી સાથે ઝઘડો થયેલાનું પણ જણાઈ આવ્યું છે. કેટલીક મહત્વની કડીઓ તપાસમાં ખુલી છે અને હજું ઝીણવટ ભરી તપાસ ચાલુ છે. આ મામલે એક આરોપી હજૂ પણ ફરાર છે તેને ઝડપી લેવા પણ સીઆઈડી ક્રાઈમની ટીમ કામ કરી રહી છે. ઉલ્લેખનીય છે કે, આ કેસની તપાસ સીઆઈડી ક્રાઈમે સંભાળતાં કેટલાક ખુલાસા થઈ રહ્યા છે ત્યારે આગામી દિવસોમાં રાજ્યભરમાં ચકચાર મચાવનાર યુવતીના મોત પ્રકરણનો ભેદ ઉકેલાશે તેવું મનાઈ રહ્યું છે.

નિત્યાનંદ સામે બ્લૂ કોર્નર નોટિસ કાઢવામાં આવી

નિત્યાનંદ આશ્રમ વિવાદઃ ૮૩ પાનાની ચાર્જશીટ રજૂ, ૫૦ સાક્ષીઓના નિવેદન

અમદાવાદ

નિત્યાનંદ આશ્રના વિવાદ મામલે ગ્રામ્ય પોલીસે તપાસ પૂર્ણ કરી કોર્ટમા ચાર્જશીટ રજૂ કર્યુ છે. ચાર્જશીટમાં મુખ્ય આરોપી નિત્યાનંદને વોન્ટેડ જાહેર કરવામા આવ્યો છે. ઉપરાંત પોલીસે કલમ ૭૦ મુજબનુ વોરંટ મેળવી રેડ કોર્નર નોટીસ ઈસ્યુ કરવાની કાર્યવાહી હાથ ધરી છે. જોકે પોલીસ ચોપડે ફરાર નિત્યાનંદ હાથે લાગે છે કે કેમ તે મોટો સવાલ છે.



અમદાવાદ ગ્રામ્ય પોલીસ ના વિવેકાનંદ નગર પોલીસ મથકમા ફરિયાદી જનાર્દન શર્મા દ્વારા ફરિયાદ નોંધવામા આવી હતી કે હિરાપર ગામે આવેલા નિત્યાનંદ આશ્રમમા રહેતા તેમના બે સગીર બાળકોનુ અપહરણ કરી, ગોંધી રાખી, બાળ મજુરી કરાવવામા આવે છે. ઉપરાંત બાળકો પાસે મજુરી કરાવી આશ્રમ કરોડો રૂપિયાનુ ડોનેશન મેળવે છે અને મારી નાખવાની ધમકી આપવામા આવે છે. જે ગુનાની તપાસ દરમિયાન એસઆઈટી દ્વારા પ્રિયા તત્વા અને પ્રાણપ્રિયા ની ધરપકડ કરી હતી. જોકે મુખ્ય આરોપી નિત્યાનંદ ને પોલીસે ચાર્જશીટમાં વોન્ટેડ દર્શાવ્યો છે. ઉપરાંત અગાઉ પણ પોલીસે નિત્યાનંદ વિરુદ્ધ બ્લ્યુ કોર્નર નોટિસ મેળવી હતી. જોકે હવે પોલીસ ઈન્ટરપોલની મદદથી વધુ સખત કાર્યવાહી કરશે.

અમદાવાદ ગ્રામ્ય પોલીસના ડીવાયએસપી કે ટી કામરિયાએ જણાવ્યું છે કે એસઆઈટી એ તપાસ દરમિયાન ૫૦ સાક્ષીઓના જવાબ નોધી ૮૩ પાનાનું ચાર્જશીટ કોર્ટમા રજૂ કર્યુ છે. ઉપરાંત પ્રાણ પ્રિયા અને પ્રિયા તત્વા વિરુધ્ધ મહત્તમ ના પુરાવા પણ રજૂ કર્યા છે. જેમાં બાળ મજુરી દ્વારા મેળવવા મા આવેલા ૯.૬૪ લાખ રૂપિયા ના દાનને પણ પુરાવા તરીકે લેવામા આવ્યુ છે. ઉપરાંત સોશિયલ મિડીયા પર સ્વામીને પ્રમોટ કરવા કરાતી કામગીરીને પણ આરોપી વિરુધ્ધ પુરાવા તરીકે લેવામા આવ્યા છે. જોકે નિત્યાનંદ હાલ ક્યા છે તે અંગે કોઈ માહિતી ન મળતા તેને લાલ શાહીથી નાસતો ફરતો બતાવવામાં આવ્યો છે. ઉપરાંત ગુમ થયેલી બન્ને બહેનોએ કિંગશ્ટન માથી એફિડેવિટ રજૂ કરી છે. ઉપરાંત પોલીસ નિત્યાનંદ વિરુધ્ધ ૭૦ મુજબ નુ વોરંટ મેળવ્યા બાદ રેડ કોર્નર નોટિસ ઈસ્યુ કરવાની કાર્યવાહી હાથ ધરશે.

મહત્વની વાત છે કે નિત્યાનંદ આશ્રમ શરૂ થયાના એક વર્ષમાં જ નિત્યાનંદની પાપ લીલા સામે આવી હતી. જે અંગે ફરિયાદ પણ થઈ અને સમય મર્યાદામાં ચાર્જશીટ પણ રજૂ કરવામાં આવી તેમ છતા ગુનાના બન્ને મુખ્ય પાસા એટલે કે નિત્યાનંદ અને ફરિયાદી જનાર્દન શર્માની બન્ને દિકરીઓ કોર્ટ કે પોલીસ સમક્ષ આવી નથી. ત્યારે હવે ચાર્જશીટ બાદ કોર્ટનુ વલણ શુ રહે છે તે જોવુ મહત્વનુ છે.

અંકલેશ્વરની શાળામાં ડીએ આણંદપુરા સ્મૃતિ પર્વ યોજાયો

ઉદ્યોગ જગતના અગ્રણીઓએ અંજલી પાઠવી

અંકલેશ્વર

અંકલેશ્વરની ગટ્ટુ વિદ્યાલય તેમજ સંસ્કારદીપ વિદ્યાલય ખાતે ડી. એ. આણંદપુરા સ્મૃતિપર્વનું આયોજન કરવામાં આવ્યું હતું.

અંકલેશ્વર જી. આઇ. ડી. સી.ના ભીષ્મ પિતામહ નું બિરુદ પામેલા સ્વર્ગસ્થ ડીએ આણંદપુરા સ્મૃતિમાં તેમના જન્મદિવસે ગટ્ટુ વિદ્યાલય તેમજ સંસ્કાર વિદ્યાલય ખાતે પ્રતિવર્ષ આણંદપુરા સ્મૃતિપર્વનું આયોજન કરવામાં આવે છે તેઓના અથાગ પ્રયત્નોથી જ અંકલેશ્વર ઔદ્યોગિક વસાહતો ટોચની વસાહતનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેમજ અંકલેશ્વર ઔદ્યોગિક વસાહતમાં સાંસ્કૃતિક તેમજ શૈક્ષણિક ક્ષેત્રે પણ તેમનું અભૂતપૂર્વ યોગદાન હતું. જીઆઈડીસી સ્થિત સ્પોર્ટ કોમ્પ્લેક્સ પણ તેમની જ દેણ છે.

તેઓ ના જન્મદિવસ નિમિત્તે જીઆઈડીસીની ગટ્ટુ વિદ્યાલય તેમ જ સંસ્કારદીપ વિદ્યાલય માં સ્મૃતિ પર્વનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ગટ્ટુ સ્કૂલ ખાતે તેઓના પૂત્ર મનોજભાઈ આણંદપુરા તેમ જ સંસ્કાર વિદ્યાલય ખાતે હિતેનભાઈ આણંદપુરા પરિવારજનો સાથે વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ઉદ્યોગ અગ્રણી એન. કે. નાવડીયા તેમજ ઉદ્યોગ જગતના અન્ય મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સ્વ. આણંદપુરાના સંસ્મરણોને યાદ કરીને તેમને શ્રદ્ધાંજલિ અર્પવામાં આવી હતી. વધુમાં આ સ્મૃતિપર્વએ દર વર્ષે શાળાના વાલીઓ માટે રમત ગમત સ્પર્ધા યોજવામાં આવે છે જેમાં પણ બંને સ્કૂલના વિદ્યાર્થીઓના વાલીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

હુમલો રૂપિયા નહીં અપાતા રિક્ષા ચાલક પર ચપ્પુની હુમલો

હુમલો કરનાર સાથે અઠવા પોલીસમાં ફરિયાદ

સુરત

નાનપુરા ખાટકીવાડ જુની સિવિલ હોસ્પિટલની પાઠળ રૂપિયાની માંગણી કરતા હાલ રૂપિયાની સગવડ થાય તેમ નથી તેવુ જણાવી એક આરોપીએ ચપ્પુ વડે હુમલો કરી ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયો હતો.

અઠવા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર, નાનપુરા ખાટકીવાડ ખાતે સૈયદ હુસેન અબ્દુલ રઝાક રહે છે. ભેસ્તાન આવાસ ખાતે રહેતા સૈયાદ ઝમીર સાહેબ કમર સાહેબ બુખારીએ ગત રોજ તેમની પાસે ઓછીના રૂપિયાની આપવાની માંગણી કરી હતી જોકે, સૈયદ હુસેન હાલમાં કોઇ સગવડ નથી તેવુ જણાવતા સૈયદ ઝમીરે ચાકુ વડે હુમલો કરી શરીરના ભાગે ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયા હતા. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ચાલુ નાણાકીય વર્ષમાં ઉધના ઝોને રૂ. ૧૮૧.૮૨ કરોડનો વેરો વસુલ કર્યો

વધુ ૫૪ મિલ્કતો સીલ કરાતા સ્થળ પર ૧૦.૫૦ લાખની વસુલાત

સુરત

મહા નગર પાલિકાના સાઉથઝોન (ઉધના) આકારણી અને વસુલાત વિભાગે ખટોદરા ઈન્ડ, ઉધના – હીરાચંદ ઈન્ડ. સોસા.,સીટી શોપીંગ કોપ્લેક્ષ, પટેલ કોલોની, પદમાનગર, હરીઈચ્છા ઈન્ડ, સોનલ, રામકૃષ્ણ ઈન્ડ, તેમજ ઉન – તિરૂપતી સોસા., આશિશ હોટલની બાજુમાં આવ – અનુપમ સીટી, બમરોલી – સિધ્ધી વિનાયક, ગીતા નગર, સોનારી – ગરીબ નવાઝ નગર, વડોદ – પવન પૂત્ર ઈન્ડ. સોસા. વિગેરે વિસ્તારમાં સઘન વેરા વસુલાતની ઝુંબેશ હાથ ધરી વેરો ભરપાઈ નહી કરનાર મિલકતોને સીલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ જે અંતર્ગત ગત રોજ તા. ૨૦/૦૧/૨૦૨૦ના રોજ મિલકત વેરા બાકીદારોની કુલ્લે ૫૦ મિલકતોને સીલ મારવાની કાર્યવાહી કરતાં કુલ્લે રૂ. ૪૨ લાખની વસુલાત કરવામાં આવેલ અને આજ રોજ તા. ૨૧/૦૧/૨૦૨૦ના રોજ સખત ઝુંબેશ કાર્યરત રાખતાં બીજી ૫૪ મિલકતોને સીલ મારવાની કાર્યવાહી હાથ ધરતાં ૦૮(આઠ) મિલકતદારોએ સ્થળ ઉપર જ રૂા. ૧૦.૫૦ લાખ વેરા પેટે ભરપાઈ કરેલ અને એડવાન્સ ચેક જમા કરાવેલ છે.

આમ, સાઉથ ઝોન (ઉધના) દ્વારા વેરા વસુલાતની ઝુંબેશ દરમ્યાન બે દિવસમાં ૫૦ + ૫૪ મળી કુલ ૧૦૪ મિલકતોને સીલ કરવાની કાર્યવાહી હાથ ધરતાં ૧૦ + ૦૮ મળી કુલ્લે ૧૮ મિલકતદારોએ સ્થળ ઉપર જ રૂ. ૧૫.૨૭ લાખ જમા કરાવેલ છે. જયારે ૮૬ મિલકતોને સીલ કરેલ છે. અને આ બે દિવસોમાં કુલ રૂ. ૭૪ લાખ વેરા વસુલાત કરેલ છે.

સાઉથ ઝોન (ઉધના)ના આકરણી અને વસુલાત વિભાગ દ્વારા કડક કાર્યવાહી હાથ ધરતાં ચાલુ માસ દરમ્યાન આજ દિન સુધી રૂપિયા ૬.૦૫ કરોડ વસુલાત થયેલ અને ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન તા. ૨૧/૦૧/૨૦૨૦ સુધીમાં કુલ રૂપિયા ૧૮૧.૮૨ કરોડ જેટલી વસુલાત થયેલ છે. હજુ પણ મિલકત વેરો ભરપાઈ કરવામાં બેદરકારી દાખવનાર મિલકતદારોની મિલકતોને સીલ કરવાની તેમજ નળ કનેકશનો કાપવા જેવી કડક શિક્ષાત્મક કાર્યવાહી ચાલુ રહેલ છે. જેથી જે મિલકતોના વેરા બાકી છે તેઓને તાકીદે વેરા ભરપાઈ કરવા જણાવવામાં આવે છે

કોસંબાની સ્કુલે સીએએ તરફી પોસ્ટ કાર્ડ લખાવતા વિરોધ

જિલ્લા કોંગ્રેસ પ્રમુખે કલેક્ટરને ફરિયાદ કરી

સુરત

સુરત જિલ્લા કોંગ્રેસના પ્રમુખ જગદીશભાઈ પટેલે સુરત કલેક્ટરને લેખિત રજૂ કરેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે સુરત જિલ્લાના માંગરોલ તાલુકાના કોસંબા-તરસાડી ખાતે આવેલ શ્રી વી. એસ. પટેલ હાઈસ્કુલમાં ધોરણ ૧ થી ૧૨ સુધી વિદ્યાર્થીઓ ભણે છે. ગત શનિવારે સંસ્થાના હોદેદારોએ વિદ્યાર્થીઓને CAA ના સમર્થનમાં લખેલ પોસ્ટકાર્ડ પર તેઓના વાલીની સહિ કરાવી લાવવાની ફરજીયાત સુચના આપી હતી. શૈક્ષણિક સંસ્થાને માં સરસ્વતીનું મંદીર કહેવાય, રાજકીય અખાડો નથી, ત્યાં ફક્ત શિક્ષણને લગતી પ્રવૃત્તિ થવી જોઇએ, વિદ્યાર્થીઓને cAA અંગેની કોઈ સમજ પણ નહી હોય, ત્યારે આવી પ્રવૃત્તિ સંસ્થા દ્વારા કરાવવી યોગ્ય નથી, જો કોઈ સંસ્થા કે સંસ્થાના હોદેદારો આવા અતિસંવેદનશિલ મુદ્દા અંગેની પ્રવૃત્તિ કરાવતી હોય તો તેવી સંસ્થા, પર કાર્યવાહી થવી જોઈએ.

આ મુદ્દાને ગંભિરતાથી લઇ શિક્ષણાધીરાશ્રી પાસેથી તપાસ કરાવવી એવી સુરત જિલ્લા કોંગ્રેસ સમિતિની માગણી છે. અમારી માગણીને ધ્યાને રાખી તાત્કાલિક અસરે અન્ય સંસ્થામાં આવી પ્રવૃત્તિ થતી હોય તો તેની પર રોક લગાવી જોઈએ.

ટીબી મુક્ત ગુજરાત અભિયાન અંગે ઓલપાડ ખાતે મળેલી મિટીંગ

સહિયારા પુરુષાર્થથી રાજ્યમાં અને દેશમાંથી ટીબીને દેશવટો આપીશું: મુકેશભાઈ પટેલ

સુરત

ટી.બી મુક્ત ગુજરાત અભિયાન અંતર્ગત ઓલપાડ ખાતે તાલુકા પંચાયતના સભાખંડમાં ધારાસભ્યશ્રી મુકેશભાઇ પટેલના અધ્યક્ષસ્થાને તાલુકા પંચાયત પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી, સદસ્યશ્રીઓ અને સરપંચશ્રીઓ તેમજ તાલુકા આરોગ્ય અધિકારીશ્રીની ઉપસ્થિતિમાં એક બેઠકનું આયોજન તા.૨૦ અને ૨૧ જાન્યુ. ના રોજ કરવામાં આવ્યું હતું. બેઠકમાં ધારાસભ્ય મુકેશભાઇ પટેલે જણાવ્યું કે, 'ટી.બી. મુક્ત ગુજરાત ૨૦૨૨' ઝુંબેશ અંતર્ગત ગુજરાત રાજ્યમાં ટી.બી.(ક્ષય) રોગને વર્ષ ૨૦૨૨ સુધીમાં નાબુદ કરવાનો તથા ભારતમાંથી વર્ષ ૨૦૨૫ સુધી ટી.બી. રોગ નાબુદ કરવાનો લક્ષ્યાંક હોવાથી તાલુકાના ૧૦૮ ગામોમાં કોઇપણ વ્યક્તિને એક અઠવાડીયાથી ખાંસી આવતી હોય તથા સાથે ઝીણો તાવ આવતો હોય, વજન ઓછું થતું હોય તેવા તાલુકાના ગામોમાં છુપાયેલા આવા દર્દીઓને શોધી તેઓના ગળફાની તપાસ કરાવવી અને જો ટી.બી. પોઝીટીવ હોય તો તેની સારવાર તાત્કાલિક શરૂ કરી આ રાજરોગને આગળ ફેલાતો અટકાવીએ અને વર્ષ ૨૦૨૨ સુધીમાં ગુજરાત રાજ્યને ટી.બી. મુક્ત બનાવીએ એમ જણાવી સૌના સહિયારા પુરુષાર્થથી રાજ્યમાં અને દેશમાંથી ટી.બી.ને દેશવટો આપવાનું આહ્વાન કર્યું હતું.

દક્ષિણ ગુજરાતમાં ઠંડીમાં રાહત સુરતનું લઘુત્તમ તાપમાન ૧૬ ડીગ્રી

નવસારીમાં લઘુત્તમ તાપમાન ૧૧ ડીગ્રી નોંધાયું

સુરત

ઉત્તર દિશા તરફથી ફુંકાતા ઠંડા પવનની ગતિ મંદ પડતા ગતરોજની સરખામણીને આજે સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ઠંડીથી નજીવી રાહત અનુભવાઈ હતી. ન્યુનતમ તાપમાનમાં ૧ ડીગ્રીનો વધારો થતા મળસ્કે ઠંડીનો ચમકારો અનુભવાયો પરંતુ દિવસ દરમ્યાન ગરમીમાં વધારો નોંધાયો.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે નોંધાયેલ વિગત અનુસાર શહેરનું અધિકતમ તાપમાન ૩૦.૮ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૧૬ ડીગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૭૪ ટકા અને હવાનું દબાણ ૧૦૧૭.૭ મિલીબાર નોંધાયું છે. શહેરમાં ઉત્તર દિશાથી કલાકના ૨ કિલોમીટરની ઝડપે પવન ફુંકાઈ રહ્યો છે. ગતરોજની સરખામણીએ આજે ૧ ડીગ્રી ઠંડી ઘટી છે.

નવસારી હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે ન્યુનતમ તાપમાન ૧૧ ડીગ્રી નોંધાયું છે. જે ગતરોજ ૯.૮ ડીગ્રી નોંધાયું હતું. નવસારીમાં ગતરોજની સરખામણીએ ૧ ડીગ્રી તાપમાન વધ્યું છે. છતાં ઠંડીનું જોર યથાવત છે. આગામી દિવસોમાં ફરી ઉત્તર દિશાથી શીત લહેર છવાશે.ને તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થશે.

તા.૯'મી ફેબ્રુઆરીએ સંત રોહિદાસ મહારાજની જન્મ જયંતીની ઉજવણી

સુરત

પ.પૂ. સંત શિરોમણી શ્રી રોહિદાસ બાપાની ૬૪૪મી જન્મ જયંતી મહોત્સવ શ્રી રોહિદાસ સત્સંગ મંડળ-વરીયાવ-સુરત યુવક મંડળ અને મહિલા મંડળ વરીયાવના ઉપક્રમે તા.૯-૨-૨૦૧૯ના રોજ પ.પૂ. સંત શ્રી મુળદાસબાપુ (રામમઢી આશ્રમ, જહાંગીરપુરા)ના અધ્યક્ષ સ્થાને સવારે ૯.૦૦ થી રાત્રે ૯.૦૦ સુધી ફ્રી મેડીકલ કેમ્પ, બ્લડ ડોનેશન કેમ્પ (૯.૦૦ કલાકે), કળશયાત્રા (બપોરે ૨.૩૦ કલાકે), અપરિણીત યુવક યુવતીઓનું પુસ્તક વિમોચન, ૭૫ વર્ષથી વધુ ઉંમરના વડીલોનું સન્માન ત્રણ કલાકે મહા આરતી મહાપ્રસાદ ભજન સત્સંગ થશે.

વોલ્વો બસે ટક્કર મારતા કાર ૧૦ ફૂટ ફંગોળાઈ, કોઇ જાનહાની નહિ



સુરત

સુરતનાં ભંભોર પાસે ખાનગી વોલ્વો બસે ઈકો કારને પાછળથી ટક્કર મારતા ગોઝારો અકસ્માત સર્જાયો હતો.

સુરતનાં ભંભોર પાસે ખાનગી વોલ્વો બસે ઈકો કારને પાછળથી ટક્કર મારતા ગોઝારો અકસ્માત સર્જાયો હતો. જે બાદ વોલ્વો બસે પાછળથી ઈકો કારને ટક્કર મારતા કાર ૧૦ ફૂટ દૂર ફેંકાઈ હતી. જોકે, આ અકસ્માતમાં કોઈને જાનહાનીનાં સમાચાર મળ્યાં નથી.

આ મામલે મળતી માહિતી પ્રમાણે, ખાનગી કંપનીની વોલ્વો બસ સુરતથી રાજકોટ તરફ જતી હતી. ત્યારે વોલવો બસ પહેલી લાઈનમાંથી ઓવરટેક કરવા માટે ત્રણ નંબરની લાઈનમાં જતી રહી હતી. આ અકસ્માતમાં સદનસીબે કોઈ જાનહાની થઈ ન હતી.

જે બાદ કિમ તરફ જઈ રહેલી ઈકો કારને પાછળથી ટક્કર મારી હતી. આ ખાનગી વોલ્વો બસ સુરતથી રાજકોટ તરફ જતી હતી. પોલીસે આ અંગે ફરિયાદ નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મહિધરપુરા અને પાંડેસરામાં જુગાર રમતા ૧૬ની ધરપકડ

જુદા જુદા સ્થળેથી પોલીસે જુગાર ઝડપી પાડ્યો

સુરત

મહિધરપુરા અને પાંડેસરા પોલીસે બે સ્થળે દરોડા પાડી જુગાર રમતા ૧૬ જુગારીની ધરપકડ કરી રૂપિયા ૭૪,૩૪૦ની મતા કબજે કરી હતી.

મહિધરપુરા પોલીસે બેગમપુરા તુલસી ફળીયા ઘર નં.૪/૯૫૩૩ના ગ્રાઉન્ડ ફ્લોરની રૂમમાં દરોડા પાડ્યા હતા. પોલીસે આ સ્થળે જુગાર રમતાં વિકી નાનુ દંતાણી, આકાશ દંતાણી, મહેન્દ્ર વિજય, ગોવિંદ નાનજી, કરણ અશોક, વિશાળ ફકીર દંતાણી, પ્રકાશ કાંતિ, રામ ગણેશ રાઠોડ, અજય કાલુની ધરપકડ કરી હતી. પોલીસે રોકડા રૂપિયા ૨૧,૩૦૦ કબજે કર્યા હતા.

પાંડેસરા પોલીસે જીઆઈડીસી કલર ટેક્સ કંપનીના ગેટ નં.૩૯ પાસે જાહેરમાં જુગાર રમતા નવલકુમાર ગૌતમ, બાળુ ચંદુ, સંતોષકુમાર યાદવ, સંદીપ ગોવિંદ, કૈલાશપ્રસાદ, શરદ જયરામ, અમોલ પવારની ધરપકડ કરી સાત મોબાઈલ ફોન અને રોકડા મળી કુલ રૂા.૫૩૦૪૦ની મતા કબજે કરી હતી.

સ્કેટ કોલેજ ગ્રાઉન્ટ પર વિનરશોનું આયોજન

સુરત

સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીની આંતરશાળા સાંસ્કૃતિક સ્પર્ધાઓની વિજેતા કૃતિઓના નિદર્શનનો ૧૮મો "વિનર શો" અને "પારિતોષિક વિતરણ સમારોહ" ૨૫ મી જાન્યુ.ના રોજ સાંજે ૬:૩૦ વાગ્યે અઠવાલાઈન્સ રોડ પર આવેલી સ્કેટ કોલેજના પ્રાંગણમાં યોજાશે. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે પ્રસિદ્ધ નાટ્યકાર શ્રી કપિલદેવ શુકલ હાજર રહેશે તથા કાર્યક્રમનો કાર્યભાર સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના અધ્યક્ષશ્રી કમલેશ યાજ્ઞિક અને મંત્રી ઘનશ્યામપ્રસાદ સનાઢય સંભાળશે.

મહારાષ્ટ્રમાં પ૩મો વાર્ષિક નિરંકારી સંત સમાગમ યોજાશે

ગુજરાતના સેંકડો શ્રદ્ધાળુઓ સંત સમાગમમાં જોડાશે

સુરત

મહારાષ્ટ્રના પ્રખ્યાત તીર્થસ્થળ, નાસિકના, બોરગડ, મખમલાબાદ, પેઠ, ધરમપુર ગુજરાત હાઈવે વિસ્તારમાં આશરે ૨૧૨ એકરના વિશાળ ઠક્કર ગ્રાઉન્ડ પર મહારાષ્ટ્રના પ૩ માં વાર્ષિક નિરંકારી સંત સમાગમની તૈયારીઓ પુર જોશ થી કરવા માં આવી રહી છે. સેવા કરતા નિરંકારી ભક્તોના ચહેરા પર ભક્તિ, ઉત્સાહ ના ભાવ પ્રકટ થાય છે, ઈશ્વર પ્રત્યેની તેમની સાચી શ્રદ્ધાનો અદભૂત નજારો પ્રત્યક્ષ થાય છે.

આ વિધિવ્રત સેવાઓનું ઉદ્ઘાટન ૨૨ મી ડિસેમ્બર, ૨૦૧૯ ના રોજ કરવામાં આવ્યું હતું અને તે પછી નિરંતર સમાગમ ની તૈયારીઓ ચાલી રહી છે. નાસિક ઉપરાંત હજારો નિરંકારી ભક્તો નજીકના જિલ્લાઓ અને મહારાષ્ટ્રના અન્ય વિસ્તારોમાંથી તેમની ભક્તિમય સેવાઓ આપી રહ્યા છે. નિરંકારી શ્રદ્ધાળુઓ ગુજરાત વિસ્તારમાંથી દરરોજ સેંકડોની સંખ્યામાં આ સ્વૈચ્છિક સેવાઓમાં ભાગ લય રહ્યા છે.

આ સંત સમાગમ ૨૪, ૨૫ અને ૨૬ જાન્યુઆરી, ૨૦૨૦ ના રોજ નિરંકારી સદગુરુ માતા સુદિક્ષા જી મહારાજના પવિત્ર સાનિધ્ય માં થવા જઈ રહ્યો છે, જેમાં સત્ય, પ્રેમ, ભાઈચારો અને એકતાનો સંદેશ જનસામાન્ય સુધી પહોંચાડવામાં આવશે .સંત નિરંકારી મિશનની સ્થાપના વર્ષ ૧૯૨૯ માં પેશાવર (હાલ પાકિસ્તાન) માં થઈ હતી. આધ્યાત્મિક જાગૃતિ દ્વારા વિશ્વમાં અમન, શાંતિ, માનવતા અને વિશ્વબંધુત્વ નો સંદેશો ફેલાવનારા આ મિશનને ૯૦ વર્ષ પૂરા થયા છે. તેથી, આ સમાગમ નો મુખ્ય વિષય 'સંત નિરંકારી મિશનના ૯૦ વર્ષો' રાખવામાં આવ્યું છે.

પિયરમાં રહેતી પત્ની પર પતિ દ્વારા ચપ્પુથી હુમલો કરાયો

પત્ની પાસે સોનાની વીંટી માંગી પતિએ ચપ્પુ મારી દીધું

સુરત

પત્નીના પિયરમાં જઈને પતિએ ઝઘડો કરી ચપ્પુ હુલાવ્યાની ઘટના વરાછા પોલીસ મથકે નોંધાઈ હતી. પરિણીતાએ પતિ સહિત સાસરીયા સામે ફરિયાદ નોંધાવી હતી.

વરાછા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ કાપોદ્રા રવિ પાર્ક સોસાયટીમાં રહેતાં પતિ સુરજ ગુણવંત પરમાર, સાસુ બેનાબેન, સસરા ગુણવંત નાનજી વિરૂદ્ધ ફરિયાદ નોંધાઈ હતી. ફરિયાદી પરિણીતાના જણાવ્યા મુજબ આરોપીઓ નજીવી બાબતે ફરિયાદીને મારઝુડ કરતા હોવાથી ફરિયાદી માતાના ઘરે રહેતા હતા. જ્યાં ફરિયાદીનો પતિ સુરજે આવીને મારી સોનાની વીંટી તારી પાસે છે, મને આપ મિત્રના લગ્નમાં જવાનું છે. જેથી ફરિયાદીએ વીંટી તમારા ઘરે હોવાનું જણાવતા પતિ-પત્ની વચ્ચે બોલાચાલી થઈ હતી. પતિએ પોતાની પાસેના ચપ્પુથી ફરિયાદીને પેટના ભાગે ઘા મારવા જતાં ફરિયાદી પત્નીએ ચપ્પુ પકડી લેતા હાથના ભાગે ઈજા થઈ હતી. વરાછા પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

એક રીઢો ચોર ઝડપાતા પોલીસને ૨૭ મોબાઈલ ફોન મળી આવ્યા

સુરત

અમરોલી પોલીસે મોબાઈલ ફોન ચોરને ઝડપી પાડી રૂપિયા ૧,૫૨,૩૫૦ની કિંમતના ૨૭ મોબાઈલ ફોન કબજે કર્યા હતા. અમરોલી પોલીસે બાતમીના આધારે કોસાડ લેક ગાર્ડન પાસેથી આરોપી બાલમુકુંદ રઘુવર મોર્યા રહે. સાંઈ દર્શન એપાર્ટમેન્ટ છાપરાભાઠા રોડની ધરપકડ કરી હતી. અમરોલી પોલીસે આરોપી બાલમુકુંદ મોર્યા પાસેથી ૨૭ જેટલા ચોરીના મોબાઈલ ફોન જપ્ત કર્યા હતા. જેની કિંમત રૂા.૧,૫૨,૩૫૦ હતી. અમરોલી પોલીસે આરોપીની સામે સીઆરપીસી ૪૧ (૧)ડી મુજબની કાયદેસરની કાર્યવાહી કરી હતી. પોલીસે સંખ્યાબંધ મોબાઈલ ફોન કરવા સાથે ઝડપાયેલા ચોરે કયા કયા સ્થળેથી મોબાઈલ તફડાવ્યા છે. અથવા તો મોબાઈલની ચીલઝડપ કરાઈ છે તે અંગે પણ વિસ્તૃત તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળી રહ્યું છે.

સરોલી ગંગા-ઝમના રો હાઉસમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી થશે

સુરત

સુરત શહેરના પુણા સારોલી કેનાલ રોડ પર ગણતંત્ર દિવસ ૨૬મી જાન્યુઆરીને રવિવારના દિવસે સવારના ૭.૩૦ કલાકે ગંગા જમના રો હાઉસના વિશાલ પટાંગણમાં સુરત શહેર તથા સુરત જિલ્લાના મનોરંજન સાંસ્કૃતિક સમિતિના પ્રમુખ દીપક પ્રભાશંકરના હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ ધ્વજવંદન પછી ગંગા જમના સોસાયટી રો હાઉસના કોલેજ સ્કૂલના છોકરા છોકરીઓ તથા બીજા બધા યુવાનો ભારત રાષ્ટ્રધ્વજને સલામી આપી ભૂલકા બાળકોની સાથે નવયુવાન છોકરા છોકરીઓનો સાંસ્કૃતિક મનોરંજન કાર્યક્રમ યોજાશે.

બજાજ ફાઇનાન્સના નામે ઓળખ આપી લોન આપવાનું કહીને ૧૯ લાખની છેતરપિંડી

સુરત

ગઠિયાઓ આજકાલ છેતરપિંડી કરવાના અનેક રસ્તા શોધી કાઢતા હોય છે. આજકાલ મોબાઇલ ફોન પર ફાઇનાન્સ કંપનીમાંથી બોલી છું કહીને લોન આપવાની લાલચ આપીને છેતરપિંડી કરવાની ઘટનાના બનાવો સતત વધી રહ્યા છે. આવો જ એક બનાવ સુરતમાં નોંધાયો છે. જ્યાં લોન આપવાનું કહીને એક વેપારી સાથે ૧૯ લાખ રૂપિયાની છેતપિંડી કરવામાં આવી છે.



સુરતના એક વેપારીને ૪૫ લાખની લોન આપવાનું કહીને ગઠિયાએ અલગ અલગ ચાર્જ પેટે ૧૯ લાખ પડાવી લીધા હતા. વેપારીએ પોતાને છેતરાયો હોવાનું ભાન થતાં સાઇબર ક્રાઇમમાં ફરિયાદ કરી હતી. પોલીસે આ મામલે આરોપીની પશ્ચિમ બંગાળમાંથી ધરપકડ કરી હતી.

મળતી માહિતી પ્રમાણે સુરતના એક વેપારીએ સુરત સાઇબર ક્રાઇમમાં ફરિયાદ નોંધાવી હતી કે ૨૦૧૯ ના મેથી જૂન મહિના દરમિયાન તેમને એક ઈસમનો પોતે બજાજ ફાઇનાન્સ કંપનીમાંથી બોલે છે તેવો ફોન આવ્યો હતો. સામેની વ્યક્તિએ વેપાર માટે લોન આપવાની ઓફર કરી હતી. આ ઈસમે વેપારીને ૪૫ લાખની લોન અપાવવાનું કહીને તેમનો વિશ્વાસ જીતી લીધો હતો. જે બાદમાં લોન મંજૂર કરવાનું કહીને અલગ અલગ ચાર્જ પેટે વેપારીએ પૈસા ચુકવવા પડશે તેમ કહીને ખોટા ઈમેલ કરીને ૧૯.૩૯ લાખ રૂપિયા યુકો બેંકમાં ભરાવ્યાં હતા.

આ મામલે વેપારીએ ફરિયાદ કરતા પોલીસે તપાસ શરુ કરી હતી, જેમાં આરોપી મૂળ પશ્ચિમ બંગાળનો હોવાની વિગત બહાર આવી હતી. આરોપીનું નામ આશિષ રંજન સરકાર હોવાનું બહાર આવ્યુ હતું. આ ઈસમે વેપારીનો વિશ્વાસ જીતવા માટે બજાજ ફાઇનાન્સ કંપનીના બોગસ ઈમેલ આઈડી પરથી બજાજ ફાઇનાન્સ કંપનીનું બોગસ ફોર્મ તથા અલગ અલગ ચાર્જના ઈમેલ કર્યા હતા. આ મામલે વેપારીની ફરિયાદ બાદ પોલીસે આરોપીને તેના વતન પશ્ચિમ બંગાળ ખાતેથી ઝડપી પાડ્યો હતો અને તેને સુરત લાવી હતી.

અમરોલીમાં રહેતી યુવતી માનસી કયાડા લાપતા

સુરત

અમરોલી પોલીસના જણાવ્યાં અનુસાર તા.૧૩/૧૨/૨૦૧૯ ના રોજ ઘર. નં. આઈ-૨૦૧, લોયાધામ, સૃષ્ટિ રો-હાઉસની પાછળ, અભિષેકની બાજુમાં કોસાડ, અમરોલી (મૂળ વતનઃ રફાળા, તા.જિ.રાજકોટ) ખાતે રહેતા પરેશભાઈ ખોડાભાઈ કયાડાની ૧૮ વર્ષીય પુત્રી માનસીબેન ગુમ થયા છે. તેઓ શરીરે મધ્યમ બાંધાના, રંગે ગૌર વર્ણ અને ઉંચાઈ ૫.૪ ફૂટ છે. તેમણે શરીરે ગ્રે રંગની ટી શર્ટ અને ગ્રે રંગનું જીન્સ પેન્ટ પહેરેલ છે. જે કોઈને ભાળ મળે તો નજીકના પોલીસ સ્ટેશન અથવા અમરોલી પોલીસ સ્ટેશનમાં જાણ કરવા વિનંતી છે.

વાપીમાં રહેતી રાજસ્થાની મહિલા એકાએક લાપતા

વલસાડ

વલસાડના વાપી તાલુકાના ફ્લેટ નં-૨૦૨ પદમાવતી બિલ્ડી ગ સી/વીગ મુકતાનંદ માર્ગ ચલા તા.વાપી મુળ રેહવાસી બસ્તી૷ બગોટા તા.સાંગાત ખર્ડ રજસામંડ (રાજસ્થાોન)માં રહેતી સ્વાસતી દત્તારામ ગોપાળ સાલુનખે તા.૧૩/૦૧/૨૦૨૦ના રોજ ઘરેથી કોઇને કંઇપણ કહ્યા વગર જતી રહી છે. જે આજદિન સુધી ઘરે પરત આવી નથી. ગુમ થનારની ઉંમર ૩૫ વર્ષ, રંગે ઘઉંવર્ણ, મધ્યજમ બાંધાની, ઊંચાઇ ૫.૨ ફૂટ, શરીરે બ્લેયુ કલરની ટીશર્ટ તથા સીલ્વ ર કલરની કેપરી પહેરેલ છે. જે મારવાડી તથા ગુજરાતી ભાષા જાણે છે. આ વર્ણનવાળી યુવતીની જો કોઇને ભાળ મળે તો વાપી સીટી પોલીસ સ્ટેથશનનો સંપર્ક સાધવા જણાવાયું છે.

અંકલેશ્વરમાં ઈનોવેશન અને એન્ટરપ્રિન્યોરશીપનો આરંભ

અંકલેશ્વર

અંકલેશ્વર વાલિયા રોડ પર આવેલ શ્રોફ રોટરી ઈન્સ્ટીટ્યૂટ ઓફ કેમિકલ ટેકનોલોજી-એસઆરઆઈસીટીના ×ઈનોવેશન અને એન્ટરપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ સેલ×નું ઉદઘાટન તાજેતરમાં કરવામાં આવ્યું હતું. ઈનોવેશન અને એન્ટરપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ સેલના ઉદ્ઘાટન પ્રસંગે ડૉ. સચિન પરીખ, નિખિલ કુલકર્ણી, અશોક પંજવાણી ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીઓને નવીનતા અને ઉદ્યમ માટે પ્રોત્સાહિત કર્યા હતાં. ઉદ્ઘાટન સમારોહ બાદ ઉપસ્થિત મહાનુભાવોએ વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી હતી અને વિદ્યાર્થીઓને તેમની માર્ગદર્શન અને પ્રેરણા આપી હતી. નોંધનીય છે કે એસઆરઆઈસીટી પ્રથમથી જ ગુજરાત સરકારની સાથે મળીને વિદ્યાર્થીઓને પ્રેરણા આપતું સેન્ટર છે અને દરેક કાર્યોમાં સુંદર શરૂઆત આજ દિન સુધી કરતું આવ્યું છે.

વરાછા ખાતે શાકભાજી વેચતા યુવક પર હુમલો

સુરત

વરાછા મીનીબજાર સવાણી પાસે શાકભાજીનો વેપાર કરતા એક વેપારી પર લોખંડની પાઈપ વડે હુમલો કરી અજાણ્યા ત્રણ ઈસમો ફરાર થઈ ગયા હોવાનો બનાવ વરાછા પોલીસ મથકમાં નોંધાયો હતો. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ જુનાગઢ જિલ્લાના કેશોદ તાલુકાના વતની અને હાલમાં ધરતીનગર જળકાંતિ મેદાન સામે રહેતા પ્રવિણ ડાભી (ઉ.વ.૩૪) શાકભાજી વેચવાનો ધંધો કરે છે. પ્રવીણભાઈના સાળાએ ખરીદેલુ એક પેન્ટ બદલવા માટે પ્રવિણભાઈ લારીવાળા પાસે ગયા હતા. ત્યારે અજાણ્યા ત્રણ ઈસમોએ તેમના પર લોખંડની પાઈપ વડે હુમલો કરી મારી નાંખવાની ધમકી આપી ફરાર થઈ ગયા હતા. ઈજાગ્રસ્ત પ્રવિણ ડાભીએ વરાછા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે.

એમ.જી.વી.પી. દ્વારા મોબાઈલ સેવા લોન્ચ

સુરત

સાતગામ વિસા પોરવાડ (બનાસકાંઠા) જૈન સમાજ દ્વારા સમાજનાં સભ્યોને સમાજને લગતી બધી માહિતી મળી રહે તે હેતુસરથી મોબાઈલ એપ બનાવી છે. જેનું લોન્ચિંગ સમાજની કમિટીના સભ્યો દ્વારા તા.૧૯ના રોજ ક્રિકેટ પ્રીમિયર લીગ દરમિયાન કરાયું હતું. આ મોબાઈલ એપથી સમાજના બધા સભ્યોની માહિતી, ગામની માહિતી, ધર્મશાળા તથા ભોજન શાળાની માહિતી, સાધુ સાધ્વી ભગવંતોની માહિતી તથા અન્ય ઉપયોગી માહિતી મળી રહેશે. આ મોબાઈલ એપ સમાજના સભ્ય જીનલ સંજય શાહ દ્વારા તદ્દન નિઃશુલ્ક રીતે બનાવવામાં આવી હતી. જેનું સમાજ દ્વારા સન્માન સમાજમાં પ્રમુખ ડૉ. વિનેશ શાહ દ્વારા કરવામાં આવ્યું હતું. આ એપને બનાવવા સમાજની કમિટીના ઉપપ્રમુખ જીગર શાહ, મંત્રી સંકેત શાહ ખજાનચી બિરેન લાવાણીએ ખૂબ મહેનત ઉઠાવી હતી.

વરિયાવમાં મજૂરના બંધ ઘરમાંથી ચોરી

સુરત

વરિયાવ રાધિકા ફળિયામાં આવેલા એક મકાનનો દરવાજો ખોલી અંદર પ્રવેશી તસ્કરોએ ૫૫૦૦ રૂ. ની કિમતનો મોબાઈલ ફોનની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર મૂળ વાંકલ તાલુકાના રાજવાડી ગામના વતની અને હાલમાં છાપરાભાઠા તાડવાડી રાધિકા સોસાયટીમાં રહેતા પિન્ટુ ચૌધરીના બંધ મકાન નો દરવાજો ખોલી અંદર પ્રવેશી પથારીમાં મુકેલો ૫૫૦૦ રૂ.નીક કિંમતનો મોબાઈલ ફોનની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સિંગણપોર ગામની કિંમતી જમીનના કબજા માટે બબાલમાં દિવાલ તોડી

ઘાતક શસ્ત્રો સાથે આવેલા લોકોએ જમીન માલિકને પતાવી દેવાની ધમકી આપી

સુરત

સુરતના સિંગણપોર ગામ જમીન પચાવી પાડવાના ઈરાદે ચાર જણાંએ ઘાતક શસ્ત્રો સાથે ઘૂસી જઈ દિવાલ તોડી જમીન માલિકને જાનથી મારી નાંખવાની ધમકી આપવાનો બનાવ ચોકબજાર પોલીસ સ્ટેશને નોંધાયો હતો. પોલીસે આરોપીઓને ઝડપી પાડવા ચક્રોગતિમાન કરી દીધા છે.

ચોકબજાર પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ વેડરોડ નારાયણ મુનિદેવ સોસાયટીમાં રહેતાં લાલજી દયાળભાઈ પટેલે આરોપી સવજી હરજી રબારી, હરજી અરજણ રબારી, શૈલેષ જીણા ભરવાડ, હામા ખીમજી આંબલીયા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ ફરિયાદીની માલિકીની સિંગણપોર ગામ સર્વે નં.૧૦૯ પૈકી ૧ ફાઈનલ પ્લોટ નં.૭૬ વાળી જમીનમાં આરોપીઓ લાકડી, તલવારો સાથે ઘુસી જઈ દિવાલ તોડી પાડી ફરિયાદીને ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપી ધક્કો મારી બહાર કાઢી ગુનો કર્યો હતો. ચોકબજાર પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

બનાસકાંઠા જૈન સમાજના ઉપક્રમે ક્રિકેટ પ્રીમિયર લીગ મેચ યોજાઈ

સુરત

સાતગામ વીસા પોરવાડ (બનાસકાંઠા) જૈન સમાજ દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરાયું હતું. જેમાં જેમ વોરીયર્સ, ધામી ૧૧, એનએસ સ્ટ્રાઈકર્સ, એસકે લાયન્સ, એકે પાવર્સ તથા જોલી ફાઈટર્સ મળી કુલ છ ટીમે ભાગ લીધો હતો. સમાજના આશરે ૧૦૦ ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાંથી ઓક્શન દ્વારા છ ટીમના ખેલાડીઓ નક્કી કરવામાં આવ્યા હતા. ફાઈનલ જોલી ફાર્ટર્સ તથા એ.કે. પાવર્સ વચ્ચે રમાઈ હતી. જેમાં એકે પાર્સનો ૭૫ રનથી વિજય થયો હતો. મેન ઓફ ધ મેચ, મેન ઓફ ધી સિરીઝ ૠષભ ધામી, બેસ્ટ બેટ્સમેન ૠષભ ધામી તથા બેસ્ટ બોલર તેજ શાહ રહ્યા હતા. સમગ્ર દિવસ દરમિયાન મેદાન સમાજનાં સભ્યોથી હાઉસફુલ રહ્યું હતું. સમાજના પ્રમુખ ડૉ. વિનેશ શાહ, ઉપપ્રમુખ જીગર શાહ, ખજાનચી બિરેન લાખાણી, મંત્રી સંકેત શાહ, સહમંત્રી ચિરાગ શાહ, સહખજાનચી સચીન શાહ તથા સલાહકાર દિલીપ શાહ, અશેષ શાહ તથા નયન લાખાણી દ્વારા ટીમના મલિકને તેમના આર્થિક સહયોગ બદલ સન્માન કરાયું હતું. સમગ્ર કાર્યક્રમ એન.કે. ગ્રાઉન્ડ પર ડે નાઈટ યોજાયો હતો. જેમાં કમિટીના સભ્યો પીકિશ ધામી, શ્રેયાંશ શાહ, અમીત શાહ, સૌરીન શાહ, નિરવ લાખાણી, વિરલ શાહ, કિરન શાહ તથા ધવલ શાહે ખૂબ જ જહેમત ઉઠાવી હતી. સમગ્ર મેચ સમાજના સભ્યોએ ટીજેના તાલ હેઠળ સ્વાદિષ્ટ ભોજનનું આનંદ માણતા ઉઠાવી હતી. કમિટીના સભ્યોએ ટીમ માલિકો ઉપરાંત અન્ય એડવર્ટાઈઝ આપનારા આર્થિક સહયોગ બદલ આભાર માન્યો હતો.

મીઠીખાડીમાં ટેમ્પાએ ટક્કર મારતા બાઈક ચાલકનું મોત

સુરત

લીંબાયત મીઠીખાડી અલનુર હોટલ પાસેથી પસાર થઈ રહેલા એક અજાણ્યા ટેમ્પા ચાલકે પુરપાટ ઝડપે હાંકી બાઈક સવારને ટક્કર મારી મોત નીપજાવી ફરાર થઈ ગયો હોવાનો બનાવ લીંબાયત પોલીસ મથકમાં નોંધાતા પોલીસે ફેટલનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર લીંબાયત મીઠીખાડી રતનજીનગર પ્લોટ નં.૧૮૦માં સલીમખાન કુરેશી રહે છે. તેઓ છુટક મજૂરી કરે છે. ગત તા.૧લી જાન્યુઆરીના રોજ બપોરના સુમારે સલીમખાનના પિતા સુલતાનખાન પોતાની બાઈક લઈને લીંબાયત મીઠીખાડી અલનુર હોટલ પાસેથી પસાર થતા હતા. ત્યારે અજાણ્યા ટેમ્પા ચાલકે પૂરપાટ ઝડપે ટેમ્પો હંકારી બાઈક સવારને ટક્કર મારી પાંસળીઓના ભાગે ઈજાઓ પહોંચાડી હતી. સારવાર માટે તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેનું કરૂણ મોત નીપજતા પુત્રએ લીંબાયત પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ફેટલનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

એબેક્સ એન્ડ મેન્ટલ એરેથમેટીકની સૌથી અઘરી પરીક્ષા સુરતમાં યોજાઈ

સ્ટેટ લેવલની પરીક્ષામાં ૩૦૦ વિદ્યાર્થીઓએ માત્ર ૮ મિનિટમાં ૨૦૦ દાખલા ગણવાની મથામણ કરી

સુરત

ગત રવિવારના રોજ ગક્યુબેટીક એડ્જ્યુકેશન પ્રા. લિ. બેલ્ગોર સ્થિત એબેક્સ ટ્રેનિંગ પ્રોગ્રામ ચલાવતી સંસ્થા દ્વારા ગુજરાતની પ્રથમ સ્ટેટ લેવલ એબેક્સ એન્ડ મેન્ટલ એરેથમેટીક કોમ્પીટીશનનું આયોજન વનીયા વિશ્રામ સ્કુલ ઓડિટોરિયમ હોલ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર ગુજરાતના ૩૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં બાળકોએ ૮ મિનિટમાં ૨૦૦ દાખલાઓ સોલ્વ કરવાના હોય છે. એડ્જ્યુકેશનમાં થતી વિવિધ સ્પર્ધાઓમાં આ કોમ્પીટીશનને સૌથી મુશ્કેલ કોમ્પીટીશન ગણવામાં આવે છે. ૮ મીનીટ જેટલા ઓછા સમયમાં ૨૦૦ દાખલાઓ સોલ્વ કરવા માટે બાળકોમાં એકાગ્રતા, સ્પીડ, એક્યુરેસી, ટાઇમ, મેનેજમેન્ટ, મેમરી, રોકલિંગ જેવા દરેક પાસાઓની જરૂર પડે છે. જેના માટેની પ્રેક્ટિસ બાળકો છેલ્લા એક મહીનાથી કરી રહ્યાં હતા. સ્પર્ધામાં બાળકો અને વાલીઓએ ખુબજ ઉત્સાહથી ભાગ લીધો હતો. વિનર થયેલા વિદ્યાર્થીઓન સંસ્થા તરફથી ટ્રોફી આપવામાં આવી હતી. ટ્રોફી મેળવ્યા બાદ બાળકોના ચહેરા પર ખુશી જોઈ શકતી હતી.

ક્યુમેટ એ ૭થી ૧૪ વર્ષના બાળકોના મગજના સર્વાગી વિકાસ માટેનો એબેક્સ ટ્રેનિંગ પ્રોગ્રામ ચલાવતી બેંગ્લોર બેઇઝડ સંસ્થા છે. જેની ટ્રેનિંગ સેન્ટરો તથા સ્કુલોમાં કરાવવામાં આવે છે હાલ ગુજરાતમાં ૪૦ થી વધુ સેન્ટરો અને ૧૫ થી વધારે સ્કુલોમાં આ ટ્રેનિંગ બાળકો લઇ રહ્યાં છે.

કોમ્પીટીશનનું ઉદ્ઘાટન શ્રીમતી પ્રતિભાબેન દેસાઈ સુરત જ્યુવેનાઇલ જસ્ટીસ બોર્ડના મેમ્બર અને વિવિધ શાળાઓના ટ્રસ્ટીઓ, આચાર્યશ્રીઓ તેમજ શિક્ષકો દ્વારા કરવામાં આવ્યું હતું. ક્યુબેટીક ગુજરાતના હેડ શ્રી જગદીશભાઈ પટેલ અને શ્રી ભવિનભાઈ દેસાઈના માર્ગદર્શન હેઠળ એમની ટીમ દ્વારા સમગ્ર ગુજરાતના બાળકોને એક સ્પર્ધાત્મક માહોલ મળે અને બાળકોમાં રહેલ ટેલેન્ટ બહાર આવે એ માટેનું એક સુંદર આયોજન કરવામાં આવેલ હતું.

તા.૨૬'મીથી બેટી પઢાવો, બેટી બચાવો ઝુંબેશ યોજાશે

પ્રભાત ફેરી, ચિત્ર સ્પર્ધા જેવા કાર્યક્રમ યોજાશે

વલસાડ

ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારાસ્ત્રીજાતિ જન્મતદરમાં વધારો કરવા, દિકરીઓનું માધ્યોમિક શિક્ષણમાં પ્રમાણ વધારવા તેમજ દિકરીઓની સુરક્ષા માટે બેટી બચાવો બેટી પઢાઓ યોજના કાર્યરત છે. આ યોજના હેઠળ તારીખ-૨૬/૦૧/૨૦૨૦ સુધી સમગ્ર જિલ્લામાં દિકરીઓના જન્મય દર વધારવા તેમજ પ્રોત્સા હન આપવા માટે 'બેટી બચાવો બેટી પઢાઓ' અઠવાડિયાની ઉજવણી કરવામાં આવશે. જેમાં બેટી બચાવો બેટી પઢાઓ અંતર્ગત સહી ઝુંબેશ, પ્રતિજ્ઞા,ગૃહ મુલાકાત, પ્રભાતફેરી, રેલી, પોસ્ટાર-ચિત્ર- રંગોળી સ્પઓર્ધા, સેન્સેધટાલઝેશન કાર્યક્રમ, નાટક, સાંસ્કૃબતિક કાર્યક્રમ,વૃક્ષારોપણ, ગ્રામ સભા, આરોગ્યમ અને પોષણના કાર્યક્રમો પીએન્ડીડીટી એકટની જાણકારી તેમજ સન્માતન કાર્યક્રમો સાથે જનજાગૃતિ માટે વિવિધ પ્રવૃતિઓ અને કાર્યક્રમો યોજાશે એમ જિલ્લા કલેકટર દ્વારા જણાવાયું છે.

પાર્ક મોટરકારમાંથી મ્યુઝીક સિસ્ટમની ચોરી

સુરત

વરાછા જૂની ઝોન ઓફિસ પાસે પાર્ક કરેલી એક કારનો કાચ તોડી રૂા.૩૦ હજારની કિંમતની કાર ટેપની ચોરી અજાણ્યા ઈસમો ફરાર થઈ ગયા હતા. વરાછા પોલીસે ચોરીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. વરાછા મીનીબજાર સમજુબા કોમ્પ્લેક્ષમાં રીધમ કોટડીયા રહે છે. ૨૭ વર્ષના આ યુવકે પોતાની કાર વરાછા જુની ઝોન ઓફિસ ઝવેરચંદ મેઘાણી ગાર્ડન પાસે પાર્ક કરી હતી. ત્યારે અજાણ્યા ઈસમોએ તેમની કારનો કાચ તોડી રૂા.૩૦ હજારની કિંમતનું કાર ટેપની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. વરાછા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.



આમોદમાં વન વિભાગની કચેરી પાસે મળસ્કે યુવકની લોહી લુહાણ હાલતમાં લાશ મળતા ચકચાર

અકસ્માત મોત કે હત્યાઃ પોલીસનો તપાસ માટે ધમધમાટ : યુવક મળસ્કે ખાનગી કંપનીમાં નોકરી જવા માટે નીકળ્યો હતો



આમોદમાં વન વિભાગની કચેરી પાસે મળસ્કે એક યુવાનની લોહી લુહાણ હાલતમાં લાશ મળતા આમોદનગરમાં ચકચાર મચી જવા પામી હતી. આમોદ પોલીસે હાલ અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

આમોદ પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર આમોદ નગરના દરબારી મસ્જિદ પાસે રહેતો સઈદ રશીદ રાણા પોતાના ઘરેથી સવારે પઃ૩૦ કલાકે પાદરા તાલુકાના માસારોડ પાસે આવેલી એક ખાનગી કંપનીમાં નોકરી જવા માટે નીકળ્યો હતો. જે અરસામાં આમોદના વન વિભાગની કચેરી પાસે આરસીસી રોડ ઉપર સવારે સાડા પાંચથી સાડા છ વાગ્યા દરમિયાન તે લોહી લુહાણ હાલતમાં પડ્યો હતો. જેના માથાના ભાગે તેમજ કાનના ભાગે ઈજાના નિશાન જોવા મળ્યા હતા. જેને આમોદ રેફરલ હોસ્પિટલ ખાતે સારવાર માટે લાવતા હાજર તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. આમોદ પોલીસે હાલ અકસ્માત ગુનો નોંધી ઝીણવટભરી તપાસ હાથ ધરી છે જોકે મૃત યુવકને માથાના ભાગે તેમજ કાનના ભાગે ગંભીર ઈજાઓ જોતા તેનું પડી જવાથી મોત થયું છે કે પછી કોઈએ હત્યા કરી છે જેવી અનેક ચર્ચા આમોદ નગરમાં ચાલી રહી છે તે જોતા આમોદ પોલીસે એફએસએલની પણ મદદ લીધી છે અને બાજુની શાળાના સીસીટીવી ફૂટેજ પણ મેળવી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.તેમજ નાયબ પોલીસ અધિક્ષક પણ ઘટના સ્થળે દોડી આવ્યા હતા.જોકે મૃતક યુવકના મોતનું સાચું કારણ પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ જ જાણી શકાશે.જેની તપાસ આમોદના પોલીસ સબ ઈન્સપેક્ટર બી.જી.યાદવ ચલાવી રહ્યા છે.

ડેડીયાપાડા તાલુકાના રોહદા ગામના રહેણાંક મકાનમાંથી ૩૬ હજારનો વિદેશી દારૂ ઝડપાયો



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જીલ્લા ના ડેડીયાપાડા તાલુકાના રોહદા ગામના રહેણાંક મકાન માંથી ૩૬ હજારનો વિદેશી દારૂ પોલીસે રેડ દરમિયાન ઝડપી પાડ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર ડેડીયાપાડા તાલુકાના રોહદા ગામના ચંપકભાઈ રામજીભાઈ વસાવા પોતાના રહેણાંક ઘરમાં વિદેશી દારૂ રાખતા હોવાની બાતમીના આધારે ડેડીયાપાડા પોલીસે રેડ કરતા તેના મકાન માંથી કાચના કવાટરીયા નંગ-૨૮૮ કિ.રૂ.૨૮, ૮૦૦/-તથા ટીન બીયર નંગ-૭૨ કિ. રૂ.૭૫૦૦/- મળી કુલ કિ. રૂ.૩૬,૦૦૦/- નો દારૂનો મુદામાલ રાખ્યો હોય તે પોલીસે ઝડપી લીધો હતો પરંતુ પોલીસ રેઈડ દરમ્યાન આરોપી ચંપક વસાવા ઘરે હાજર ન હોય તેની શોધખોળ આદરી છે.

નર્મદા જિલ્લામાં માતા અને બાળ મરણનો આંકડો અન્ય જીલ્લાઓ કરતા વધતા ડીડીઓ લાલઘુમ

નર્મદા જિલ્લામાં માતા મરણ અને બાળ મરણનો રેશિયો રાજ્યના અન્ય જિલ્લાઓ કરતા વધુ આવ્યો હોવાનું ખુદ નર્મદા જિલ્લા આરોગ્ય અધિકારીએ લેખિત પરિપત્ર દ્વારા જણાવ્યું, જેમાં ચાલુ વર્ષે માતા મરણ ૧૦ અને બાળ મરણ ૩૫૦ થયા હોવાનું કબલ્યુ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

ગુજરાત સરકાર રાજ્યના નાગરિકોની સુવિધા પાછળ વર્ષે કરોડો રૂપિયા ખર્ચે છે, એ રૂપિયા જે તે જિલ્લામાં આવે પણ છે પરંતુ જિલ્લા ના અધિકારીઓ જોઈએ એવું અસરકારક પરિણામ સરકારને આપી નથી શકતા.આના ઘણા બધા કારણો હોઈ શકે,એક કારણ એ કે સરકારી અધિકારીઓ પર જરૂરિયાત કરતા કામનું ભારણ હોવું અથવા અધિકારીઓ સરકારી યોજનાનો અમલ થયો હોવાનું ફક્ત કાગળ પર બતાવી યોજનાના નાણાં ચાંઉ કરી જતા હોય એવા સંજોગોમાં અસરકારક પરિણામ મળી શકે નહી.

નર્મદા જિલ્લામાં માતા મરણ અને બાળ મરણનો રેસિયો રાજ્યના અન્ય જિલ્લાઓ કરતા વધુ આવ્યો હોવાનું ખુદ નર્મદા જિલ્લા આરોગ્ય અધિકારીએ લેખિત પરિપત્ર કરી કબુલ્યું છે.હવે નર્મદા જિલ્લામાં માતા મરણ અને બાળ મરણ પર કાબુ મેળવવા સરકારે કરોડો રૂપિયા ખર્ચ કર્યા છે.

નર્મદા જિલ્લાને એસ્પીરેશનલ ડિસ્ટ્રીકટ જાહેર કરાયો છે, જેને લીધે આ જિલ્લામાં ફરજ બજાવતા તબીબોને અન્ય જિલ્લાના તબીબો કરતા મહેનતાણું પણ સરકાર વધુ આપે છે સાથે સાથે જિલ્લામાં પેહલા આરોગ્ય સ્ટાફ પણ ઓછો હતો જ્યારે અત્યારે એ પણ પૂરતો છે. તો કયા કારણોસર માતા મરણ અને બાળ મરણ પર તબીબી અધિકારીઓ કાબુ ન મેળવી શક્યા એ ચિંતાનો વિષય બન્યો છે.હાલ તો નર્મદા જિલ્લા એક આરોગ્ય અધિકારી ના તુમાખી ભર્યા વલણને લીધે જિલ્લાનો આરોગ્ય સ્ટાફ અને તબીબો કંટાળી ગયા હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે. બીજી બાજુ નર્મદા જિલ્લાના એક પણ અધિકારીઓ માતા મરણ અને બાળ મરણ અન્ય જિલ્લા કરતા વધુ હોવાનું કબુલ્યું ન હતું.જોકે નર્મદા જિલ્લા આરોગ્ય અધિકારી ડો.કે.પી.પટેલે જણાવ્યું હતું કે ચાલુ વર્ષે માતા મરણ ૧૦ અને બાળ મરણ ૩૫૦ થયા છે.

નર્મદા જિલ્લા વિકાસ અધિકારીએ જિલ્લા પંચાયત ખાતે જિલ્લાના આરોગ્ય અધિકારીઓ-કર્મચારીઓ સાથે એક બેઠક કરી હતી. એ બેઠકમાં નર્મદા જિલ્લામાં માતામરણ અને બાળમરણ રાજ્યના અન્ય જિલ્લાઓ કરતા વધુ હોવા મામલે જિલ્લા વિકાસ અધિકારી લાલઘૂમ થયા હતા દરમિયાન એમણે તબીબી અધિકારીઓનો ઉધડો લીધો હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે. નર્મદા જિલ્લાના આરોગ્ય અધિકારી ડો. કે.પી.પટેલે એક પરિપત્ર પણ જાહેર કર્યો છે.એમાં જણાવ્યું છે કે નર્મદા જિલ્લામાં રાજ્યના અન્ય જિલ્લાઓ કરતા માતા મરણ અને બાળ મરણનું પ્રમાણ ઘણું વધારે છે, જિલ્લા વિકાસ અધિકારીએ આ બાબત ઘણી ગંભીરતાથી લીધી છે.

નર્મદા જિલ્લાના આરોગ્ય અધિકારીઓ, કર્મચારીઓ તથા કરાર આધારિત આરોગ્ય કર્મીઓ સુરત, ભરૂચ, અંકલેશ્વર અને વડોદરાથી અપ ડાઉન કરતા હોવાથી તેઓ સમયસર ફરજ પર હાજર થતા નથી તથા પૂરતો સમય ફરજ બજાવતા નથી.જેથી નર્મદા જિલ્લાની આરોગ્યલક્ષી કામગીરી પર ગંભીર અસર પડી છે. ૨૬/૧/૨૦૨૦ સુધી નર્મદા જિલ્લાના આરોગ્ય અધિકારીઓ અને કર્મચારીઓએ હેડ ક્વાર્ટર પર રહેવાની સગવડ કરવી પડશે અને જો હેડક્વાર્ટર પર સગવડ ન હોય તો નજીકના વિસ્તારમાં ભાડે રહેવાની પણ સગવડ કરવી પડશે.એ બાદ જિલ્લા કક્ષાએથી આકસ્મિક ચેકીંગ હાથ ધરાશે, એ દરમિયાન જો સક્ષમ અધિકારીની પૂર્વ મંજૂરી અથવા યોગ્ય કારણ વિના કોઈ અધિકારી અથવા કર્મચારી હેડક્વાર્ટર પર ગેરહાજર જણાશે તો એમની પર શિક્ષાત્મક પગલાં ભરાશે.



આરોગ્ય અધિકારીઓને હેડક્વાર્ટર પર રહેવાની સૂચના અપાઈ છે : જીન્સી વિલીયમ્સ, નર્મદા જિલ્લા વિકાસ અધિકારી

નર્મદા જિલ્લા વિકાસ અધિકારી જીન્સી વિલીયમ્સ જણાવ્યું કે માતા મરણ-બાળ મરણના રેસિયા બાબતે કહી ન શકું પણ ગત વર્ષ કરતા ઘટ્યો છે.એસ્પીરેશનલ જિલ્લો છે, અમુક વિસ્તારમાં પ્રોબ્લેમ તો છે જ.અપ ડાઉન કરતા જિલ્લાના આરોગ્ય અધિકારીઓ અને કર્મચારીઓને હેડક્વાર્ટર પર રહેવાની સૂચના ટેકો મિટિંગમાં અપાઈ છે.

અંતરિયાળ વિસ્તારમાં એવું રહેવાનું જ :ડો. કે.પી.પટેલ, નર્મદા જિલ્લા આરોગ્ય અધિકારી

નર્મદા જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું હતું કે માતા મરણ-બાળ મરણનો રેસિયો વધારે નથી. ટ્રાયબલ અંતરિયાળ વિસ્તાર હોય એટલે એવું થોડું તો રહેવાનું જ.૩-૪ વર્ષમાં એ રેસિયો ઘટ્યો છે.

નર્મદા જિલ્લામાં માતા મરણ-બાળ મરણ અટકાવવા સરકારે કરોડો રૂપિયા ખર્ચ્યા

ગુજરાત સરકારે નર્મદા જિલ્લામાં માતા મરણ-બાળ મરણ અટકાવવા જનની સુરક્ષા યોજના માટે ૨,૯૫૧, ૯૦૦ રૂપિયા, બાલ સખા યોજના માટે ૯૭,૪૦૦૦ રૂપિયા, જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ હેઠળ ૩૧૬૬૯૯૬ રૂપિયા, ચિરંજીવી યોજના હેઠળ ૨૫૪૬૦૦ રૂપિયા તથા કસ્તુરબા પોષણ સહાય યોજના હેઠળ ૧૪૧૪૪૦૦૦ રૂપિયાનો ખર્ચ કર્યો છે.

રઘુવીર સિલિયમમાં ટેક્સટાઈલ માર્કેટમાં લાગેલી આગ ૨૦ કલાક બાદ કાબુમાં આવી



ફાયરની ૭૦થી વધુ ગાડીઓ અને ૫૦૦ કર્મચારીઓએ ભારે જહેમત બાદ આગ પર નિયંત્રણ મેળવ્યું

સુરત

સુરતના કુંભારિયા ચાર રસ્તા પાસે રઘુવીર સિલિયમ માર્કેટમાં મંગળવારે મળસ્કે ૩ વાગ્યાની આસપાસ આગ લાગી હતી. ફાયર બ્રિગેડને કોલ કરાતાં ફાયર બિગ્રેડની ૭૦ થી વધુ ગાડીઓ સાથે ૫૦૦ થી વધુ કર્મચારીઓ ઘટના સ્થળે દોડી ગયા હતાં. બે કરોડ લીટર પાણી વપરાયા બાદ પાલિકા કમિશનર બંછાનિધી પાનીના જણાવ્યા પ્રમાણે રાત્રે સાડા બાર વાગ્યે આગ પર કાબૂ મેળવાયો હતો. કુંભારિયા ચાર રસ્તા પાસે રઘુવીર સિલિયમ માર્કેટમાં મંગળવારે મળસ્કે ૩ વાગ્યાની આસપાસ લાગેલી આગ ૨૯ કલાકે પણ રહી રહીને આગ લાગી રહી છે. ફાયર વિભાગ દ્વારા કુલિંગની કામગીરી ચાલી રહી છે.ઈમારતની અંદરનું તાપમાન વધુ હોવાના કારણે ફાયરના જવાનોને ઈમારતમાં પ્રવેશી આગ પર કાબૂ મેળવવામાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આજે સવારે રઘુવીર માર્કેટ ખાતે પહોંચેલા પાલિકા કમિશનર બંછાનિધી પાનીએ જણાવ્યું હતું કે ગઈ કાલે રાત્રે આગ પર સાડા બાર વાગ્યે કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો. જોકે, સિન્થેટીક કાપડના કારણે રહી રહીને આગ લાગી રહી છે. હાલ ફાયરના જવાનો સ્ટેન્ડ બાય છે અને કુલિંગની કામગીરી કરી રહ્યા છે. આજે એક બેઠક પણ બોલાવવામાં આવી છે. જેમાં માર્કેટના એલિવેશન અને ફાયર સેફ્ટીને લઈને ચર્ચા કરવામાં આવશે. ફાયરના જવાનોએ જણાવ્યું હતું કે, આગના કારણે ઈમારતના સ્ટ્રક્ચરને નુકસાન થયું છે અને આ આગના કારણે ઈમારતનું તાપમાન પણ વધી ગયું છે. હાલ પણ આગના લપકારાના કારણે ફાયરના જવાનો ઈમારતની અંદર પ્રવેશી જીવના જોખમે કુલિંગની કામગીરી કરી રહ્યા છે. આ કામગીરી અંદાજે હજુ સાંજ સુધી ચાલશે. ૭૫૦ ડિગ્રી તાપમાન હોય તો એલ્યુમિનિયમ પિગળવા લાગે છે. આ બિલ્ડિંગના એલિવેશનમાં મોટાભાગે એલ્યુમિનિયમ હોવાથી કલાકોની ગરમી બાદ એલ્યુમિનિયમ ટપકવા લાગ્યું હતું. જોકે, ૬૫૦ ડિગ્રી તાપમાન વચ્ચે ફાયરની દિલધડક કામગીરી ચાલી રહી છે. અને આગથી વેપારીઓને કરોડો રૂપિયાનું નુકશાન થયું છે. એક અંદાજ પ્રમાણે ૩૦૦ કરોડનો માલ ખાક થઈ ગયો હોવાનું અનુમાન છે. બિલ્ડિંગની પ્રથમ વીંગ ભસ્મીભૂત થઈ છે, ત્યારે પાલિકાએ બિલ્ડીંગની બીયુસી રદ કરી છે, તેમજ આગ પર કાબુ મેળવવા બાદ બિલ્ડિંગને સીલ કરવાની કામગીરી માટે સુચના આપવામાં આવી છે.

દારૂની લતે ચઢેલા પુત્રને માતા એ ઠપકો આપતા ઝેરી દવા પી આપઘાત કર્યો

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકા ના લાછરસ ગામના દારૂના રવાડે ચઢેલા પુત્રને માતા એ ઠપકો આપતા તેણે ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો.

લાછરસ ગામના હનુમાન ફળીયા,નવી નગરી ખાતે રહેતા સંજયભાઈ મંગાભાઈ તડવી (ઉવ ૩૫)પોતાના ઘરે કાયમ દારૂ પીને આવતો હોય તેથી તેની માતા એ જણાવ્યું કે તુ કાયમ કેમ દારુ પીએ છે તારા નાના છોકરા છે તેની સામે તો જો, દારૂ પીવાનુ બંધ કર તેમ કહેતા સંજયને મનમાં લાગી આવતા જાતે ઝેરી દવા પી જતા સારવાર માટે રાજપીપળા સીવીલ હોસ્પિટલ લઈ જતા ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હોય આ બાબતે પોલીસે પોલીસે અ.મોત દાખલ કરી તપાસ હાથ ધરી છે.

કોસાડમાં કારમાંથી રૂા.૧.૧૬ લાખના દારૂના પાઉચ પકડાયા

સુરત

ભારતીય બનાવટના વિદેશી દારૂના રૂપિયા ૧,૧૬,૪૦૦ની કિંમતના ૯૭ પાઉચ સાથે કાર અમરોલી પોલીસે જપ્ત કરી એકની ધરપકડ કરી હતી. કોસાડ રોડ શ્રીનાથ સોસાયટીના નાકા પાસેથી કાર નં.જીજે-૧૫-સીએ-૫૬૨૬ જપ્ત કરી હતી. આ કારમાંથી ૧૫૦૦ મિલીના ૯૭ દારૂના પાઉચ મળી આવ્યા હતા. અમરોલી પોલીસે રૂપિયા ૧,૧૬,૪૦૦ની કિંમતનો દારૂ અને કાર મળી કુલ રૂપિયા ૪,૧૬,૪૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. અમરોલી પોલીસે આરોપી ધવલ જયંતી પટેલ રહે. શ્રીનાથજી સોસાયટી, કોસાડ, રોડનાની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

આગના કારણે રઘુવીર માર્કેટના સ્ટ્રક્ચરને પણ ભારે નુકશાન

આલીશાન દેખાતી માર્કેટની હાલત ખંડેર જેવી થઈ ગઈ

સુરત

કુંભારીયા ચાર રસ્તા પાસે આવેલી રઘુવીર સિલિયમ માર્કેટમાં ગત રોજ સવારે ૩ વાગ્યાની આસપાસ લાગેલી આગને એક દિવસથી વધુ થઈ જવા છતા રહી રહીને આગ લાગી રહી છે. આ આગના કારણે રઘુવીર માર્કેટની ઈમારતના સ્ટ્રક્ચરને ભારે નુકસાન થયું છે. આગના પગલે ઈમારતનો કાટમાળ નીચે પડી રહ્યો છે. જેથી ઈમારત અને આસપાસની જગ્યામાં જ્યાં જૂઓ ત્યાં કાળમાળ નજરે પડી રહ્યો છે.

કુંભારીયા ચાર રસ્તા પાસે આવેલી રઘુવીર સિલિયમ માર્કેટમાં ગત રોજ સવારે ૩ વાગ્યે આગ ફાટી નીકળી હતી. આગને જોતજોતામાં વિકરાળરૂપ ધારણ કરી લીધું હતું. જેમાં આખી માર્કેટ આગની ઝપેટમાં આવી ગઈ હતી. આગના પગલે ૧૪ માળની માર્કેટના ૧૧ માળ તો સંપૂર્ણ બળીને ખાખ થઈ ગયા છે. જ્યારે હાલ પણ ફાયર વિભાગ દ્વારા કુલિંગની કામગીરી ચાલી રહી છે. જોકે, રહી રહીને પણ કાપડના જથ્થાના કારણે આગ લાગી રહી છે.

આગના કારણે માર્કેટની દુકાનોના બારીઓના કાચ તૂટી પડ્યા હતા. જ્યારે લોખંડની જાળીઓ, એલિવેશનના પતરાં તૂટીને નીચે પડી રહ્યા છે. જ્યારે આગના કારણે ઈમારતના સ્ટ્રક્ટરને પણ ભારે નુકસાન થયું છે અને દિવાલોમાંથી સિમેન્ટ પડીને સળીઓ બહાર આવી ગયેલા નજરે પડી રહ્યા છે. જેના કારણે ફાયરના જવાનોને પણ કુલિંગ અને આગને કાબૂમાં લેવાની કામગીરી ભારે જહેમત ઉઠાવવી પડી રહી છે.



પ્રાર્થનાસભા

મુકુલ રાજેન્દ્રભાઈ ઠાકોર

અવતરણ : ૨૩-૦૩-૧૯૪૦
વિદાય : ૨૧-૦૧-૨૦૨૦

સખેદ્ જણાવવાનું કે અમારા કુટુંબના મોભી **શ્રી મુકુલ રાજેન્દ્રભાઈ ઠાકોર (એડવોકેટ)** નું તા.૨૧-૦૧-૨૦૨૦ને મંગળવારના રોજ દુઃખદ અવસાન થયું છે. પ્રભુને ગમ્યું તે ખરૂ.

:: સદ્ગતની પ્રાર્થનાસભા ::
તા.૨૩/૦૧/૨૦૨૦ને ગુરૂવારના રોજ બપોરે ૩.૩૦ થી ૬.૩૦ ના સમયગાળા દરમ્યાન નીચે જણાવેલ સ્થળે રાખેલ છે.

સ્થળ : પી. ડી. શ્રોફ રોટરી હોલ, એમ.આઈ. પટેલ રોટરી યુથ સેન્ટર, એસ. ટી. ડેપોની સામે, સ્ટેશન રોડ, ભરૂચ (મો. ૯૮૨૪૧ ૮૩૯૯૪ / ૯૪૨૯૫ ૯૭૫૫૩)

જંગ-એ-ગુજરાત પરિવાર હૃદયાંજલિ પાઠવે છે.